અરઆલાદ (આ. આલાત=ઘરનાં ઓજાર, રાચ રચીલું.) સરસામાન, માલ મિલ્કત, રાચ રચીલું. જેમ—તેના ઘરમાં કશી અર આલાદ જોવામાં આવે તે જપ્ત કરવી. (ઓર=વધારે, તેનો અપભ્રંશ અર.)

અરજ—અરજી (આ.) વિનતિ, રીપોર્ટ. અરજદાર=વિનતિ કરનાર, ફરિયાદી.

અરસા (આ.) વખત, મુદ્દત. જેમ—જે વખતે અમારા વડવાઓ દમણમાં રહેતા, તે અરસામાં આ લેણદેણ ચાલ્યું હતું.

અર્કાની દોલત (આ. અર્કાન=થાંભલા+ઇ=ના+દઉલત=રાજ્ય.) રાજ્યના મંત્રીઓ; રાજ્યના ટેકા. મોટા રાજ્ય પુરૂષોને આ વિશેષણ લગાડવામાં આવે છે.

અર્ચનીય (સં.) પૂજવા લાયક. કાગળ લખવામાં લોકો આ વિશેષણ પોતાના મુરબ્બી પ્રત્યે વાપરે છે.

અલાખો (આ. ઇલાકહ=સંબંધ, જોડાણ.) હક, દાવો, સંબંધ.

અલબત્ત (આ.) ખરેખર, બેશક.

અવલ પેદાશ (આ. ફા.) કોઇ પણ પ્રસંગને માટે લેવાયલા અસાધારણ કરથી આવેલી ઉપજ.

અવલ મંજલ (આ. અવ્વલ+મંઝિલ=એક દિવસની મુસાફરી; મુસાફરીનાં ટપ્પા.) પ્રેત સંસ્કારની ક્રિયા, દફનાવવાની

ક્રિયા, દેવલોક પામવું તે, મરણ– વસિયતનામામાં આ શબ્દ વપરાય છે. જેમ–તે મને અવલ મંજલ પહોંચાડશે.

અવસર (સં.) સારૂં કે માઠું ટાણું–વખત; શાદી ગમીનો વખત; રાજાના કુટુંબમાં શાદી અથવા ગમી વખતે જે કર લેવામાં આવે છે તે.

અવ્વલ (આ.) પહેલું, આરંભનું, મુદ્દાનું. જેમ અવલ કારકૂન=પહેલો કારકૂન.

અવિભક્ત (સં.) ભાગ પાડેલા નહિ એવી, આખે આખી.

અવેજ (આ. ઇવઝ.) બદલો, નાણું, મિલ્કત. અવેજી= બદલામાં રાખેલો.

અશરફી (આ.) સોનાનો એક સિક્કો જેની કિંમત અ-શરે રૂા. ૯ થાય છે. અશ્રફ નામના બાદશાહે પ્રથમ એ સિક્કો પાડયો માટે અશરફી. તેનું વજન ૧૦ માશા હોય છે.

અસબાબ (આ.) સરસામાન; કારણો.

અસમત (આ. ઇસ્મત) શીળ, પવિત્રતા. જેમ, અસમત પનાહ.

અસલ (આ.) જડ, મૂળ, ઉંચા પ્રકારનું.

અસીલ (આ.) વકીલ જેના તરફથી જવાબ દેવા આવ્યો હોય તે, વાદી કે પ્રતિવાદી; જે માણસ પોતાનો દાવો લડવા વકીલ રાખે તે માણસ તે વકીલનો અસીલ કહેવાય; નરમ, ગરીબ, મોટા ખાનદાનનો, ખરો, જાતવાળો.

અસ્વાર (ફા.) ઘોડેસવારનું બહુ વચન; સવારી કરનાર.

અંકે (સં.) આંકડામાં. જેમ. રૂપિયા ૫ અંકે પાંચ—રૂપિયા ૫ આંકડામાં અને અક્ષરે પાંચ.

અંગ ઉધારે (સં.) અંગ-શરીર થાળમાં; કોઇ પણ મિલ્કત ઉપર જ્યારે નાણું ધીરવામાં ન આવ્યાં હોય, ત્યારે અંગ ઉધાર ધીરધાર કહેવાય.

અંગભૂત (સં.) ભાગ, અવયવ.

અંગાઉ (સં.) અંગ ઉપર, માલ મિલ્કત થાળમાં લીધા વગર.

અંગાઉ ખત (સં+આ.) મિલ્કત થાળમાં લીધા વગર નાણું ધીરી લખાવી લીધેલો દસ્તાવેજ.

અંગારીઓ (સં.) જારના છોડને થતો એક જાતનો રોગ.

અંગીકાર (સં.) સ્વીકાર, કબુલાત.

અંગોર (સં.) તળાવનો સૂકાયલો ભાગ-જમીન.

આઇ. સી. એસ. (ઇં.) ઇન્ડિન સિવિલ સર્વિસ; હિંદની મુલ્કી નોકરીની પરીક્ષામાં પાસ થયેલો અમલદાર. આ પરીક્ષા વિલાયતમાં થાય છે, અને જેમને પસંદ કરવામાં આવે છે, તેમને હિંદ ખાતે ગમે તે ઇલાકામાં નીમવામાં આવે છે. તેમને મુલ્કી ખાતામાં મોટામાં મોટો હોદ્દો મળી શકે છે.

આકાર (સં.) જમીન ઉપર ઠરાવેલો વેરો.

આકટ (ઇં.) કાયદો.

આંકણું (સં.) ખળાવાડમાં ભૂસા સહિતના ત્રમેલા દાણા.

આખર (આ.) છેડો; ચોમાસાની ઋતુ જેમાં વહાણો ચાલતાં બંધ થાય છે તે.

આગતર (સં.) ચોમાસાથી થયેલો પાક.

આગા (ફા.) શેઠ, સાવધ, જાણીતો; વડીલ, આગેવાન. જેમ-આગા સાહેબ; ઈરાનના લોકોને ઘણી વાર આગા કહીને બોલાવવામાં આવે છે.

આગેવાની (ફા.) પહેલ કરવી તે; આગલ જવું તે.

આગોબારી (ફા.) સમૂળગું, સામટું; પાછળ બીજાનો કશો પણ હક રાખ્યા વગર હમેશને માટે પોતાની કરેલી.

આંગડી (સં) અંગરખી, ઝભલું; પાટવી કુમારને માટે જન્મ વખતે લેવાતો કર.

આંગત (સં.) જેમાં બીજા કોઇનો ભાગ નથી એવી ખાસ પોતાની.

આંગલો વર્નાકયુલર. (ઇ. આંગલો=અંગ્રેજી. વર્નાકયુલર =સ્વદેશી ભાષા) અંગ્રેજી તથા દેશી ભાષા. જેમ, એંગ્લો વર્નાકયુલર સ્કૂલ=જે સ્કૂલમાં અંગ્રેજી તથા દેશી ભાષા બંને શિખવવામાં આવતી હોય તે.

આજમ (આ.) ઘણો મોટો; સરકારી નોકરો તથા માનવંતા પુરૂષોને આ વિશેષણ લગાડવામાં આવે છે. જેમ, આજમ દુર્ગારામ મંછારામ; આજમ તાલુકા સ્કૂલ માસ્તર.

આજ્ઞાંકિત (સં.) હુકમ પાળનારો. જેમ-તમારો આજ્ઞાંકિત સેવક.

આર્ટિકલ (ઈં.) કલમ, લખાણનું પેટું.

આંટ (હિંદી) શાખ.

આડ-આઢ (હિંદી) ૨ લોઢવા તથા ઘોકડાં બાંધવાની

જગા–વાડો– વંડો.

આડ જામીન (દેશ્ય+આ.) કોઇની પાસેથી અમુક બાબત પળાવવા લખાવનાર ધણીને જે બાંહેધરી આપવામાં આવે છે તે. જેમ अએ बને કહ્યું કે कને અમુક કલમો પળાવીશ, તો अ, कનો આડ જામીન છે.

આડત (આ. આરિય્યત=ઊછીતું લીધેલું, માગીને લીધેલું.) કોઇની વતી પરદેશમાં માલ લેવા તથા વેચવાનું કામ કરવું તે.

આડતીઓ (આ.) આડતનું કામ કરનાર.

આડે આંક (સં. આદિ+અંગ) લખી લેનાર પહેલો માણસ.

આડ ઘરેણું (દેશ્ય+સં.) ઘરેણું રાખનાર ધણી વળી તે જ મિલ્કત બીજાને ત્યાં ગીરવી મૂકે તે. (ઘરેણું (સં.) ગ્રહણં.)

આતાળ પાતાળ (સં.) જમીનની નીચે તથા ઉપર આકાશમાં. જમીન તથા મકાનના દસ્તાવેજ લખવામાં આ શબ્દ વપરાય છે.

આત્મઘાત (સં.) પોતે પોતાનો જીવ લેવો તે.

આથ (આ. આલાત=ઓજાર, હથિયાર) ખેતીનાં ઓજાર; વસવાયાંને ખળાં ભરતી વખતે આપવાનો કર; (વસવાયાં ખેડુતને ખેતીનાં ઓજાર બનાવી આપે અને તે બદલ ખેડુત તેને આવી રીતે અનાજ આપે છે.)

આદાબ બંદગી (આ. આદાબ=માન, એટીકેટ, સભ્યતા+ ફા. બંદગી=ગુલામી) ગુલામી કબુલ કરવી તે; મુસલમાનોમાં

પ્રણામ લખવાની એક રીત છે. અદબ=વિવેક, તેનું બહુવચન આદાબ.

આદિલ (અ.) ન્યાયી.

આદે અંગ (સં.) લખાવી લેનાર પહેલો માણસ.

આધોડું (સં) મૂએલા જાનવરનું અડધું ચામડું.

આફત (અ.) દુઃખ, આપત્તિ.

આફતાબગીર (ફા.) છત્રી.

આફિયત (અ.) કુશળતા, તંદુરસ્તી, કલ્યાણ. જેમ–મુસલમાનો એક બીજાને ખેર આફિયત પૂછે છે.

આબકારી (ફા.) અફીણ, ગાંજો, દારૂ, તાડી વગેરે માદક પદાર્થો પરનો કર; દારૂ ગાળવાનું કામ.

આબાદ (ફા.) વસેલું, સુખ.

આબાદી (ફા.) વસ્તી.

આબાદી વેરો (ફા.) ગામની સ્થિતિ પ્રમાણે ગરાશીઆ તરફથી અપાતો ઊચક વેરો.

આમ (અ.) વધારે સાધારણ, વિસ્તીર્ણ, પ્રખ્યાત. જેમ, આમની સભા=સામાન્ય લોકોની સભા. આમ લોક=સામાન્ય લોક.

આમદાની (ફા.) આવક; દેશમાંના આયાત માલ ઉપરની જકાત.

આમિલ (અ.) કરનાર; વસૂલાતી અધિકારી. સિંધમાં

મહેતા મુત્સદીઓને આમિલ કહે છે.

આયાત (ફા.) દેશમાં થયેલી માલની આવક.

આર. એ. (ઈ.) રોયલ આર્ટિલરી; બાદશાહી તોપખાનું.

આરોપ (સં.) તોહોમત, દોષ.

આર્સીનલ (ઈ.) લશકરી સરસામાન અને હથિયારનું ખાતું.

આલ (આ.) વંશ, કુટુંબ, જાત. જેમ, આલ વ ઔલાદ.

આલએલ (ઇં. ઓલ વેલ=બધું ઠીકઠાક છે.) બધું બરાબર છે, એમ પોલિસ પોતાના ઉપરી અમલદારને જાહેર કરે છે તે.

આલમ (આ.) દુનિયા, જગતના લોકો. જેમ—રોનકે આલમ.

આલાદ (આ.) આલાત=હથિયાર, ઓજાર) મિલ્કત, સામાન.

આલી (આ.) મોટો, ઊંચો, શ્રેષ્ઠ. જેમ—જનાબે આલી= Excellency

આલી જનાબ (આ.) His Majesty.

આલીજાહ (આ. ફા.) ઊંચી જગા, હિતકર આશ્રય સ્થાન; મોટા દરજ્જાવાળો, ભારે ભભકાવાળો. જેમ—આલીજાહ નામદાર ગવર્નર ઇન કાઉન્સિલના હુકમથી.

આલી શાન (આ.) મોટા દરજ્જાવાળો, ઉત્તમ પ્રતિષ્ઠાવાળો.

આવક બુક (સં.+ઈ.) આવેલા કાગળોની જેમાં નકલ રાખી લેવામાં આવે છે તે ચોપડો; તેથી ઉલટી તે જાવક બુક.

આવત (સં.) જમીનની ઊપજ ઊપરનો વસવાયાંનો કર.

આવરો (ફા.) જમા ઉધાર ખર્ચ રાખવાનો ચોપડો; અઠવાડિયા કે તેથી વધારે દિવસનો સામટો મેળ. (ફા. આવર્દાહ્=આવેલું; તેનું ટુંકું રૂપ તે આવરો.)

આશિષ (સં.) સારૂં ઇચ્છવું, આશીર્વાદ.

આશીર્વાદ (સં.) ભલું કહેવું, દુવા, કલ્યાણ ઇચ્છવું.

આસમાની સુલતાની (ફા. આ.) ઇશ્વર કે કોઇ વિદેશી વિજેતા તરફથી અણધાર્યું આવી પડેલું દુઃખ–આફત.

આસાન કેદ (ફા. આસાન=સહેલું+આ. કેદ) સખ્ત કામ ન કરવું પડે એવી કેદ–ટીપ, હલકી સજા.

આસામી (આ.) માણુસ, ગૃહસ્થ, મોટો પૈસાદાર.

આસામીવાર (આ. ફા.) જણુ દીઠ, માણુસ દીઠ.

આસાર (આ. અસર નું બહુ વચન.) છાપ, નિશાની. જેમ–ઇજ્જતે આસાર=ઇજ્જતની નિશાનીવાળો, આબરૂદાર.

આસિસ્ટંટ (ઇં.) મદદગાર. જેમ–આસિસ્ટંટ સર્જન, આસિસ્ટંટ માસ્તર.

આસેસર (ઇં.) જડ્જ સાથેના પંચમાંનો કોઇ માણુસ, ન્યાયાધીશને મદદ આપનાર.

ઇકબાલ (આ.) નસીબ, સુખચેન, સુભાગ્ય. જેમ–દામે-ઇકબાલહૂ=તમારી આબાદી કાયમ રહો.

ઇકરામ (આ.) માન. જેમ–બાદશાહે તેમને માન ઇકરામ આપ્યાં. (કરમ=મહેરબાની તેનું બહુવચન તે ઇકરામ.)

ઇકરાર (આ.) કબૂલાત, બોલી, કરાર. જેમ–ઇકરાર નામા =કબૂલત આપ્યાનો લેખ.

ઈકિલઝીએસ્ટિક (ઇં.) ધર્મ સંબંધી, દેવળને લગતું; પાદરી સાહેબ.

ઇકલીમ (આ.) દેશ.

ઇખલાસ (આ.) સલાહ સંપ, ચોખ્ખું દિલ, મિત્રતા, પ્યાર.

ઇખ્તિસાર (આ.) ટુંકાણ, સંક્ષેપ.

ઇજનેર (ઇં.) શિલ્પ શાસ્ત્રી, એન્જીનીઅર.

ઈજલાસ (આ.) બેઠક. જેમ–દર ઇજલાસે કાઉન્સિલ= કાઉન્સિલની બેઠકમાં. જલસા=મંડળી, તેનું બહુવચન ઈજલાસ.

ઇજારદાર (આ. ફા.) કંટ્રાકટર; બાર માસની મુદ્દત માટે સરકારમાં અમુક અમુક રકમ ભરી અમુક પ્રકારની ઊપજ ઊઘરાવનાર. (આ. અજર=નુકશાન ભરી દેવું, તે ઉપરથી બદલો.)

ઇજારો (આ.) કંટ્રાકટ; કીમત, જમીનનું ભાડું.

ઇજજત (આ.) આબરૂ.

ઇજજતે આસાર (આ.) ઇજ્જત=આબરૂ+આસાર=નિશાનીઓ, અસરનું બહુવચન) ઇજ્જતની નિશાનીવાળો, આબરૂદાર; આ વિશેષણ મહેતાજી ઇત્યાદિ સાધારણ સરકારી નોકરને લગાડવામાં આવે છે.

ઇજ્જતે ઈખલાસ (આ.) પવિત્ર હૃદયની આબરૂવાળા; પવિત્ર મનવાળા.

ઇઝાફા. (આ.) વધારો; પગારમાં વધારો.

ઇતબાર (આ.) ભરોસો.

ઇતમામ (આ.) સંપૂર્ણ.

ઈત્તિફાક (આ.) અણધાર્યો બનાવ; સલાહ સંપ.

ઇનાયત (આ.) મહેરબાની, ભેટ, અર્પણ કરવું તે. જેમ—નવાબ સાહેબે મને એક વાડી ઇનાયત કરી છે.

ઇન્કાર (ફા.) નકાર, નામુકર જવું તે.

ઇન્ડિયા (ઇં.) હિંદુસ્થાન; સાધારણ રીતે ઇસ્ટ ઇન્ડિયા=હિંદુસ્તાન.

ઇન્ચાર્જ (ઇં.) હવાલામાં; હોદ્દા ઉપર જેની કાયમ નીમણુક નથી, પણ થોડી મુદ્દતને માટે જેનો ચાર્જ છે તે; જેમ—નમુનાઆં હમણાં ઇન્ચાર્જ જેલ સુપરિ. છે. ડેપ્યુટી આસિ. પોલિ. એજન્ટ, ઇન્ચાર્જ ટ્રેઝરી.

ઇન્ડેન્ટ (ઇં.) જોઇતી ચીજોનું માગણી પત્રક.

ઇન્તિજામ (આ.) બંદોબસ્ત.

ઈન્તિઝાર (આ.) વકી, રાહ જોવી, આતુરતા, આશા.

ઇન્તેખાબ (આ.) ઉતારો, સારાંશ, પસંદગી, એબ્સ્ટ્રાકટ, ચૂંટણી. જેમ—તેને તેની અરજીના ઇન્તેખાબ લખી મોકલવો; પરિણામ પત્રકમાંથી મારા પરિણામના ઇન્તેખાબ મોકલશો.

ઈન્સાફ (આ.) ન્યાય.

ઇન્સ્ટિટયૂશન (ઇં.) કારખાનું, ખાતું.

ઇન્સ્ટ્રકશન (ઇં.) કેળવણી, સૂચના. જેમ-ડાયરેકટર ઓફ પબ્લિક ઈન્સ્ટ્રકશન.

ઇન્સ્ટ્રૂમેન્ટ (ઇં.) લેખ; ઓજાર.

ઇન્સ્પેકટર (ઇં.) તપાસનાર, પરીક્ષા લેનાર. જેમ-એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, પોલીસ ઈન્સ્પેકટર.

ઈસ્મતપનાહ (આ. ફા.) પવિત્રતાનું રક્ષણ કરનાર. સ્ત્રીઓને માન આપવા માટે ઈસ્મતપનાહ, ઈસ્મત દસ્ત ગાહ વગેરે શબ્દો લખાય છે.

ઇબારત (આ.) લખાણ, લખવાની ઢબ-છટા-શૈલી. જેમ-તેની લખાણની ઇબારત સારી છે.

ઇમલો-અમલો (આ.) મકાન, ઇમારત, હવેલી, (આ. ઇમ્લા=કામ, બાંધ કામ.)

ઇમાનદારી (ફા.) વફાદારી, પ્રામાણિકપણું.

ઇમારત (આ.) ઘર, મોટું મકાન.

ઇમ્પોર્ટપાસ (ઇં.) ગામમાં કે બંદરમાં માલ લાવવાની રજા ચીઠી.

ઇલાકો-અલાખો (આ. ઇલાકહ્=સંબંધ, વ્યવહાર.) સંબંધ, હક, પ્રાંત.

ઇલાજ (આ.) ઉપાય. જેમ-આ દસ્તાવેજના સંબંધમાં

કોર્ટમાં કાંઇ ઇલાજ લેવાની જરૂર પડે તો તેનું ખર્ચ મારે માથે છે.

ઇદ્દકાબ (આ. લકબ, તેનું બહુવચન ઇલ્કાબ) ખેતાબ.

ઇલ્તિમાસ (આ.) અરજ.

ઇવઝ (આ.) બદલો.

ઇશ્તિહાર (આ.) જાહેર ખબર, પ્રસિદ્ધિ, જાહેર નામું.

ઇશ્યુ (ઇં.) મુદ્દો, તકરારનાં મુખ્ય કારણો, લડાઇનાં ઠેકાણાં. ઇશ્યુ કરવું=વાપરવાને માટે બહાર કાઢવું. જેમ–લાયબ્રેરીમાંથી મેં એક પુસ્તક ઇશ્યુ કર્યું છે.

ઇસમ–ઇસ્મ (આ.) નામ, માણસ, જણ.

ઇસ્કામત (આ.) પુંજી, પૈસો ટકો.

ઇસ્તાવા (ફા.) ખેડમાં તુર્ત આપેલી જમીન ઉપર વર્ષોવર્ષ જે કર વધતો જાય તે. (ફા. ઇસ્તાદા=ઊભું રહેતું, તે ઉપરથી ઇસ્તાવા.)

ઇસ્તિકબાલ (આ.) પરોણાને મળવા જવું તે, પરોણાને મળવાને માટે આગળ વધવું તે.

ઇસ્પિતાલ (ઈં. હોસ્પિટલ) જેમાં દરદીઓ રહે અને તેમની માવજત થાય એવું દવાખાનું. જે દવાખાનામા માત્ર દવા જ અપાતી હોય અને દરદીઓની સારવાર કરવા માટે રહેવાની ગોઠવણ ન હોય તે ડિસ્પેન્સરી કહેવાય.

ઇસ્મતપનાહ (આ. ઇસ્મત=પવિત્ર+ફા. પનાહ=રક્ષણ.)

પવિત્રતાનો રક્ષક, ધર્મ ધુરંધર

ઇસ્લામ (આ.) મુસલમાની ધર્મ, ઇસ્લામી ધર્મ.

ઇ. આઇ. આર. (ઇં.) ઇસ્ટ ઇન્ડિયન રેલ્વે; પૂર્વ હિંદની રેલ્વે.

ઇસવી (આ.) ઇસુ ખ્રિસ્તનું, ક્રિશ્ચિયન. જેમ–ઇસ્વી સન ૧૯૧૦.

ઇસ્ટ ઇન્ડિયા કંપની (ઇં. ઇસ્ટ ઇન્ડિયા=હિંદુસ્તાન+કંપની) હિંદની રાજ્યકર્તા કંપની જેણે ઇ. સ. ૧૮૫૮ સુધી ઇંગ્લાંડના રાજાના મુરબ્બીપણા તળે રાજ્ય કર્યું તે.

ઉજર (આ. ઉઝ્ર) બ્હાનું, ઢોંગ, તકરાર. જેમ–તમને અમે અમારૂં ઘર વેચ્યું છે, હવે અમારો કશો ઉજર ચાલે નહિ.

ઉ-તર ક્રિયા (સં.) મરણ પછીની ક્રિયા.

ઉ-તર સાધન (સં.) દહાડો પાણી વગેરે મરણ પછીની ક્રિયા.

ઉતરાધિકારી (સં.) વારસ.

ઉધારણિક નામ (સં.) મતાદાર; ઉધારે લેનાર ધણી; તેથી ઉલટું તે ધનિક નામ.

ઉપની વેરો (સં. દેશ્ય.) ઊપજ ઉપરનો વેરો; અટકળથી જે ઢાલ થઇ હોય તે પ્રમાણે કળશી દીઠ લેવાતો જે વેરો તે. (આ એક વધારાનો વેરો છે અને તે અનાજની પેદાશ ઉપર અમુક દરથી લેવાય છે.)

ઉપરવાડું (સં.) પાસેના ગામની જમીન ખેડવા લીધી હોય તે.

ઉમર દરાઝ (આ. ફા.) ચિરંજીવી, મોટા નાનાને કાગળ લખવામાં ઉમરદરાઝ શબ્દ વાપરે છે. (ઉમર=આયુષ્ય+દરાઝ =લાંબુ.)

ઉમરા વેરો (દેશ્ય.) ઉમરો–બારણું–ઘર દીઠ જે કર લેવામાં આવે છે તે.

ઉમેદ(ફા. ઉમ્મીદ.) આશા, ઇચ્છા. તે ઉપરથી ઉમેદવાર= કેન્ડિડેટ, આશાવાળો, નોકરી કે વિદ્યા સંપાદન કરવાને આતુર.

ઉર્દુ (તુર્કી.) છાવણી, કાંપ; હિંદુસ્તાની ભાષા; હિંદની લશ્કરી ભાષા જે સાધારણ લોકો બોલે છે તે.

ઉર્ફ (આ. ઉર્ફ) જાણીતો, ઓળખાતો. જેમ–નવાબ બહાદુરખાનજી ઉર્ફે બાપુમીઆં=નવાબ બાહદુરખાનજી જેઓ બાપુમીઆંથી ઓળખાય છે તે.

ઊચકો (સં.) મુકરર કરેલી રકમ; જેની વિગત વાર હકીકત નથી એવી રકમ. (દુકાળના વખતમાં જ્યારે અનાજની ખાણો ઊઘાડવામાં આવે છે, ત્યારે તેના ઉપર આ કર લેવાય છે.)

ઊચાળો (સં.) ઊંચકી શકાય એવો ઘરનો જે સામાન તે; રાચરચીલું. ખેડુત ગરાશીઆથી રીસાઇ બીજે ગામ જાય તો તે ઊચાળા ભરી ચાલ્યો એમ કહેવાય.

ઊધડ (સં.) વિગત વગરની મુકરર કરેલી રકમ.

ઊધડ વેરો (સં.) જમીન ઉપરના કરની ઊચક રકમ.

ઊધડીઆ [સં.] જે ખેડુતો ઠરાવેલું ગણોત સરકારમાં ભરે છે એવા ખેડુતો.

ઊભડ [સં. ઉત્તિષ્ઠ.] ખેડુત સિવાયના બીજા લોકો; અમૂલ

વગે. આવા લોકોને જે વેરો આપવો પડે તે ઉભડ વેરો કહે-
વાય છે.

ઊસરડીઉં ખેતર [સં.] પડિયા જમીનની જેમાં તૈયારી ન કરી હોય તેવું; તસરડીઉં ખેતર.

એકલીઉં ખળું=જે ખળામાં માત્ર એક જ સાંતીની ઉપજ એકઠી થઇ હોય તે.

એકાજુતી ધણી ધુનીધર (સં.) ઘણા જણમાંથી કોઈ એક સારા મન પસંદ આસામી. (અકહી ઞાતે=એકાજુતી.)

એકાઉન્ટન્ટ (ઇં.) હિસાબ ગણનાર, હિસાબી કારકૂન. હિસાબી ખાતાનો ઉપરી તે હેડ એકાઉન્ટન્ટ; આખા ઇલાકા કે પ્રાંતના હિસાબી ખાતાનો ઉપરી અમલદાર તે એકા-ઉન્ટન્ટ જનરલ.

એકેડીમી (ઈં.) પાઠશાળા; વિદ્યા અને કળાની વૃદ્ધિ કર-નારી સભા, અથવા એ વિદ્યા શીખવવાનું સ્થાન.

એક્ઝિક્યુટર (ઇં.) વહીવટ કરનાર; પોતાનું વસિયત-નામું અમલમાં લાવવા સારૂ મરનારે નીમેલો પુરૂષ.

એકસાઇઝ (ઈં.) દાણુ, જકાત; માલની આવક ઉપરનો વેરો.

એકસ્ટ્રાક્ટ (ઇં.) ઇન્તેખાબ, ઊતારો; જેમ રજીસ્ટર પરનો એકસ્ટ્રાક્ટ.

એજન (આ. અએજન.) એ જ, ઉપર કહી ગયા તે, સદરહુ ઉપર પ્રમાણે.

એજન્ટ (ઇં.) આડતીઓ, મુનીમ, નવાબ. જેમ—પોલિ-

ટિકલ એજન્ટ, એજન્ટ ટુ ધી ગવર્નર, મુંબઈ બેંકના એજન્ટ.

એજન્સી (ઇં.) આડત, એજન્ટનું જે કામ તે એજન્સી; સરકારી પોલિટિકલ એજન્ટ જ્યાં રહે છે તે; પોલિટિકલ એજન્ટના તાબાનાં દેશી રાજ્યોનો સમગ્ર મુલક. જેમ કાઠિયાવાડ એજન્સી, સૂરત એજન્સી, મહીકાંઠા એજન્સી.

એ. જી. જી. (ઇં.) એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ. જેમ–રજપુતાનાના એ. જી. જી. (એ. જી.=એજન્ટ ટુ ધી ગવર્નર. જેમ–કાઠિયાવાડના એ. જી.)

એજ્યુકેશનલ (ઇં.) કેળવણીનું. જેમ–એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર.

એટાર્ની (ઇં.) વકીલ, પ્રતિનિધિ.

એડિશનલ (ઇં.) ખાસ વધારાનો. જેમ–એડિશનલ પેપગાર; એડિશનલ હેન્ડ–માણસ.

એ. ડી. સી. (ફ્રેંચ.) એડીકાં; સેનાધિપતિ, ગવનર કે રાજાનો હજૂરીઓ–મદદનીશ.

એડ્મિનિસ્ટ્રેટર (ઇં.) કારભારી; વસિયત નામાની ગેરહાજરીમાં મરનારની મિલ્કતનો વહીવટ કરનાર.

એડમિરાલ્ટી (ઇં.) દરિયાઈ સેનાનો કારોબાર ચલાવનારી સભા; દરિયાઈ કામમાંથી ઊભી થયેલી તકરારો પતવનારી તથા ભર દરિયે થયેલા ગુન્હાનો ચૂકાદો આપનારી કોર્ટ; એવી સભાને બેસવાનું જે મકાન તે.

એડવોકેટ (ઇં.) વકીલ; હાઇકોર્ટની સેસન્સ વખતે કામ કરનાર સરકાર તરફનો જે વકીલ તે એડવોકેટ જનરલ.)

એતદ્દેશીય (સં.) દેશી, સ્વદેશનું, આ દેશનું.

એતાન (સં.) એમને. જેમ—શ્રી મુંબઇ મધ્યે વોરા જમનાદાસ પ્રાગજી એતાન શ્રી અમદાવાદથી લી. શા. ઝવેરચંદ કીરચંદ.

એન (આ.) ઠીક, અસલ, નકલ નહિ તે; મજેનું. (આ. ઐન=ખરેખરૂં, હૂબહૂ.)

એન્ટ્રન્સ (ઇં.) દાખલ થવું તે, પ્રવેશ.(પ્રવેશક કે પ્રાવેશિક પરીક્ષા=એન્ટ્રન્સ એકઝામિનેશન.)

એન્યુઇટી (ઇં.) વર્ષાસન; મહિને મહિને પગાર મળે તે પે કે સેલરી અને વર્ષે વર્ષે જે પગાર મળે તે એન્યુઇટી.

એપેન્ડિકસ (ઇં.) પૂરવણી, વધારાનું લખાણ.

એપેલેટ કોર્ટ (ઇં.) અપીલ સાંભળનારી કોર્ટ; ઉપલી કોર્ટ.

એપેલેન્ટ (ઇં.) અપીલ કરનાર; નીચલી કોર્ટના ઠરાવથી નારાજ થઇ ઉપલી કોર્ટમાં અરજ કરનાર.

એપોઇન્ટમેન્ટ (ઇં.) નીમનોક.

એફ. આર. એ. એસ. (ઇં) ફેલો ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી=એશિયાની બાદશાહી મંડળીનો સોબતી.

એફ. આર. જી. એસ. (ઇં.) ફેલો ઓફ ધી રોયલ જ્યોગ્રાફીકલ સોસાયટી=બાદશાહી ભૂગોળ સંબંધી શોધ ખોળ કરનાર મંડળના સોબતી.

એફિડેવિટ (ઇં.) યોગ્ય અધિકારીની આગળ પ્રતિજ્ઞા ઉપર કાંઇ હકીકત લખાવી તે ઉપર તેના દેખતાં સહી કરવી

તે. જેમ—મેં એફિડેવિટ ઉપર જાહેર કર્યું હતું કે,

એબ્સ્ટ્રાકટ (ઇં.) પગાર પત્રક. (ગુજરાતીમાં ચાલતો અર્થ પગાર પત્રક, મૂળ અર્થ જુદું પાડવું.)

એમ. એ. (ઇં.) માસ્તર ઓફ આર્ટ્સ; વિદ્યામાં કુશળ; આર્ટ્સ કોલેજની છેલ્લામાં છેલ્લી ડીગ્રી છે.

એમ. ડી. (ઇં.) ડોકટર ઓફ મેડિસિન; દવા–વૈદ્યક વિદ્યામાં પ્રવીણ.

એમ. પી. (ઇં.) મેમ્બર ઓફ પાર્લામેન્ટ, પાર્લામેન્ટનો સભાસદ.

એલ. આર. સી. પી. (ઈં.) લાઇસેન્શિયેટ ઓફ ધી રોયલ કોલેજ ઓફ પ્રિસેપ્ટર્સ. (શિક્ષકોની બાદશાહી કોલેજનો સનદી.)

એલ. એમ. એસ. (ઈં.) લાઇસેન્શિએટ ઇન મેડિકલ સાયન્સ. (વૈદ્યક વિદ્યાનો સનદી.)

એલ. એલ. ડી. (ઇં.) ડોકડર ઓફ લોઝ (કાયદામાં પ્રવીણ.)

એલ. એલ. બી. (ઈં.) બેચેલર ઓફ લોઝ. (કાયદાનો બ્રહ્મચારી–અભ્યાસી.)

એલચી (તુર્કી.) રાજ્યનો પ્રતિનિધિ, કોન્સલ; એક રાજ્યનો વકીલ બીજા રાજ્યમાં પોતાના હુદ્દાની રૂએ રહેતો હોય તે. (એલ=સંદેશો+ચી.)

એલ. ડી. એસ. (ઇં.) લાઇસેન્શિએટ ઇન ડેન્ટલ સર્જેરી. (દાંતની શસ્ત્ર વિદ્યાનો સનદી.)

એલ. સી. ઇ. (ઇ.) લાઇસેન્શિએટ ઇન સિવિલ એન્જીનીઅરિંગ. (મુલ્કી શિલ્પવિદ્યાનો સનદી.)

એલાવન્સ–અલાવન્સ (ઈં.) કંઇ ઊપલક ખર્ચ માટે મળ્યું હોય તે; જાથુના પગાર ઉપરાંત કંઇ બીજું મળે તે. (મૂળ અર્થ છૂટ, મૂકાણુ.)

એસ્તેમાસ–ઇસ્તેમાસ (આ.) અરજ, વિનતિ.

એસાઇની (ઈં.) મુખત્યાર, જેને મિલ્કત સોંપવામાં આવી હોય તે.

એસોશિએશન (ઇં.) મંડળી, સભા, માથે ઉઠાવેલું કામ પાર ઉતારવા ઠરાવેલી મંડળી. જેમ, સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ એસોસીએશન= સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ ચલવનારી સભા.

એસ્કવાયર (ઇં.) નાઇટથી ઉતારતા દરજ્જાનો ઇલ્કાબ; જમીનદાર, માજીસ્ટ્રેટ, જસ્ટિસ ઓફ ધી પીસ, શેરિફ વગેરેનો ઇલ્કાબ; હાલ તો હરકોઇ સંભાવિત ગૃહસ્થને સભ્યતાની ખાતર આ ઇલ્કાબ લગાડવામાં આવેછે. જેમ, એ. ડી. ખખ્ખર એસ્કવાયર; આનંદશંકર મણિશંકર ઓઝા એસ્કવાયર.

એસ્ટાબ્લિશમેન્ટ (ઇં.) ખાતું, સ્થાપના.

એસ્ટેટ (ઇં.) મિલ્કત, જાગીર.

એહવાલ (આ. અહવાલ.) હકીકત, સ્થિતિ. (હાલ=સ્થિતિ, તેનું બહુ વચન તે અહવાલ.)

ઓઘા છૂટ=ગીરો મિલ્કતનો એવી રીતનો ભોગવટો લેવો કે અમુક મુદ્દતે તેમાંથી ધીરેલાં નાણાં અને વ્યાજ ઉપજી જાય. મુદ્દત વીતે ધીરેલી રકમ કે વ્યાજ લીધા વગર મિલ્કત પાછી સુપરત કરવામાં આવે છે.

ઓડિટર (ઇં.) હિસાબ તપાસનાર; હરકોઇ ખાતામાં જે

હિસાબ લખાયો હોય તે તપાસનાર અમલદાર.

ઓતીઆરી (હિંદી.) ખેતર ધણીનું માણસ, હૂતીઓ.

ઓહ્દો (આ.) પદવી.

ઓનરરી (ઇં.) ઇજ્જતી માનની ખાતર, પગાર વગર કામ કરનારો. જેમ ઓનરરી સેક્રેટરી, ઓનરરી માજીસ્ટ્રેટ.

ઓનરેબલ (ઇં.) માનવંતો; ગવર્નર કે ગવર્નર જનરલની કાઉંસિલના સભાસદો ઓનરેબલ લખાય છે. જેમ ઓનરેબલ મી. રફિઉદ્દીન એહમદ, ઓનરેબલ મો. ઈ. જાન્ડસ; વળી ઓનરેબલ કંપની બહાદુર.

ઓફિશિયલ વર્ષ (ઇં. સં.) ૧લી એપ્રીલથી ૩૧મી માર્ચ સુધીના બાર માસ; સરકારી ઓફીસોનું દફતર તા. ૧લી એપ્રિલથી બદલાય છે.

ઓફિસ (ઇં) કચેરી, ખાતું. સરકારી અમલદારને કામ કરવાની જગા. (ઓફિસર=કચેરીનો મુખ્ય અમલદાર.)

ઓરત (આ. અઉરત) સ્ત્રી.

ઓરમાન (સં. અપર માતા.) બાપ એક પણ મા જુદી જુદી હોય એવાં ભાઇ બહેનો.

ઓરીઓ (હિં.) નદીમાં ખોદેલો કૂવો.

ઓર્ડનન્સ (ઇં.) લશ્કરનાં હથિયાર જેવાં કે તોપ, બંદુક, ઇત્યાદિ. એ હથિયાર સાચવનારૂં ખાતું તે ઓર્ડનન્સ ડીપાર્ટમેન્ટ.

ઓલાદ (આ.) વંશ, સંતાન.

ઓળા (દેશ્ય.) શેકેલા ઝીંઝવા, શેકેલા લીલા ચણા.

ઓળીઆ (સં. આવલિ ઉપરથી) વાવેલાં બીની ત્રણ હાર.

ઔરસ (સં. ઉરસ્=છાતી.) સગા પેટનું, હકદાર, કાયદા પ્રમાણે માન્ય એવું; દત્તક નહિ તે.

કજારજા (આ. કઝા=દૈવયોગ, હુકમ, નસીબ+આ. રઝા=ખુશી, મંજૂરી, છૂટી.) ઇશ્વર તરફની કોઇ આપત્તિ; અચાનક મોટો બનાવ; ઇશ્વરની મરજી, અકસ્માત્.

કજીઆ દલાલ (આ.) લડાવી મારનાર.

કટક (સં.) લશ્કર, છાવણી. જેમ-કાકીઓનું કટક ચઢી આવતું.

કંટી (સં. કંટક=કાંટો.) ઘોડાના નભાવ માટે લેવાતો કર; કોદરા, ઊંબી ઉપરના નાના દાણા.

કંટીજંટ (ઇ. કંટીંજંસીઝ.) અચોકસ રીતે બનવા યોગ્ય; જે રકમ કાગળ, કવર, પેન્સિલ, શાહી, ઇત્યાદિ ઓફીસના સાધારણ ખર્ચને માટે આપવામાં આવે છે તે; ઇં. કોન્ટીંજન્ટ=અમુક કામ સિદ્ધ કરવા બીજા કોઇને જે લશ્કર મદદમાં આપવામાં આવે તે. જેમ-હૈદ્રાબાદનું કોન્ટીંજંટ લશ્કર.

કઠોડો (દેશ્ય.) આખી મોસમ સુધી વહાણ ભાડે આપીએ તો તે વહાણ કઠોડે બંધાયું કહેવાય.

કડબ (દેશ્ય.) જાર—જુવારના સાંઠા.

કડા (સં. કૃવથ=ઊકળવું ઉપરથી) શેરડીનો રસ ઉકાળી ગોળ તૈયાર કરવાનું વાસણ-કઢાઇ.

કઢારો (દેશ્ય.) ખેડુત કોઇ પાસેથી દાણા લે અને ઉપજ આવે ત્યારે તે બદલ દોઢા બમણા આપવાનો કરાર કરે છે તે.

કણગરી (સં.) કણ જેવા પીત મોલ ઉપર કળશી દોઢ

જે દરબારી વેરો તે.

કદર (આ.) કીમત, ગુણ, બુઝ, પીછાન. જેમ—આપ સાહેબ મારા કામની કદર જાણુશો.

કદરદાન (આ. ફા.) બુઝ જાણુનાર. જેમ—મહેરબાન કદરદાન પૌલિસ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબની હજુરમાં.

કનાત (તુર્કી.) તંબુની દીવાલ—પડદો.

કન્ફેજ્યુ (ઇં. કન્ફેશન.) ગુન્હેગારની કબુલાત.

કન્યા ચોરી (સં.) કન્યા પરણે તે વખતે પરણુના આબનનો વર ઉપરનો દરબારી કર; લગ્ન શી.

કપાલ ગરાસ (સં.) ફટાયા અને તે ઉપરથી ઊતરી આવેલાનો મૂળ ગરાસ, કરમ ભાગ.

કબજા ગીરો (આ. ફા.) કબજો સોંપીને ગીરો મૂકવું તે; કબજામાં લીધેલું.

કબજો (આ. કબ્જા.) સ્વાધીન લેવું તે; હાથમાં લેવું તે; પકડવું તે.

કબાલો (આ.) માલ લેવા દેવાનો કરાર; માલનું સાટું કર્યાનો લેખ. (કબાલા=માની લેવું, કબૂલ કરવું.)

કબાલા વહી (આ.) કબાલો નોંધવાનો ચોપડો.

કબીલો (આ.) કુટુંબ, વંશ, જાત, બાળ બચ્ચાં. જેમ-કુટુંબ કબીલો. (સં.+આ.)

કબૂલત (આ.) સ્વીકાર, હા પાડવી તે.

કબૂલ મંજુર (આ.) સ્વીકારવું.

કમબેશ (ફા.) વત્તું ઓછું, ફેરફાર.

કમરબંધ (આ. ફા.) કેડે બાંધવાનો પટો.

કમાલ આકાર (આ.) સંપૂર્ણ; એક ગામની ઘણામાં ઘણી ઉપજ; પડતર જમીન પણ ગણતાં કોઇ ગામની વધારેમાં વધારે જે ઉપજ થઇ શકે તે.

કમિટી (ઇં.) મંડળી; કંઇ નીમેલું કામ કરવાને એકઠાં મળેલાં ચોક્કસ માણસો.

કમિશન (ઇં.) પંચ; સનદ, હુકમનામું, આડત.

કમિશન્ડ (ઇં.) સરકારી સનદી અમલદારો કે જેઓને કાંઇ મોટું કામ સ્વતંત્ર રીતે કરવાને સોંપી શકાય. કમિશન્ડ ઓફિસર (ઈં.) લશ્કરમાં એવા પ્રકારના અમલદારો કે જેમને જવાબદારી કે હુકમ કરવાનું કામ સોંપી શકાય.

કમિશ્નર (ઇં.) પ્રાંતના મુખ્ય અમલદારને કમિશ્નર કહે છે. જેમ-ગુજરાત પ્રાંતના કમિશ્નર. ચીફ કમિશ્નર; જેમ-મધ્ય પ્રાંતોના ચીફ કમિશ્નર. કમિશ્નર=કામ કરનાર મુખ્ય અમલદાર. જેમ પોલિસ કમિશ્નર, રેવિન્યુ કમિશ્નર, સેનિટરી કમિશ્નર.

કમીસરી (ઇં.) કમિશ્નર; લશ્કરમાં જેને ખોરાક પૂરો પાડવાનું કામ સોંપ્યું હોય તે.

કર (સં.) વેરો.

કરજ (આ. કર્ઝ.) દેવું; વ્યાજે લીધેલાં નાણાં. કરજદાર=દેવાદાર; લેણદારથી ઉલટો.

કરમ ભાગ (સં.) કપાલ ગરાસ, મૂળ ગરાસ.

કરન્સી (ઇં.) ચલણી. જેમ-કરન્સી નોટ. આ નોટ સર-

કારે કાઢેલી હોય છે. તે નાણાં તરીકે ચલણમાં કામ આવે છે, પણ તે ઉપર સરકાર તરફથી કશું વ્યાજ મળતું નથી.

કરાઉ (સં.) જે જમીન પર કર લેવાય છે તે; વેરાવાળી જમીન.

કરારદાદ (આ. ફા.) સ્થાપન થયેલું, મંજૂર થયેલું; દાવો ખરો છે એમ બતાવનારૂં ખાત્રી પત્ર; પોતાના લેણદારને પૂરાવા તરીકે દેવાળીઓ લેણા બાબત જે ખાત્રી પત્ર લખી આપે તે.

કરીઆવર (સં.) દીકરી કે જમાઇને અમુક શુભ પ્રસંગે જે આપવામાં આવે છે તે.

કર્નેલ (ઇં.) આખી પલટનનો ઉપરી લશ્કરી અમલદાર. પલટન એટલે રિજીમેન્ટમાં ૮૦૦થી ૧૦૦૦ માણસો હોય છે.

કલમ (આ.) લેખણ, પેન; બોલી; બાબ, પ્રકરણ.

કલમદાન (આ. ફા.) પેનકેસ, પેનરેક; કલમ રાખવાનું સ્થાન.

કલમબંદી (આ. ફા.) કરાર, કરારની કલમો—બાબ.

કલેક્ટર (ઇં.) જીલ્લાનો સહુથી મ્હોટો રેવિન્યુ અધિકારી, મહેસૂલ ઉઘરાવનાર. શબ્દાર્થ—એકઠું કરનાર.

કવર (ઇં.) પરબીડિયું, પાકીટ, ઢાંકણું.

કશી=પત્થરની ખાણનો વેરો.

કસબા વેરો (આ.) ખેડુત સિવાયના બીજા લોકો પરનો વેરો; કસબી એટલે વસવાયાં ઉપરનો વેરો.

કસબો (આ. કસ્બાહ્.) નાનું શહેર. જેમ—કસબે અલીણા, કસબે ઉમરેઠ.

કસમ (આ. કસ્મ.) સોગંદ, પ્રતિજ્ઞા.

કસુંબો (સં.) અફીણ ઘુંટી તૈયાર કરેલું પાણી; જમાનના વેચાણ ઉપર લેવાતો વેરો.

કસૂર (આ.) ગુન્હો, ભૂલ, તકસીર.

કસ્ટમ (ઇં.) માંડવી, દાણ, માલ ઉપરની જકાત.

કળોઇ =આપવામાં દીકરીને માટે મૂકેલી છૂટ; દીકરીનું કુટુંબ; દીકરીને જે આપવામાં આવે તે.

કંકોત્રી (સં.) લગ્ન, જનોઇ ઇત્યાદિ કોઇ શુભ પ્રસંગ ઉપર નોતરવાનો કાગળ.

કંટ્રોલર (ઇં.) હિસાબ તપાસી, તે બરાબર છે, એવું સર્ટીફિકેટ આપનાર; હિસાબી કામ ઉપર કાબુ ધરાવનાર અમલદાર.

કંપની (ઇં.) મંડળી. જેમ, ઇસ્ટ ઇન્ડિયા કંપની, રેલ્વે કંપની, શેઠ ગોકળદાસ કલ્યાણજી કોટન પ્રેસ કંપની.

કાઉન્સિલ (ઇં.) સભા, મંત્રી સભા.

કાઉન્સેલ (ઇં.) મત, સલાહ, ઠરાવ.

કાચું પ્રાજું = આશરે ૭ એકર જેટલી જમીન.

કાનૂન (આ.) કાયદો, ધારો, રિવાજ.

કાપડું (સં. કર્પટ.) દીકરીને જે આપવામાં આવે તે.

કામદારી (સં. ફા.) ગામના વહીવટદારને ઉપજમાંથી જે ભાગ આપવામાં આવે તે.

કાયદો (આ.) સરકારે ઠરાવેલો ધારો.

કારકૂન (ફા. કાર્કુન.) મહેતો, ગુમાસ્તો, મુતસદ્દી; (કાર=કામ + કુન = કરનાર = કામ કરનાર).

કારજ (સં.) મૂઆ પછીનું નાત જમણ. કારજ અવ-

સર = લગ્ન કે મરણ પ્રસંગે દરબાર તરફથી લેવાતો વેરો.

કારોબાર (ફા.) કામકાજ. જેમ—એક કારોબારી કમિટી પણ નીમવામાં આવી છે.

કારભારી (ફા. કારોબારી.) કામકાજ કરનાર ; નાના રાજ્યનો દીવાન.

કાળોત્રી (સં.) માઠી (મરણની) ખબરનો કાગળ.

કાળો શેડો (સં.) કોરી મોસમ એટલે ઉનાળો ; જે જમીન પર કશો મોલ ઉગેલો ન હોય તે ; ખેતરનો કાળો શેઢો વૈશાક સુદ ૩ અને વાડીનો કાળો શેઢો અષાડ સુદ ૨ ગણાય છે.

કાંટીઆ વર્ણ (સં. કંટક વર્ણ.) ભીલ, કોળી, મીઆણા, મૈયા વગેરે લડાયક અને ગુન્હેગાર જાતો ; કાંટીઆવર્ણના લોકો પર પોલીસ વધારે ચોકશી રાખતી રહે છે.

કાંટીઉં = દરબારના ખોરાક તરીકે ભરવાડ પાસેથી કર તરીકે લેવામાં આવતાં ઘેટાં.

કાંધું (સં. સ્કંધ=ભાગ.) દેણદારે કટકે કટકે નાણાં વસુલ આપવાની ઠરાવેલી મુદત ; હપતો.

કિફાયત (આ.) કસર કરવી, પૂરતું, લાભ કરી બતાવવો તે, જોઇએ તેટલું, બસ થતું.

કિરકોલ (આ.) પરચુરણ, નજીવું, છુટક છુટક (આ. કદરે કલીલ = થોડો જત્થો).

કિરાયું (આ.) ભાડું.

કિલીદાર (ઉર્દુ.) કુંચી રાખનાર, ટ્રેઝરર ; ત્રીજોરીની વ્યવસ્થા કરનાર અમલદાર.

કિલ્લેદાર (આ. ફા.) કિલ્લાનો ઉપરી.

કિલ્લો (આ. કિલ્આ કે કલ્આ.) શહેરને ફરતી ભીંત-કોટ; પત્થરની બાંધેલી નિર્ભય ઇમારત.

કિશ્ત (ફા.) ખેડાયલી જમીન, વાવેલું ખેતર.

કિસમ (આ. કિસ્મ.) જાત, પ્રકાર. જેમ, તમારો માલ ઊંચી કિસમનો છે.

કિસ્ત (આ.) ભાગ, હપતો, કર. ખંડણી કે વેરો ત્રીજોરીમાં ભરવા લઇ જવામાં આવે તેને કિસ્ત કહે છે.

કિસ્સા (આ.) ઇતિહાસ, વાત; તે ઉપરથી બાબત. જેમ–ખાસ કિસ્સા (કેસ) તરીકે તમારી રજા મંજૂર કરવામાં આવે છે.

કીમત (આ.) મૂલ્ય.

કીરાણી (આ. કરાન્=પાસે રહેનાર, પાસવાન.) માલ ધણી કે વહાણના માલેકનો વહાણમાં ચઢનાર વિશ્વાસુ માણસ.

કુનેહ (આ.) જ્ઞાન, હકીકત. જેમ–ફોજદારે સારી કુનેહથી કામ લઇ લુટારાને ઘેરી લીધા.

કુલ (આ. કુલ્લ.) સરવાળો, આખું, બધું.

કુલ કરણી (આ. સં.) તલાટી, ત્રુ, ગામડામાં જગાજંથી વગેરેનો સરકાર તરફથી હિસાબ રાખનાર સરકારી નોકર, તળાટીને દક્ષિણમાં કુલ કરણી કહે છે.

કુળ ગોર (સં.) મૂળથીજ લગ્ન મરણની ક્રિયા કરનારો કુટુંબનો ગોર મહારાજ.

કુળ દીપક (સં.) કુળનો દીવો, કુળને દીપાવનાર, બાપ દીકરાને કાગળ લખતી વખતે તેને કુલ દીપક વિશેષણ લગાડી શકે.

કુંવર પછેડો (સં.) પામરી-નજરાનો; પાટવી કુંવરના જન્મ વખતે લેવાતો કર.

કુંવળ (સં. કુમ્મલ.) ઘઉંનો પરાળ.

કૂચ (ફા.) રવાના થવું, આગળ ચાલવું. જેમ-લશ્કરે કૂચ કરી.

કૂમક (તુર્કી.) મદદ.

કુર્નિશ (ફા.) સલામ, પૂજવું તે; પ્રણામ, તાબેદારી, (તુર્કી-કુર્નુશ.)

કૃષ્ણાર્પણ (સં.) ધર્મમાં કંઇ પણ આપી દેવું તે; ભગવાનના નામે દાન.

કેઝ્યૂઅલ (ઇં.) અણધાર્યું, આવી પડેલું. જેમ-કેઝ્યુઅલ રજા.

કેદ (આ.) બંધીખાનામાં રહેવું તે, કેદખાનું, બંધીખાનું, જેલ.

કેપ્ટન (ઇં.) આગબોટનો ઉપરી અમલદાર, લશ્કરમાં મેજર અને લેફ્ટેનેન્ટ વચ્ચેનો હુદ્દો; આગેવાન, નાયક.

કેફિયત (આ.) વિગતવાર હકીકત, રીત.

કેમ્પ-કાંપ (ઇં.) છાવણી, થાણું. જેમ-કેમ્પ વઢવાણ, કેંપ ઇન્દોર.

કેલેન્ડર (ઇં.) પંચાંગ, પચાંગ; પ્રમાણે વ્યવહારોપયોગી દહાડા, અઠવાડિયાં, મહિના વગેરે વખતના ભાગ પાડવાની જે ગોઠવણ કરી છે તે.

કેસ (ઇં.) મુકદ્દમો, તકરાર, બાબત.

કેસરે હિન્દ (લાટિન. આ. ફા.) હિન્દુસ્તાનનો શેહેનશાહ; ઇંગ્લાંડના મહારાજાને કૈસરેહિંદનો ખેતાબ છે. રોમન રાજ્ય વગેરે દેશોમાં Caesar સીઝરનો ઇલ્કાબ રાજાઓ ધરાવતા આવ્યા છે. તે સીઝર ઉપરથી કેસર શબ્દ વ્યુત્પન્ન થયો છે. કેસર=કેસરીસિંહ એવો અર્થ નથી. જન્મ વખતે જે બાળકની માનું પેટ ચીરીને બાળકને જીવતો કાઢી લે તે બાળકને રૂમી ભાષામાં "કયૂસર" કહે છે. ઓગસ્ટ સીઝર બાદશાહનો જન્મ એવી રીતે થયો હતો, તેથી તે કયૂસર કહેવાયો. ત્યાર પછી ત્યાંના બાદશાહોએ એ નામ ધારણ કર્યું. Caesar ઉપરથી અરબીમાં કયૂસર શબ્દ થયો છે. અરબી ભાષા પ્રમાણે પુરૂષ કયસર અને સ્ત્રી કયસરહ્ કહેવાય છે.

કે. સી. આઇ. ઇ. (ઇં.) નાઇટ કમાન્ડર ઓફ ધી ઓર્ડર ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડિયા; હિંદના સિતારાનો યોધો એવો ઇલ્કાબ છે.

કે. સી. બી. (ઇં.) નાઇટ કમાન્ડર ઓફ ધી ઓર્ડર ઓફ ધી બાથ.

કોટ ઓફ આર્મ્સ (ઇં.) આયુધ ચિહ્ન; વિલાયતમાં રાજા અને અમીરોની ઢાલ ઉપર લડાઇનાં હથિયારો અને મુદ્રા લેખ ચીતરેલાં હોય છે તે; રાજ્ય ચિહ્ન સહિતની ઢાલ.

કોટવાળ (સં. કોટપાલ.) કિલ્લાનું રક્ષણ કરનાર અમલદાર. પ્રાચીન કાળમાં કોટવાળનો હુદ્દો દીવાનથી ઊતરતો હતો. તે લશ્કરનો સેનાધિપતિ ગણાતો. હાલ એ શબ્દનો અર્થ ઊતરી ગયો છે, તેથી "ગામના પરોણાની બરદાસ્ત કરનાર નોકરીઆત

માણુસ" એવો થાય છે.

કોઠારી (સં.) દાણાની વખાર સાચવનાર, વાણીઆમાં ઓડક છે; દરબારી કે સરકારી મોદીખાનાનો ઉપરી.

કોઠાણું = શાહ જોશું.

કોડ (ઇં.) કાયદો, ધારા સંગ્રહ.

કોન્ઝર્વેટિવ (ઇં.) રક્ષક, પાલક, ચાલતા રિવાજને વળગી રહેનાર; પાર્લામેન્ટના જે સભાસદો ચાલતા રાજ્ય વહીવટને વળગી રહી તેમાં ફેરફાર કરવા રાજી નથી હોતા તે સંબંધી; લિબરલ અને રેડિકલથી ઉલટું મત ધરાવનારા.

કોન્ફિડેન્શિયલ (ઇં.) વિશ્વાસ પાત્ર ; બીજાને જાહેર ન કરવા જેવું. જે કાગળ ઉપર કોન્ફિડેન્શિયલ લખેલું હોય તે કાગળ જેનું સરનામું હોય તે સિવાય બીજાને હાથ ન જવો જોઇએ.

કોન્ફિસ્કેટેડ (ઇં.) દંડ દાખલ સરકારમાં લઇ લીધેલી.

કોન્સલ (ઇં.) એલચી, પોતાની સરકારના વેપારી લાભ જાળવવાને તેમજ ખલાસીઓનું રક્ષણ કરવાને નીમેલો કોઇ પણ રાજ્યનો પરરાજ્યમાં રહેનાર પ્રતિનિધિ.

કોન્સ્ટેબલ (ઇં.) પોલિસ ખાતાનો સીપાઇ; ચીફ કોન્સ્ટેબલ=જમાદાર. ફોજદાર = પોલીસ સબ ઇન્સ્પેક્ટર.

કોપી (ઇં.) નકલ, તે ઉપરથી કોપી બુક ; કોપી કરવી= નકલ કરવી, ચોરી કરવી.

કોમ (આ.) પ્રજા, રૈયત; જાત.

કોરેસ્પોન્ડન્સ (ઇ.) પત્ર વ્યવહાર; તુમાર.

કોરોનર (ઇં.) ભેદ ભરેલા મરણ વિષે જ્યૂરી મારફત તજવીજ કરનાર અમલદાર. જેમ—મુંબઇના કોરોનરે જ્યૂરી ભરી.

કોર્ટ (ઇં.) કચેરી, અદાલત.

કોર્ટ ઓફ વોર્ડ્ઝ (ઇં.) સગીર વયના કે ગાંડા એવા લોકોને કાયદાનું રક્ષણ આપનારી કોર્ટ.

કોર્પોરેશન (ઇં.) સરકારે કોઇ કાયદાથી કંઇ કામ પાર પાડવા જેને વિશેષ હક આપ્યો હોય તે મંડળી. જેમ—મ્યુનિસિપલ કોર્પોરેશન.

કોલ (આ.) વચન; કહેવું તે.

કોલકરાર (આ.) સંધિ, તહનામું, ટ્રીટી, ઠરાવ.

કોલેજ (ઇં.) પાઠશાળા. જેમ—ટ્રેનિંગ કોલેજ, આર્ટ્સ કોલેજ.

કોન્સોલ્સ (ઇં.) વિલાયતની પ્રોમિસરી નોટો.

કોમર્સ (ઇં.) વેપાર.

કોર દફેદાર (ઇ. આ.) ઘોડેસ્વાર લશ્કરમાં દફેદારથી મોટા દરજ્જાનો અમલદાર; ઘોડેસ્વાર લશ્કરમાં સર્વેને નોકરી સોંપનાર; આશરે ૬૫ ઘોડેસ્વારોના કામકાજનો સેક્રેટરી.

કોર દફેદાર મેજર (ઇં. આ. ઇં.) કોર દફેદારથી ચઢતી પાયરીનો અમલદાર.

કોવેનેન્ટેડ (ઇં.) નોકરી કરવા કરારથી બંધાયલા. જેમ—કોવેનેન્ટેડ સર્વન્ટ્સ. સિવિલ સર્વિસવાળા તથા લશ્કરી અમલદારો એ કોવેનેન્ટેડ નોકરો છે.

કોસવરત (સં.) કોસ અને તેને લગતાં દોરડાં; આ

ખરચને માટે ખેડુતને ઉપજમાંથી જે કંઇ છૂટ આપવામાં આવે છે તે.

ક્યૂરેટર (ઇં.) સંભાળ લેનાર; રક્ષક. જેમ–ક્યૂરેટર બુકડેપો; ક્યૂરેટર મ્યૂઝિયમ.

ક્રિમિનલ (ઇં.) ફોજદારી ગુન્હાને લગતું. જેમ–ક્રિમિનલ કોડ=ફોજદારી કાયદો.

કલબ (ઇં.) કંઇ પણ હેતુ પાર પાડવાને ઊભું થયેલું મંડળ. જેમ–ક્રિકેટ કલબ, ડીબેટિંગ કલબ.

કલાર્ક (ઇં.) મહેતો, મુનશી, અમલદાર પાસે લખવાનું કામ કરનાર; કારકૂન.

ક્ષેત્રફળ (સં.) ચોરસ માપ.

ક્ષેમકુશલ (સં.) સુખચેન અને આબાદી.

ખબર (આ.) સમાચાર.

ખજાના (આ.) ત્રોજોરી, વખાર. ખજાન્ચી (આ. તુ.) ટ્રેઝરર.

ખટાઉ પેદાસ (સં. આખેટ=શિકાર+ફા. પેદાશ=ઉપજ.) ન ધણીઆતા ઢોર વેચવાથી આવેલી દરબારી ઉપજ.

ખત (આ. ખત=લખેલો કાગળ, લીટી.) લેખ, દસ્તાવેજ, કાગળ, પત્ર, સ્ટામ્પ.

ખતમ (આ. ખત્મ.) પૂરૂં થવું.

ખરચ (ફા.) ઉધાર રકમ, ઋણ રકમ, વાપરવું તે.

ખરાજાત (આ. ઇખિરાજાત=ખર્ચનું બહુવચન.) મહેસૂલ વસૂલ કરવાનું ખરચ પૂરૂં પાડવા સારૂ જે કર લેવામાં આવે

છે તે; ખર્ચ (આ.) નું બહુવચન ખરાજાત.

ખરાબો (આ. ખરાબા=ઉજડ જગા, ખંડેર.) જે જમીન પર ખેડ ન થઇ શકે તે; દરિયાના પાણી નીચે ઢંકાયલો ખડક–જમીન.

ખરીતો (આ.) થેલી, બંધ કરેલો કાગળ.

ખરીદી (ફા.) વેચાતું લેવું તે. ખરીદ (ફા.) વેચાતું લેવું. ખરીદાર (ફા.) ગ્રાહક, વેચાતું લેનાર.

ખરીફ (આ.) ચોમાસાનો પાક.

ખલતો (આ. ખલીતા.) થેલો.

ખલાસ (આ.) ખલાસીની મજૂરી, છુટકો. જેમ–ખેલ ખલાસ થયો, માલ ખલાસ થઇ ગયો.

ખળું [સં. ખલ, ખલી.] આવેલા પાકમાંથી દાણો છૂટો પાડવાની જગા.

ખળાવાડ (સં.) ગામનાં ખળાં જ્યાં સાથે કરવામાં આવે છે તે જગા.

ખાડોડી =વણકર લોક ઉપરનો વેરો.

ખાન (તુર્કી.) પઠાણ જાતના લોકને આ શબ્દ લગાડવામાં આવે છે. જેમ–જમીઅતખાન, શેરમહમદખાન, મુર્તુઝાખાન. પ્રાચીન સમયમાં તો તુર્કસ્તાનના બાદશાહનો એ ઇલકાબ હતો.

ખાનગી (ફા. ખાના=ઘર+ગી=પ્રત્યય.) ઘર સંબંધી, સરકારી કામ સંબંધી નહિ તે.

ખારો(સં.) મીઠાવાળી–ક્ષારવાળી જમીન.

ખાલસા (આ. ખાલિસા=રાજા કે બાદશાહની મિલ્કત.)

આગવું, શુદ્ધ પોતાનું. મુખ્ય રાજ્યકર્ત્તાના તાબાની; તેથી ઉલટું તે દેશી કે તાબાના રાજ્યની. જેમ—અમદાવાદ જીલ્લો ખાલસા છે, પણ ખંભાત ખાલસા નથી. જૂનાગઢ રાજ્યની વાત કરતા હોઇએ તો ત્યાં વેરાવળ એ ખાલસા કહેવાય અને માંગરોળ એ ખાલસા નથી. બ્રિટિશ રાજ્યની વાત કરતા હોઇએ તો ધોળકા એ ખાલસા છે અને વેરાવળ એ ખાલસા નથી.

ખાંભા (ફા. ખમ=ગાંઠ.) સરહદ નક્કી કરવા ઊભા કરેલા પથરા—નિશાની; ખુંટ.

ખિજમત (આ. ખિદ્‌મત.) સેવા, ચાકરી, નીહજૂરમાં હોવું તે.

ખિદમતગાર—ખિદ્‌મત ગુઝાર (આ. ફા.) ચાકર, સેવક.

ખિલઅત (આ.) માન તરીકે આપેલો પોશાક.

ખુદ (ફા.) પોતે. જેમ—મગનલાલ ત્રિકમજીની સહી દા. ખુદ.

ખુદ બ દૌલત (ફ. આ.) ગવર્નર જનરલ ઇન કાઉન્સિલ; નામદાર પોતે.

ખુદાએગાન (ફા.) સાહેબ ધણીઓ, મહેરબાન શેઠ સાહેબો.

ખુદાવંદ (ફા.) ધણી; દેવ જેવો. આ વિશેષણ રાજાઓને લગાડવામાં આવે છે. જેમ—ખુદાવંદ મહારાજા સાહેબ.

ખુશ્કી (ફા.) સૂકી જમીન. જમીન પરનો રસ્તો તે ખુશ્કી અને દરિયા પરનો તે તરી.

ખુંટ (સં. કુણ્ઠ=અટકાવવું.) ખાંભા, નિશાન, ચિહ્ન.

ખૂની (ફા.) માણસને મારી નાખનાર, મનુષ્ય હત્યા

કરનાર.

ખેડુ ખરાજાત (સં.+ફા.) ખેડના ખરચ બદલ ખેડુતોને જે પાછું આપવામાં આવે છે તે.

ખેતાબ (આ. ખિતાબ.) ટાઇટલ, ઇલ્કાબ.

ખેર આફિયત (આ.) ક્ષેમકુલ, સુખશાંતિ; દુઃખથી દૂર.

ખેરાતી (આ.) ધર્મદાનમાં આપેલું.

ખેરીઅત (આ. ખૈરત.) સારૂં; ભલાઇ: ખુશ મિજાજ; કુશળ. પત્ર લખવામાં હિંદુ લોકો જ્યાં કુશળ શબ્દ વાપરે છે, ત્યાં મુસલમાન લોકો ખેરીઅત શબ્દ વાપરે છે.

ખેલ (તુર્કી=ખએલ.) ઘોડે સ્વાર લશ્કર, લશ્કરની ટુકડી. જેમ—"સેના ખાસ ખેલ" એવો નામદાર ગાયકવાડ સરકારનો ઇલ્કાબ છે.

ખોખું (દેશ્ય.) શીકરાઇ ગયેલી હુંડીનો કાગળ.

ખોરડું (દેશ્ય.) રહેવાનું ઘર.

ખોળો (ફા. હિંદી.) કુંવર, કારભારી, હવાલદાર ઇત્યાદિનો ઉપજ ઉપરનો લાગ. ગામનો પટેલ અથવા બીજો હકદાર ખોળામાં સમાય એટલા દાણા લઇ જાય માટે તે ખોળો.

ગટર (ઇં.) રસ્તાની બાજુ ઉપરથી પાણી વહી જવાનો માર્ગ.

ગઢ વેરો (દેશ્ય અથવા સં. દુર્ગ ઉપરથી ગઢ+વેરો.) ગામના કિલ્લાનું ખર્ચ નભાવવા માટેનો વેરો.

ગણોત (સં.) ખેતર કે વાડીની જમીનનું ભાડું, સાંથી.

ગણોત નામું (સં.) ગણોતનો લેખ.

ગદી (દેશ્ય.) ગદિઆણો, અરધા રૂપિયા ભાર. જેમ-સોનું ગદી ૫.

ગધાણુ-ગદાણુ (દેશ્ય. ગહણું=પાણી વગરનું સ્થાન, તે ઉપરથી ગધાણુ.) પડતર. ગધાણુ જમીન=થોડી મુદ્દત સુધી ખેડયા વગરની જોડ પડી હોય એવી જમીન.

ગમી (આ.) શોકનો અવસર; તેથી ઉલટો શબ્દ શાદી. શાદી ગમી=લગ્ન કે મરણ પ્રસંગ.

ગયાલ=જે મિલ્કત દેવામાં ચાલી ગઇ હોય તે; જે ધણી પાછળ વારસ મૂકી ન જાય તે ગયાલ કહેવાય; જે ઢોરનો માલેક ન મળી શકતો હોય તે ગયાલ ઢોર કહેવાય. ગયાલ=માલેક વગરનો.

ગરાસ (સં. ગ્રાસ= કોળીઓ.) જમીનની મિલ્કત જેવી કે ખેતર, વાડી વગેરે ગુજરાનનું સાધન.

ગરીબપરવર (આ. ફા.) ગરીબનું પોષણ કરનાર.

ગર્ડર (ઇ.) મોભ, મુખ્ય ટેકો; તે લાકડા કે લોઢા ગમે તેનો બનેલો હોય, પણ આપણા લોકો તો લોઢાવાળા મોભને જ ગર્ડર કહે છે.

ગલારો=કડા; શેરડીનો રસ ઉકાળવાનુ મોટું વાસણ.

ગવર્નમેન્ટ (ઇં.) સરકારી રાજ્ય ચલાવનાર મંડળ.

ગવર્નમેન્ટ પ્લીડર (ઇં.) કોર્ટમાં સરકાર તરફથી ફોજદારી કામ ચલાવનાર વકીલ.

ગવર્નમેન્ટ સિક્યૂરિટી (ઇં.) સરકારી કરજાઉ લેખ જેને પ્રામિસરી નોટ કહે છે તે.

ગવર્નર ઇન કાઊન્સિલ (ઇં.) ગવર્નર સાહેબની ધારા સભામાં પ્રમુખ તરીકે જે ગવર્નર હોય તે. જેમ—મુંબઇ ઇલાકાનો ગવર્નર તે ગવર્નર—ઇન—કાઉન્સિલ.

ગંગા સ્વરૂપ (સં.) ગંગાનાં જેવાં. કાગળ લખવામાં વિધવા બાઇને આ વિશેષણ લગાડવામાં આવે છે. જેમ—ગંગા સ્વરૂપ બાઇ ધનકોર. સધવા સ્ત્રીને "સૌભાગ્યવતી" લખવામાં આવે છે.

ગંજ (ફા.) ખળામાં જમીનદારનો દાણાનો હિસ્સો—ઢગલો.

ગંજી (ફા.) ઘાસનો કોઠો.

ગંજો = વહાણ.

ગાઝી (આ.) લડવૈયો, માર્ટર. જેમ--ફિરોજશાહ બાદશાહ ગાઝી, અફગાન ગાઝી.

ગામ ઝાંપો (સં.) ગામના પરચુરણ ખરચ માટેનો ફાળો—ઉઘરાણું.

ગામાત ખાતું. (સં. ફા.) ગામ ઝાંપાનું ખાતું.

ગામાયત (સં.) ગામનો ભાગીઓ, ગામ ભાગની જમીન.

ગામોટ (સં.) ગામનો માન્ય કરેલો પુરોહિત બ્રાહ્મણ.

ગાસ ઘરેણુ (સં. ઘર્ષ=ઘસારો+ગ્રહણ=કબજામાં લેવું.) કબજામાં મિલ્કત રાખીને તે મિલ્કત ભાડે આપી અથવા બીજી રીતે વાપરવાની બોલી કરીને તે ઉપર આપેલાં નાણાંનો વ્યવહાર; આ વ્યવહારમાં મિલ્કતના ઘસારાને બદલે નાણાંનું વ્યાજ હોતું નથી.

ગીરાસીઆ (સં.) વંશપરંપરા જમીનની માલેકી ધરા-

વનાર ક્ષત્રિય.

ગીરો (ફા.) સાનમાં મૂકેલું, ઘરેણે મૂકેલું; દેવા પેટે થાપણમાં કંઇ મિલ્કત મૂકવી તે.

ગોલો (આ.) ગુલામ, સેવક.

ગીસરૂં–ગીસલું=સાંતી; ૨૦ થી ૩૦ એકર સુધીની જમીન.

ગુડવિલ (ઇ.) ધંધામાં બતાવેલી ચાલાકી, વ્યવસ્થા અથવા મીઠી નજરને લીધે ધંધા ઉપર જે નફો થયો હોય તે; મીઠી નજર.

ગુઃ = જે જમીન પવન અથવા બીજા કારણને લીધે ટીબા ટીંબા જેવી થઇ ગઈ હોય તે, ઢુઇ.

ગુણ નિધાન (સં. ગુણ+નિધાન=ભંડાર.) સદ્‌ગુણથી ભરપૂર; સદ્‌ગુણનો ભંડાર.

ગુણાલંકૃત (સં.) ગુણસંપન્ન; સદ્‌ગુણથી શણગારાયલો.

ગુન્હેગાર (ફા.) પાપી, કસૂર કરનાર.

ગુન્હો (ફા.) કસૂર, પાપ, ભૂલ.

ગુમાસ્તો (ફા. ગુમાસ્તા.) મુનીમથી ઊતરતો મહેતો; પ્રતિનિધિ, એજન્ટ, વકીલ.

ગુંઠો (ઇં. ગન્ટર ઉપરથી ગુંઠો.) એકરનો ૪૦ મો ભાગ.

ગૃહપ્રવેશ (સં.) ગુન્હો કરવાના ઇરાદાથી ઘરમાં પેસવું તે; રજા વગર કોઇના ઘરમાં દાખલ થઇ જવું તે.

ગેઝેટ (ઈ.) વર્તમાન પત્ર; સરકાર તરફથી પ્રગટ થતું વર્તમાન પત્ર જેમાં કાયદા કાનુનો અને રાજાની જાહેર ખબરો

પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેમ—ભાવનગર દરબારી ગેઝેટ, બોમ્બે ગવર્નમેન્ટ ગેઝેટ.

ગેઝેટેડ ઓફિસર (ઇં.) જે સરકારી અમલદારની નીમનોક, ફેરબદલી, રજા વગેરેની હકીકત સરકારી ગેઝેટમાં છપાતી હોય તે અમલદાર. ગેઝેટેડ ઓફિસરનું પ્રોમોશન, નીમનોક વગેરેમાં મુંબઈ સરકારની મંજૂરી મેળવવી પડે છે.

ગેર (આ.) વિરૂદ્ધ, બીજો, જુદો, સિવાય, વગર. જેમ—ગેર શખ્સ, ગેર આબરૂ, ગેર કાયદે. ગેર એ ફારસી ઉપસર્ગ છે.

ગેર વલ્લે (આ.) ચોકસ ઠેકાણે નહિ પહોંચેલું; પત્તો લાગેલો નહિ એવું.

ગેર શિરસ્તે (આ. ફા.) રીતસર નહિ, ગેર કાયદે; ધોરણસર નહિ.

ગેરૂ=ઘઉંના છોડને થતો રોગ.

ગોટી=તમાકુની આમળો આપેલી ઝૂડી.

ગોઠ (સં. ગોષ્ઠ=સભા, ગોષ્ઠ્=જમાડવું.) મીજબાની, જમણ.

ગોઠ=ગામડાને લગતી નકામી જમીન, ખરાબો.

ગોસ (ફા. ગસ્ત=પ્રદક્ષિણા.) દરિયાની સફર.

ગોંદરો (સં. ગો=ગાય+રૂધ્=અટકાવવું). ગાયનાં ધણ જ્યાં બેસે છે તે; ગામનો પાદર; જ્યાં ગાયનું ધણ એકઠું થાય તે જગા.

ગૌચર જમીન (સં. ફા.) જે જમીન ગાયોને ચરવા માટે જોડ રાખી હોય તે.

ગ્રથ-ગર્થ (સં.) નાણું, પુંજી.

ગ્રેડ (ઇં.) દરજ્જો, પગથીઉં. જેમ—ફર્સ્ટ ગ્રેડ, સેકન્ડ ગ્રેડ, લોવર ગ્રેડ, હાયર ગ્રેડ.

ઘરખેડ (સં.) જમીનનો માલિક પોતાની જમીન પોતે જ ખેડે તે.

ઘરઘરણું (સં. ગૃહ=સ્ત્રી+ગ્રહણ=પકડવું.) પુનર્લગ્ન.

ઘરેણાઉ (સં. ગ્રહણં.) ગીરવી; થાલમાં મૂકાયલી વસ્તુ-બાબત.

ઘરેણાવટ (સં. ગૃહ્=પકડવું.) ગીરવી મૂકેલાં ઘરેણાં કે માલ અમુક મુદ્દતમાં ગીરવી મૂકનાર છોડાવી ન જાય તો તેની હાજરી વગર ધીરનાર માણસ તે વેચીને તેમાંથી પોતાનાં નાણાં વસૂલ કરી શકે. જેમ—અમારાં ઘરેણાં ઘરેણાવટ છે.

ઘસીઉં મીઠું=કુદરતી રીતે મળી આવતું સાધારણ મીઠું. તેથી જુદી જાતનું મીઠું તે વડાગરૂ મીઠું.

ચતુરશી (સં.) ચારે બાજુ.

ચપરાશ (ફા. ચપ=ડાબી+રાસ્ત=જમણી.) સીપાઇનો પટ્ટો. તે ઘણું કરીને પીતળનો અને તે ઉપર અક્ષર કોતરેલા હોય છે.

ચરખા વેરો=(સં. ચક્ર+વેરો.) કપાસ લોઢવા ઉપરનો વેરો.

ચરણ રજ (સં.) પગની ધૂળ. જેમ—કૃપા કરી આ ચરણ રજ સેવકની વિનતિ સાંભળશો.

ચરાઈ વેરો (સં.) બીડ કે જંગલમાં ઢોર ચરાવવામાં આવે તેની ફી.

ચરીઆણ (સં.) ગૌચર જમીન.

ચવ=ખેડાયલી જમીન.

ચવ ગરાસ=જે ખેડાતી જમીન ખેડૂત પોતે વેચી શકે અથવા ગીરવી મૂકી શકે તેવો ગરાસ.

ચવબંધી વેરો=જમીન વેરો.

ચશ્મપોશી (ફા.) જાણ્યું અજાણ્યું કરવું, અખાડા કરવા.

ચંદ્રોકાળ (સં.) ચંદ્ર રહે ત્યાં લગી; હમેશને માટે, સદાકાળ.

ચારોલું (સં.) ચારો; ઢોરને સારૂ ઘાસ દાણો.

ચાર્જ (ઇ.) હવાલો, કબજો, સ્વાધીન કરવું તે; (લશ્કરી) હુમલો કરવો.

ચાસ–ચાશ (સં.) ધડો, ખેડવાન જમીન; જમીન ખેડવાનો હક; ખેતરમાં હળ કળપીથી જમીનમાં પાડેલા લીટા; અનાજના છોડની હાર.

ચિત ઘરેણું=પોતાનો કબજો રાખ્યા વગર ઘરેણે મૂકવું તે.

ચિત ઠામ=અવેજમાં કંઇ મિલ્કત મૂકવી તે.

ચિરંજીવી–ચિરંજીવ (સં.) ઘણું જીવનાર, અમર. કાગળ લખવામાં વડીલ હોય તે નાનાને ચી. કરીને લખે છે.

ચી. (સં.) ચિરંજીવીનું ટુંકું રૂપ; ઘણું જીવનાર.

ચીફ કોન્સ્ટેબલ (ઇં.) ફોજદાર, જમાદાર. પોલિસ ખાતામાં નોકરીનો ક્રમ આ પ્રમાણે હોય છે. ૧. પોલિસ સીપાઇ રૂા. ૧૦. ૨. ફર્સ્ટકલાસ પોલિસ સીપાઇ રૂા. ૧૨. ૩. નાયક રૂા. ૧૨. ૪. ફુલ નાયક રૂા. ૧૩. ૫. હવાલદાર રૂા. ૧૬. ૬. જમાદાર રૂા. ૨૦: ૭. સેકન્ડ કલાસ ફોજદાર રૂા. ૩૦. ૮. ફર્સ્ટ કલાસ

ફોજદાર કે ચીફ કોન્સ્ટેબલ. ફા. ૬૦.

ચીફ કોર્ટ (ઇં.) મુખ્ય કોર્ટ. ચીફ=મુખ્ય.

ચીલો (દેશ્ય.) રસ્તા–સડક ઉપર ગાડાં ચાલે તે બાબતનો વેરો.

ચુંગી=વળતર, મોજમાં આપેલું તે.

ચૂલા વેરો (સં. ચુદત્રી=ચૂલો+વેરો.) ઘર દીઠ જે વેરો લેવામાં આવે છે તે. કેટલાક ભાગમાં તે સાંતી વેરાને બદલે લેવાય છે.

ચેક (ઇં.) હુંડી, સાહુકાર ઉપરની નાણાં આપવા સંબંધી ચીઠી.

ચોકશી (સં.) ઘરેણાં ગાઠાં ખરાં ખોટાં તથા કેટલાં વલાં છે તે પારખનાર. ચોકશી=તપાસ. જેમ–ચોરી બાબત ચોકશી ચાલે છે.

ચોરો (સં.) ગામનું મુખ્ય સ્થાન, ચૌટું.

છલ=એ ત્રણ વર્ષ સુધી જેના ઉપર વજે ન લેવામાં આવ્યો હોય એવી તાજેતર ખેડ; પસા, ધોરી પસા.

છાસટીઓ (સં.) ઊનાળુ જાર. આ પાક ૬૬ દિવસમાં તૈયાર થાય છે, માટે તે છાસટીઓ.

છેડાછુટ (દેશ્ય. છેડા+સં. સૃજ્=તજવું.) સંબંધ તોડવો તે. હલકી વર્ણમાં જ્યારે સ્ત્રી પુરૂષને ન બને ત્યારે પુરૂષ સ્ત્રીને છેડાછુટ આપે એટલે તે સ્ત્રી બીજે પરણી શકે.

છોટાં (દેશ્ય.) ચામડાના પટ્ટા, પેગડાના ચામડાના પાટા.

છોડાં (દેશ્ય.) કાચું ચામડું; કમાવ્યા વગરનું ચામડું.

જકાત (આ. ઝકાત.) દેશમાંની આયાત નીકાશ ઉપરનો વેરો.

જખમ (ફા. ઝખ્મ.) ઘા. જખમી=ઘાયલ.

જજમેન્ટ (ઇં.) ઠરાવ, ફેંસલો, ઇન્સાફ આપવાનાં કારણો આપી જેમાં ઠરાવ નોંધવામાં આવે છે તે.

જઝીઆ (આ.) મુસલમાન ન હોય એવા બીજી કોમના જુવાન પુરૂષો પાસેથી, ઉપજના ૪૦ મા ભાગનો, ધર્મે ચુસ્ત મુસલમાન બાદશાહો જે કર લે તે.

જડ્જ (ઇં.) ન્યાયાધીશ, મુનસિફ, ઇન્સાફ કરનાર.

જત (સં. યત્.) જે, કે. જેને લખવું હોય તે અને જે લખવાનું હોય તે બેનો સંબંધ દેખાડનાર શબ્દ; બીજું, તે. જેમ–શ્રી મુંબઇથી લી. શા. અમરચંદ નેણશીના જુહાર વાંચજો, જત લખવા કારણ એ છે જે–

જનરલ ઓફીસર (ઇં.) લશ્કર, ડિવિઝન અથવા બ્રિગેડનો ઉપરી અમલદાર.

જનરલ ડ્યૂટી (ઇં.) સાધારણ ઉપલક દેખરેખનું કામ; હોદ્દાને લગતું ખાસ જે કામ હોય તે ઉપરાંત સોંપાયલું બીજું કામ.

જનાબ (આ.) હજૂરમાં, રૂબરૂમાં, મોઢા આગળ; મહાશય. Excellency, Lordship. જેમ–જનાબે આલી, મહે. એન્જીનીઅર સાહેબની જનાબમાં.

જનાબે આલી (આ.) Your Excellency; ખુદાવંદ; મહાશય શ્રી.

જપ્ત કરવી (આ.) લઇ લેવી, ખૂંચવી લેવી, ટાંચ મારવી.

જપ્તીદાર (આ. ફા.) રેવિન્યુ કોર્ટ તરફથી મિલ્કત કબજે કરવાનું કામ કરનાર સરકારી અધિકારી; રેવિન્યુ કામ બાબત મિલ્કતને ટાંચ મારનાર તથા સરકારી નાણું વસુલ કરનાર અધિકારી.

જબરદસ્તી (ફા.) બળાત્કાર, જુલમ.

જમાદાર (આ. ફા.) ઘોડે સ્વાર લશ્કરમાં અરધા ટ્રુપ એટલે ૪૩ માણસનો ઉપરી અમલદાર; સાધારણ રીતે થોડાક સીપાઇના ઉપરીને માનની ખાતર જમાદાર કહે છે. વખતે ગમે તે સીપાઇને માનની ખાતર જમાદર કહીને બોલાવવામાં આવે છે.

જમાની ખત (આ.) જામીનગીરી–હામી આપ્યા બાબતનો લેખ.

જમા બંધી (આ. ફા.) દેશની જમીન વેરાની ઉપજ અથવા એ ઉપજ ઊઘરાવવાની પદ્ધતિ.

જમીનદાર (આ.) ગરાસીઓ, જમીનનો માલેક.

જરાયત જમીન (આ.) ખેડવા લાયક જમીન, ખેતર, વરસાદના પાણીથી જેમાં પાક થાય છે તે; જેને કૂવા વગેરેના પાણીની મદદ મળતી નથી તેવી જમીન.

જરબ (આ. ઝર્બ.) ઘા મારવો, ઘા મારી છાપ પાડવી. જેમ–સિક્કા ઉપર લખાય છે કે "ત્રણ દોકડા, ઝરબ ભુજ"=આ ત્રણ દોકડાનો સિક્કો ભુજમાં પાડવામાં આવ્યો છે. ઝરીબખાના (આ. ફા.) ટંકશાળ.

જલ્સો (આ.) સભાનું એકઠું મળવું તે; ભભકાદાર મેળા-

વડો.

જસ્ટિસ (ઈં.) ન્યાય, ન્યાયાધીશ.

જહાઝ (આ.) વહાણુ.

જહાંપનાહ (ફા.) જગતને આશ્રય આપનાર. Your Majesty.

જંગમ મિલ્કત (સં.+આ.) જે મિલ્કત ખસેડી શકાય એવી હોય તે. જેમ—રૂપિયા, ઘરેણાં, ઢોર, ઘરનો સરસામાન ઇ.

જંજીરો (આ. જઝીરા.) બેટ. જેમ જંજીરે મુંબઇ એટલે મુંબઇ બેટ.

જાગીર (ફા.) બક્ષિસમાં મળેલી જમીન.

જાગીરદાર (ફા.) બક્ષિસમાં મળેલી જમીન જેને છે તે.

જાતમિલ્કતથી (આ.) શરીર અથવા ધન માલથી.

જાતી વેરો=ભરવાડ ઉપરનો વેરો.

જાની. (સં.) બ્રાહ્મણમાં ઓડક છે. વેદીઆ, વ્યાસ, પંડયા, ત્રવાડી, દવે, જાની, જોશી વગેરે બ્રાહ્મણોમાં ઓડક હોય છે.

જામીન (આ. ઝામિન.) હામી આપનાર; નુકશાની બદલ અવેજ આપવા બંધાનાર; અમુક બાબત પાળી આપવા સરકાર પ્રત્યે જે માણસ બંધાય છે તે. જેમ--કોર્ટ તેને જામીન ઉપર છોડે છે.

જારા (દેશ્ય.) ઊનાળુ જાર.

જાવક બુક (સં.+ઇં.) મોકલવાના કાગળોની જે બુકમાં નકલ રાખી લેવામાં આવે છે તે; તેથી ઉલટી તે આવક બુક.

જાસા (ફા. યાસા=બાદશાહી હુકમ. આ. યાસ=બીક.) **ધમકી**; બીવડાવનારૂં કહેણુ મોકલવું તે. જાસા ચીઠી=ધમકી

ભરેલો પત્ર.

જાસૂસ (આ.) બાતમીદાર; ખાનગી ખબર બીજેથી લાવી પહોંચાડનાર.

જાહેર (આ. ઝાહિર.) પ્રકાશિત, પ્રસિદ્ધ, દેખીતું. જેમ–જાહેર ખબર, તેથી ઉલટી તે ખાનગી ખબર.

જી. આઇ. પી. આર. (ઇ.) ગ્રેટ ઇન્ડિયન પેનિન્સુલર રેલ્વે. દક્ષિણ હિંદના મોટા દ્વીપકલ્પની રેલ્વે.

જીઆફત (આ.) મીજબાની, ગોઠ.

જીન (ઇ.) કપાસ લોઢવાનો સંચો.

જીનસી (આ. જીન્સ=જાત, માલ.) જે જાતની ઊપજ થઇ હોય તે જ માલ ભાગમાં લેવો તે; વીઘોટી અને કણગરીથી ઉલટું તે જીનસી. જીનસીથી ઉલટું તે નગદી.

જીલ્લો (આ. ઝિલઅ.) પ્રગણું, બાજુ, પાંસળી. જેમ–જીલ્લે સૂરત.

જીવાઇ (સં.) સારી નોકરીના બદલામાં આપેલી જમીન; ગુજરાનનું સાધન, પગાર. જેને જીવાઇ મળતી હોય તે જીવાઇદાર.

જી. સી. આઇ. ઇ. (ઇ.) નાઇટ ગ્રાંડ કમાન્ડર ઑફ ધી ઑર્ડર ઑફ ધી ઇન્ડિયન એમ્પાયર. એક ઇલ્કાબ છે, જેનો અર્થ હિંદની શેહેનશાહતનો મોટો સૂબો એવો થાય છે.

જી. સી. એસ. આઇ. (ઇ.) નાઇટ ગ્રાંડ કમાન્ડર ઑફ ધી ઑર્ડર ઑફ ધી સ્ટાર ઑફ ઇન્ડિયા; "હિંદના સિતારાનો સેનાધિપતિ" એવો એક ઇલ્કાબ છે.

જુબાની (ફા.) સોગંદ ઉપર કોર્ટ કે બીજા કોઇ અમલદાર રૂબરૂ જે કહેવામાં આવે તે. (ફા. ઝબાન્=જીભ, તે ઉપરથી ઝબાની=મ્હોઢેનું.)

જુમલે (આ.) કુલે, એકંદરે.

જુમ્બેશ (ફા.) ખળભળાટ, ઉશ્કેરણી.

જુમ્મો (આ. ઝિમ્માહ્.) હવાલો, સોંપેલું કામ; કામનું જોખમ.

જુલમ (આ. ઝુલ્મ.) જબર દસ્તી, વગર વાંકે હેરાન કરવું તે; અન્યાય કરી દુઃખ દેવું તે.

જુહાર (દેશ્ય.) જે ગોપાળ, સલામ; શ્રાવક લોકોમાં પ્રણામ-નમસ્કાર. આ શબ્દ અનેક વચનમાં વપરાય છે.

જૂનિયર (ઇ.) નવો, ઊતરતી પંક્તિનો. જેમ-હરજીવન મારો જૂનિયર છે. જૂનિયરથી ઉલટું તે સીનિયર.

જે ગોપાળ (સં.) ભગવાનની જય; પત્ર લખવામાં સલામને બદલે આ શબ્દ વપરાય છે.

જેલ (ઈ.) બંધીખાનું, કેદખાનું.

જોગ (સં. યોગ્ય.) પ્રત્યે, ને, તરફ. જેમ-ખુશાલદાસ મગનલાલ જોગ લી. મોતીચંદ ભવાન.

જોડ=ખેડયા વગરની પડતર જમીન.

જોર તલબી (ફા. જોર=બળ+આ. તલબ=માગણી.) જુનાગઢ સરકાર તરફથી લેવાતી ખંડણી. જોરથી જે ખંડણી કબુલાવી હોય તે.

જ્ઞાપન (સં.) ખબર આપવી, જાહેર કરવું, જાણ કરવું તે.

જ્ઞાપિત (સં.) જાહેર કરેલું.

જ્યૂડિકેચર (ઇં.) ઇન્સાફ આપવાનો અધિકાર; એવા અધિકારવાળી કોર્ટ.

જ્યૂડિશિયલ (ઇં.) ન્યાય સંબંધી, ન્યાયખાતાનું.

જ્યૂરર (ઇં.) પંચમાં નીમાયલો માણસ.

ઝડફ (આ. ઝર્બ=સિક્કો કરેલો.) વાયદો. જેમ—ઝડફનો કપાસ વેચ્યો છે=વાયદાનો કપાસ વેચ્યો છે. ભરૂચ જીલ્લામાં ઝરબ શબ્દ વપરાય છે.

ઝનૂન (આ. જુનૂન.) ગાંડપણ.

ઝાંપા વેરો=ગામના પરોણાઓના ખરચ માટે ખેડુત તરફથી અપાતો વેરો.

ઝુલ=બળદ કે ઘોડાનું ઓઢણ-કવર.

ઝુંઝો=સલો. (જુઓ સલો શબ્દ.)

ઝોળી ઝાંપો=ભીખારીઓને આપવા માટે ગામ તરફથી ખેડુતની ઉપજ ઉપર નાંખવામાં આવેલો કર.

ટકો (સં.) ત્રણ પૈસા, સેંકડા ઉપર જે ઠરાવેલું હોય તે. જેમ—સેંકડે ૬ ટકાનું વ્યાજ એટલે ૧૦૦ રૂપિયે ૬ રૂપિયાનું વ્યાજ.

ટપ્પો (હિંદી.) મુકામ, પડાવ, મજલ, થાણું. જેમ—ટપ્પે રોહીશાળા=રોહીશાળાનું થાણું.

ટંડેલ-તંડેલ=વહાણનો મુખ્ય ખલાસી, હર કોઇ ખલાસીને માનની ખાતર કેટલેક ઠેકાણે ટંડેલ કહે છે.

ટાઇટલ (ઇં.) લખાણનું મથાળું. જેમ—ચોપડીનું ટાઇટલ

પેજ; ઈલ્કાબ જેમ—તેને જે. પી. નું ટાઈટલ છે; હક.

ટાંચ (ઇં. એટેચમેન્ટ.) કોઈ પણ કારણસર કોર્ટ તરફથી મિલ્કત કોર્ટને સ્વાધીન રાખવામાં આવે તે. જેમ—તેની દુકાને ટાંચ મારી છે. એવી રીતે ટાંચ મારીને સરકાર તે મિલ્કત પોતે લઈ લે તો તે કોન્ફિસ્કેટ થઇ કહેવાય.

ટીપ (સં. ટિપ્પની.) યાદી, નોંધ.

ટીલાયત (સં.) પાટવી કુંવર.

ટેક્સ (ઇં.) કર, મહેસુલ, વેરો. જેમ-ઇન્કમટાક્સ=કમાણી ઉપરનો કર. લાઇસેન્સ ટેક્સ=ધંધો કરવાની છુટ મેળવવા જે કર લેવામાં આવે છે તે.

ટેલીગ્રાફ (ઇં.) તારના સંદેશાનો સંચો; તાર ખાતાનું કામ. ટેલીગ્રામ=તારનો સંદેશો.

ટોલ ટેક્સ (ઇં.) જાહેર રસ્તા, પુલ વગેરે ઉપરથી ચાલતાં ગાડાં કે ઢોર ઇત્યાદિ ઉપર માથા દીઠ જે વેરો લેવામાં આવે છે તે.

ટ્રસ્ટી (ઇં.) અમાનતદાર, જુમ્મેદાર; જેને કંઇ મિલ્કત વહીવટ કરવા સોંપેલી છે તે. એ સોંપેલું કામ તે ટ્રસ્ટ કહેવાય.

ટ્રાન્સ્ફર રિસીટ (ઇં.) અમુક ઠેકાણે ભરેલાં નાણાં બદલ બીજી જગોએ તે નાણાં મળવાની ચીઠી. હુંડીમાં હુંડીઆમણ હોય છે, પણ ટ્રાન્સ્ફર રિસીટ હુંડીઆમણ લીધા વગર કહાડવામાં આવે છે. એક સરકારી ટ્રેઝરીમાં કોઇ સરકારી અમલદાર રૂપિયા ભરી તે બદલ બીજી ટ્રેઝરીમાંથી રૂપિયા લેવા ઇચ્છા બતાવે, ત્યારે તેને પહેલી ટ્રેઝરી ટ્રાન્સ્ફર રિસીટ આપે, તેની રૂએ તે બીજી ટ્રેઝરીમાંથી નાણાં વસુલ લેવડાવે. (ટ્રેટ્રાન્સ્ફર=

બદલો+રિસીટ=ભરેલાં નાણાં.)

ટ્રીટી (ઈં.) કોલ કરાર, સંધિ.

ટ્રેઝરર (ઈં.) ખજાનચી, ભંડારી.

ટ્રેઝરી (ઈં.) ખજાનો, નાણાંનો ભંડાર.

ટ્રુપ (ઈં.) ઘોડેસ્વાર લશ્કરની ટુકડી. તેમાં આશરે ૮૬ સવાર હોય છે.

ટ્રેનિંગ કોલેજ *(ઈં.)* મહેતાજીઓના કામ સારૂ લાયક કરનારી-મહાવરો કરાવનારી-પલોટનારી પાઠશાળા.

ઠા.=ઠક્કર; લુહાણા, ભાટિયા ઈત્યાદિ ઠક્કર લખાય છે. જેમ-ઠા. ખેચર મેઘજી.

ઠામ (સં.) જુઓ શાન અને થાળ.

ડુંગો=નાસ્તો, જરા ચા પાણી મીઠાઈ.

ડક્કો (ઈં. ડાક.) બંદર કાંઠે માલ ચઢાવવા ઊતારવા માટેની બાંધેલી જગા; આ ઉપરથી રેલ્વેમાં માલ જ્યાં ચઢાવે ઊતારે તેને ધક્કો કહે છે.

ડાયરી *(ઈં.)* રોજનીશી; દરરોજની હકીકત જેમાં લખી રાખવામાં આવે છે તે. પોલિસ અમલદારોને દરરોજની ડાયરી લખવાનો હુકમ છે.

ડિપાર્ટમેન્ટ (ઈં.) ખાતું, કારખાનું. જેમ-જ્યુડિશિયલ ડિપાર્ટમેન્ટ.

ડિપ્રેસ્ડ (ઈં.) હલકું, દબાયલું; સંસારમાં જે જાતો હલકી-પાછળ પડી ગઈ છે તે "ડિપ્રેસ્ડ કાસ્ટ" કહેવાય છે.

ડિરેક્ટર (ઈં.) દોરવનાર, રસ્તો દેખાડનાર; ઇલાકાના કોઈ

ખાતાના મુખ્ય અમલદાર ઘણું કરીને ડિરેક્ટર કહેવાય. જેમ· ડિરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન, બોમ્બે; ડિરેક્ટર જનરલ ઓફ પોસ્ટ ઓફિસિઝ. એવી જ રીતે કોઇ મીલ કે કંપનીના પ્રવર્તાવનારા ડિરેક્ટર કહેવાય છે.

ડિલિવરી (ઇં.) સોંપી આપવું તે; ટપાલ ખાતામાં પોસ્ટ-મેન કાગળ વગેરે લોકોને વહેંચી આપે છે તે, વહેંચણી.

ડિવિઝન (ઇં.) ભાગ; બાદશાહી લશ્કરનો એક વિભાગ, તેમાં ૧૦૦૦૦ માણસ હોય છે, તેના ઉપરીને જનરલ કહે છે.

ડિસ્ટ્રિક્ટ (ઇં.) જીલ્લો, પ્રગણું, મહાલ. ડિસ્ટ્રિક્ટ કોર્ટ= જીલ્લાની કોર્ટ.

ડિવિડેન્ડ (ઇં.) કોઇ પણ કંપનીની પોતાના વેપાર ધંધા ઉપર થયેલા નફાની શેર મુજબની ભાગદારોને વહેંચણી.

ડીપો–ડેપો (ફ્રેંચ.) વખાર, કોઠાર. જેમ–બુક ડીપો=ચોપડીઓની વખાર.

ડીપ્રેશન (ઇં.) આબરૂ પાડવી તે.

ડુપ્લીકેટ (ઇં.) બેવડી. ડુપ્લીકેટ કોપી=બીજી નકલ.

ડુર=બાજરાના દાંડાનો ભૂકો.

ડેકોઇટી (ઇં.) લૂટ, અપહરણ, ધાડચોરી.

ડેડસ્ટોક (ઇં.) બહાલી પડી રહેલી વસ્તુઓ; અપ્રાપ્તિકારક ભંડોળ.

ડેપ્યુટી (ઇં.) કોઇની વતી કામ કરનાર, પ્રતિનિધિ, નાયબ.

ડેમી (ઇં.) અર્ધું. ડેમી ઓફિશિયલ=અર્ધ સત્તાવાર.

ડોક વોરન્ટ (ઇં.) ગોદીમાં રાખેલા માલનું તેના માલેકને

આપેલું સર્ટિફિકેટ.

ડ્રાફ્ટ (ઇં.) મુસાદ્દો, ખરડો, લખાણનું ડોળિયું, હુંડી.

ઢંગરીઆ = કપાસ વીણનાર મજૂરો.

ઢાલ = ઊભા પાકનો અડસટ્ટો.

ઢાંઢા (સં. ષણ્ઢ.) બળદ.

ઢુઇ=જે જમીન પવન અથવા બીજા કારણને લીધે ટીંબા ટીંબા જેવી થઇ ગઇ હોય તે.

ઢુંગરાં = મજૂરે વીણેલા કપાસમાંથી મજૂરી બદલ તેને જે કપાસનો ભાગ મળે છે તે.

ઢુંસું = દાણા કાઢી લીધા પછી કણસલાંનો બાકી રહેલો ભૂકો.

તકલીફ (આ.) મહેનત, કામ કરાવ્યું હોય તે.

તકસીર (આ.) વાંક, ગુન્હો, ભૂલ.

તખ્ત (ફા.) રાજગાદી, સિંહાસન. તખ્તનશીન થવું=ગાદીએ બેસવું.

તગાઇ—તગાવી (આ. તકાવી.) સરકાર ખેડૂતોને જે આગળથી નાણું ધીરે તે; ખેડૂતોને આપેલું એડવાન્સ.

તજવીજ (આ.) શોધ, ખોળ, નક્કી કરવું તે.

તત્ર (સં.) ત્યાં

તપસીલ (આ.) વિગત, ખુલાસો.

તબદીલ (આ.)બદલવું; એકને નામેથી કાઢીને બીજાને નામે ચડાવવું.

તળોટ [સં.] ખેડવા લાયક જમીન હોય તે ઉપર કોઇ

તબીઅત (આ.) પ્રકૃતિ, મિજાજ.

તબીઅત બહાલ (આ.) પૂરેપૂરૂં આરોગ્ય; મિજાજ ઠેકાણે હોવો તે.

તરફ (આ. તર્ફ.) બાજુ, મુકામ, જગા.

તરફદારી (આ. ફા.) ખોટી રીતે અમુક પક્ષ પકડવો તે, અન્યાય, મહેરબાની.

તરી (ફા.) ભેજ, તાજગી; દરિયાનો રસ્તો તે તરી અને જમીનનો રસ્તો તે ખુસ્કી.

તરીકે (આ. તરીક=રસ્તો, રીત.) ને બદલે, બદલામાં, રીતથી, ને લીધે. જેમ—હાલ તે ફોજદાર તરીકે કામ કરે છે.

તર્જુમા (આ.) ભાષાન્તર.

તલાક (આ.) છૂટા છેડા, ડાઇવોર્સ. જ્યારે સ્ત્રી પુરૂષને ન બને ત્યારે પુરૂષ પોતાની સ્ત્રીને છુટા છેડા આપે, તેને તલાક કહે છે.

તવાજો (આ. તવાઝો.) અદબ, નમ્રતા, પરોણા ચાકરી. જેમ—ત્યાંના દરબારી માણસો અદબ તવાજો ઠીક જાણે છે.

તશરીફ (આ.) મળવા આવવું, મુલાકાત લેવી.

તસલમાત (આ.) એડવાન્સ આપેલી રકમ; હવાલો; કોઇ રકમ ખાતું નક્કી કર્યા વગર અગાઉથી આપી હોય તો તે તસલમાત ખાતે લખીને અપાય છે અને જેને આપવામાં આવે તે પોતાના ચોપડામાં અમાનત ખાતે જમા કરે છે.

તહનામું (ફા.) કરાર, સંધિ

તહેનાત (આ.) હુકમ, અધિકાર કે તાબામાં; કોઇ અમુ-

લશ્કરને કોઇ માણસ સોંપવામાં આવે તો બીજો માણસ પહેલાની તહેનાતમાં છે એમ કહેવાય.

તળપદ (સં.) રાજ ભાગ.

તળીઆં (સં.) ઊનાળામાં નદીના પટમાં જે ચીભડાં થાય છે તે.

તલાટી (દેશ્ય.) કુલકરણી, ક્ષુ, ગામનો મુખ્ય રેવિન્યુ અધિકારી.

તળાટું (સં.) તોળવાની ફી.

તળોટ (સં.) ખેડવા લાયક જમીન હોય તે ઉપર કોઇ વાડો કરે કે નદીમાં ચીભડાં કરે તે બાબતનો કર કે ભાડું.

તંડેલ=વહાણનો મુખ્ય ખલાસી, ખલાસી.

તંદુરસ્ત (ફા.) આરોગ્ય.

તાઉસ (અ.) મોર. તખ્તે તાઉસ=શાહજહાન બાદશાહે બનાવેલું મોરના આકારનું સિંહાસન.

તાકીદ (ફા.) ઊતાવળ.

તાગું (સં.) તોફાન; લેહેણા-માગણાને માટે કોઇને ત્યાં બેશી લાંઘણ કરી ઊઘરાણી કરીને પોતાનું લેણું છાંટવું તે.

તાજ (અ.) મુગટ. ક્રાઉન.

તાજા કલમ (ફા. તાઝા=નવી+અ. કલમ=બાબત, લેખણ) સહી કર્યા પછી વધારેલું લખાણ.

તાયફા (અ.) ટોળી.

તારીખ (અ.) તિથિ; બનાવ; ઇતિહાસ.

તાલુકદાર (અ. ફા.) તાલુકાનો ધણી, મોટો ગરાશીઓ.

તાલુકો (આ. તઅલ્લુક=તાબો, હાથ નીચે હોવાપણું, સંબંધ.) જીલ્લાના વિભાગમાંનો એક ભાગ; નાનું રાજ્ય.

તાહોદ (આ.) બંધી બંદોબસ્ત.

તીજુરી (ઈં. ટ્રેઝરી.) ખજાનો; નાણાં, ઘરેણાં વગેરે મૂલ્યવાન ચીજો મૂકવાની લોઢાની પેટી.

તીર્થ સ્વરૂપ (સં.) જે તીર્થની બરોબર છે તે; કાગળ લખવામાં આ વિશેષણ માતા કે પિતાને ખાસ લગાડવામાં આવે છે. જેમ–તીર્થ સ્વરૂપ પિતાજી નવનિધરાયની સેવામાં.

તુરંગ (પોર્ટુગીઝ.) કેદખાનું.

તુળશી પત્રે (સં.) કૃષ્ણાર્પણ; કંઈ પણ સામો બદલો લીધાની આશા વિના આપેલું દાન. એવું દાન આપતી વખતે તેમાં તુળશીના છોડનાં પાંદડાં મૂકવામાં આવે છે, માટે તુળશી પત્રે.

તૂશદાન –તોશદાન (ફા.) દારૂ ગોળી રાખવાની થેલી જે સીપાઈઓ પોતાની કમરે બાંધે છે તે.

તેજ બજાર (ફા.) ચઢતો ભાવ.

તેરીખ (આ.) તારીખ, મિતિ, વ્યાજનો દર. જેમ–૭ આનાની તેરીખે રૂપિયા વ્યાજે આપવામાં આવ્યા છે.

તેહેસીલ (આ.) મેહેસૂલની ઉઘરાત.

તોશાખાનું (ફા. તોશા=ખોરાક+ખાનું=જગા.) બાદશાહી ખોરાક સામાન વગેરે મૂકવાની જગા; સરકારી તીજોરી–ખજાનો.

તોહમત (આ.) ગુન્હો; ગુન્હેગાર ઠરાવવું તે.

તોહમતદાર (આ. ફા.) ગુન્હેગાર.

તોળાઇ (સં) ખળાનું અનાજ તોળવા–ભરવાની ફી.

ત્રાગું (સં. ત્રુટ્=તોડવું.) જુઓ તાગું.

ત્રિભેટો (સં.) જ્યાં ત્રણ ગામ કે રાજ્યનો સીમાડો એકઠો થતો હોય તે જગા.

થાણા વરાડ (સં.) થાણાના ખર્ચને માટે ગરાશીઆને જે ભાગે પડતું ખર્ચ આપવું પડે છે તે.

થાણું (સં.) જે ગામમાં પોલિસ રહેતા હોય તે; પોલિસ સીપાઇઓના પહેરાવાળું ગામ.

થાળ=શાન, અવેજ; દેવા પેટે જે મિલ્કત કબજામાં આપવી પડે તે.

થાળા દાણ=વાડીની જમીન ઉપરનો વેરો.

થાળા ફેરું=ખળાના ભાડા તરીકે પીત જમીન ઉપર લેવાતો કર.

થાળું (સં.) કોશનું પાણી કૂવામાંથી થઇ ને પ્રથમ જ્યાં આવી પડે છે તે.

દડી=સીમાડાની નિશાની, ખાંભા.

દત્તક (સ.) ખોળે લીધેલો, દીકરો કરી રાખેલો. દત્તક નામું=ખોળે બેસાડવા બાબતનો લેખ.

દત્ત્વા (સં.) દઇને.

દફતરદાર (ફા.) સરકારી દફતર રાખનાર; પોલિટિકલ એજંટ કે કલેક્ટર કે કમિશ્નર સાહેબના શિરસ્તેદારને પણ દફતરદાર કહે છે.

દફતરી (ફા.) દફતરદાર, રેકર્ડકીપર, રાજ્યનાં દસ્તાવેજ

સાચવનાર; રાજ્યનો હિસાબી ખાતાનો અમલદાર, ઓફિસકીપર.

દફેદાર (આ.) ઘોડેસ્વારમાં એક નાનો અમલદાર, તે ૩-૬ કે ૧૨ ઘોડેસ્વારોનો ઉપરી હોય છે.

દરખાસ્ત (ફા.) અરજ, સૂચના, પોતાનો મત દર્શાવવો તે.

દરદાવો (ફા.) બધા પ્રકારના હક.

દરબાર (ફા.) રાજાની કચેરી; કાઠિયાવાડમાં ગરાશીઆને સાધારણ રીતે દરબાર કહીને બોલાવે છે.

દરવાન (ફા.) દ્વારપાળ, બારણું-ડેવડી સાચવનાર.

દરોગો-દારોગો (ફા.) સુપરિન્ટેન્ડેન્ટ, દેખરેખ રાખનાર.

દલાલ (આ.) માલનું સાટું કરાવી આપનાર, બ્રોકર.

દર્શનાતુર (સં.) જોવાને-મળવાને આતુર. પત્ર લખનાર આસામી પોતાને આ વિશેષણ લગાડે છે. જેમ-મુંબઇથી લી. દર્શનાતુર સેવક નાનચંદ કપુરચંદના જુહાર વાંચશો.

દર્શનિક (સં.) દેખીતો. જે હુંડી દેખાડતાં જ તરત નાણાં મળે તે દર્શનિક હુંડી કહેવાય.

દસુંદ-દસોંદ (સં.) વેરા તરીકે ઉપજનો ૧૦ મો ભાગ આપવામાં આવે તે.

દસ્કત (ફા. આ. દસ્તખત=સહી, હાથના અક્ષર.) અક્ષર, હસ્તાક્ષર.

દસ્તાવેજ (ફા. દસ્ત=હાથ+આવીઝ=હેતુ, દલીલ.) લેખ.

દસ્તૂર (ફા.) રિવાજ; મુખ્ય દીવાન-કામકાજ કરનાર. જેમ-પારસી લોકોના દસ્તૂરો ધર્મગુરૂ તરીકે કામ કરે છે તે.

દસ્તૂરી (ફા. દસ્તૂરી=રજા, છુટી.) હમેશના રિવાજ મુજબ

જે ઊઘરાવાતો હોય એવો કોઇપણ વેરો; દસ્તુર—ધારાસર લેવાય તે દસ્તૂરી.

દંડ (સં.) શિક્ષા.

દંડવત્ પ્રણામ (સં.) લાકડીની પેઠે ભોંયે લાંબા પડી નમસ્કાર કરવો તે; પાય લાગણ. ટુંકામાં "દંડવત" પણ લખે છે. મોટાને નાનો દંડવત્ પ્રણામ લખે. જેમ—સૂરત મધ્યે વડીલ શ્રી ગંગાધર હરિલાલ જોગ શ્રી અમદાવાદથી લી. મકનજી ગંગાધરના દંડવત્ પ્રણામ વાંચશો.

દસ્તૂરૂલ અમલ (ફા. આ.) કામકાજ ચલાવવાનો ધારો-કાયદો: જેમ— "દસ્તૂરૂલ અમલ, સરકાર જૂનાગઢ," એ નામનું ગેઝેટ જૂનાગઢ સરકાર તરફથી બહાર પડે છે.

દાગીનો=કોઇ પણ વસ્તુ કે તેનું બંડલ, ઘરેણું, નંગ.

દાડીઆં (સં.) મજૂર વર્ગ; ખેડુત પોતાના મજૂર વર્ગને ખેતીની ઉપજમાંથી જે કંઇ આપે તે.

દાતાર સુંડલી (સં.) જૂનાગઢના ગુરૂદત્તાત્રયના મંદિર માટેનો કર.

દાદ (ફા.) ન્યાય, ફરિયાદ; આપી દેવું તે. જેમ—હું સરકાર પાસેથી દાદ માગું છું.

દાણ (સં.) વેરો, જકાત.

દાનત (આ. દિયાનત.) પ્રમાણિકપણું, ચોખ્ખું દિલ, ઇરાદો, ધારણા.

દાપું (સં.) હક, લગ્ન પ્રસંગે બ્રાહ્મણને જે હક તરીકે દાન આપવામાં આવે છે તે.

દામ ઇકબાલહુ (આ.) તેની આબાદી–સુખ–સમૃદ્ધિ કાયમ રહો. નવાબ કે રાજાને લખવામાં આ વિશેષણ લગાડવામાં આવે છે.

દાયરો (ફા.) મંડળી; ગોળ, ગોળનો પરિઘ. તે ઉપરથી ગરાશીઆની ડેહેલીનો દાયરો.

દાવાદાર (આ. ફા.) દાવો કરનાર, ફરિયાદી.

દાવો (આ.) ફરિયાદ, હક, પોતાનો હક રજુ કરવો તે.

દિગર (ફા.) બીજું, વળી. જેમ–સલામ દિગર લખવાનું કે-

દીવાન (આ.) પ્રધાન, મિનિસ્ટર; રાજ્ય ચલવનાર–ડાયરેક્ટર.

દીવાની (આ.) લેણદેણ સંબંધી. મુલ્કી. લશ્કરી કે ફોજદારીથી ઉલટું તે દીવાની.

દુભેટ (સં.) બે ગામ વચ્ચેનો સીમાડો.

દુવા (આ.)આશીર્વાદ.

દુવા સલામ (આ. દુઆ=પ્રાર્થના.) આશીર્વાદ સાથે સલામ; તમે સલામત રહો એવી પ્રાર્થના.

દેણદાર (સં. ફા.) કરજદાર; જેના ઉપર બીજો કોઇ માગે છે તે; તેથી ઉલટું તે લેણદાર.

દેરવટું (સં.) મોટા ભાઇના મરણથી તેની વહુ સાથેનાં નાના ભાઇનાં પુનર્લગ્ન. હલકી જાતોમાં દેરવટું કરવાનો રીવાજ ચાલે છે. નાના ભાઇના મરણથી તેની વહુ મોટા ભાઇ સાથે પરણે તે જેઠવટું કહેવાય, પણ જેઠવટું કરવાનો રીવાજ નથી.

દેવ લોક (સં.) સ્વર્ગ. જેમ– ઇંદ્રશંકરભાઇ દેવલોક પામ્યા=

નંદશંકરભાઇ મરણ પામ્યા.

દેશ દાણ (સં.) જકાત; ૨ ઉપરનો તાલુકદારનો કર; તાબાના ગરાશીઆ તથા બીજા લોકો મફત જમીન ખાતા હોય તેમને આ કર આપવાનો હોય છે.

દેશ પટેલ (સં.) નાના રાજ્ય કે તાલુકામાં હલકી વર્ણના લોકમાં વાંધા પતવનાર મુખ્ય પટેલ.

દેહાંત સજા (સં. દેહ=શરીર+અંત=છેડો+ફા. સજા=શિક્ષા.) શરીરનો અંત આણવાની શિક્ષા; ફાંસીની સજા.

દોઝી (સં.) દૂઝણી બકરી.

દોપિસ્તાં (ફા. દો=બે+પુસ્ત=પૂઠું.) ઘણા ફાટેલા કાગળને એક સાથે એક એમ ચોંટાડીને બનાવેલું પૂઠું, જે ઉપર અક્ષર વાળવામાં આવે છે.

દૌલત ખાના (ફા.) રાજ્ય મહેલ; ઘરને માટે માન વાચક શબ્દ છે. જેમ–આપકે દૌલત ખાને પર મેં આયા થા, લેકિન આપકી મુલાકાત ન હૂઇ.

ધરા=ચાસ, જે જમીન ઉપર ખેડ થઇ શકે તે.

ધણી પતું (સં.) માલ ઉપરની જકાત.

ધનિક (સં.) નાણું ધીરનાર, ધનનો માલેક.

ધનિક નામ (સં.) ધનનો ધણી; જેને લેખ લખી આપવામાં આવે તેના નામ વગરનો લેખ, તેમાં જે નાણું આપે તે માલેક થાય.

ધરણા (સં.) જ્યાં સુધી પોતાનું લેહેણું પતે નહિ, ત્યાં સુધી લેહેણદાર પ્રતિજ્ઞા લઇને દેણદારને ત્યાં લાંઘણ બેસે તે.

ધર્મ ધુરંધર (સં.) ધર્મનું ધૂસરું ખેંચનાર; ધર્મમાં આગેવાન, બહુ જ ધાર્મિક. ઘણી વાર રાજાઓને આ વિશેષણ લગાડવામાં આવે છે. જેમ—ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, નાધારાધાર ધર્મ ધુરંધર, અખંડ પ્રૌઢ પ્રતાપ, મહારાજાધિરાજ મીરઝા મહારાઓ શ્રી ૭ સર ખેંગારજી, સવાઇ બહાદુર, જી. સી. એસ. આઇ.

ધર્મ પત્રિકા (સં.) દાનમાં પોતાની મિલ્કત આપ્યા બાબતનો લેખ.

ધર્મ પુત્ર (સં.) પ્રમાણિક માણસો—પંચ. જેમ—કોઇ પાંચ ધર્મ પુત્ર જે કહે તે મારે કબુલ છે.

ધર્માદા (સં.) ખેરાત, દાન.

ધારણ (સં.) એક જ કાટલેથી ઘણી વાર તોળેલું તેમાંનું કોઇ એક વખતનું તોલ તે એક ધારણ.

ધીણોદરી (સં. ધેનુ=ગાય +ઉદરી=પોષણ ચલાવનાર.) ઢોર ઊછેરનાર અને વેચનાર.

ધીરધાર (સં.) લેવડ દેવડ.

ધીરવું (સં.) ઊધારે આપવું.

ધનીધર (સં. ધુરંધર.) મુખ્ય, આગેવાન.

ધુમ્મક વેરો=કોઇ પ્રસંગને માટે લેવાયલો અસાધારણ કર; જ્યારે તાલુકદાર કંઇ ખાસ ખર્ચમાં આવી પડે, ત્યારે તે પ્રજા ઉપર અનિયમિત કર નાંખે છે અને એવે વખતે ચૂલા વેરાની જે રકમો હોય છે, તે એક બે વર્ષ સુધી બમણી કે વધારે લેવાય છે.

ધોરણ (સં.) જેના ઉપરથી માપ નક્કી થઇ શકે તે; રીત.

જેમ-નિશાળોના અભ્યાસનું ધોરણ, કાયદાનું ધોરણ.

ધોરી પસા (સં. ધોરી=બળદ.) જુઓ ૭૯.

નકરૂં (સં.) જેના ઉપર કર ન આપવો પડતો હોય એવું.

નકલ (આ.) ઊતારો, કોપી; વાર્તા.

નકલી (આ.) બનાવટી, ખોટું, નકલ કરેલું.

નકીબ (આ.) મુખ્ય, આગેવાન; રાજાઓ આગળ પોકારનાર છડીદાર-ચોબદાર.

નગદ (આ. નકૂદ.) રોકડા.

નજર કેદ (આ.) જાપતામાં; નજર તળે હમેશાં રહેવું પડે એવી કેદ; કોઇ ગુન્હેગારને રીતસર કેદખાનામાં જ્યાં સુધી ન મોકલ્યો હોય ત્યાં સુધી (તેનો ઇન્સાફ થતાં લગી) તે નજર કેદ કહેવાય.

નજરાણો (આ.) ભેટ.

નમૂનો (ફા.) નકલ, વાનગી, આબેહૂબ આકાર.

નયાબત વેરો (આ.) ગામના કોટવાળ કે નવાબ માટેનો વેરો.

નરમ બજાર (ફા.) નીચો ભાવ, મંદી.

નવાઝ (ફા.) પાલન કરતું, ટેકો આપતું. જેમ-ગરીબ નવાઝ=ગરીબનો આધાર.

નવાઝિશ (ફા.) કૃપા, મહેરબાની.

નવાણ (સં.) કૂવા, તળાવ વગેરે પાણીની જગા.

નવાબ (આ. નવ્વાબ.) ગવર્નર, પ્રતિનિધિ, રાજાની વતી રાજ્ય ચલાવનાર. ઇરાનમાં બાદશાહોના શાહજાદાઓને આ

ઇલ્કાબ આપવામાં આવતો.

નવાહી (આ.) મુલક, પડોશનાં પ્રગણાં. જેમ–તમારૂં ચાલે તો તમારી નવાહીમાંથી અમને છો કાઢી મૂકતા.

નશીન (ફા. નિશીન.) બેસવું તે. જેમ–પાદશાહ તખ્તનશીન થયો=બાદશાહ ગાદીએ બેઠો.

નસીહત (આ.) શીખામણ, શિક્ષા, ગુન્હાનો બદલો.

નાઇટ સ્કૂલ (ઇં.) રાતની નિશાળ.

નાખવો (ફા. નાખુદા.) ખલાસી, વહાણવટી.

નાખુદા (ફા. નાવ=વહાણ+ખુદા=ધણી.) વહાણનો કમાનધણી, વહાણનો સુકાની–ચલવનાર.

નાજર (આ. નાઝિર=નજર રાખનાર.) જોનાર, ઓવરશીઅર. જેમ–મોટા રાજ્યમાં બેગમો કે રાણીઓની ચોકી કરવા સારૂ નાજર રાખે છે તે; આવા નાજર પંઢ હોય છે.

નાજર (આ.) હુકમનામાની બજાવણી કરનાર કોર્ટને લગતો સરકારી અમલદાર; ઓફિસનો સુપરિન્ટેન્ડેન્ટ.

નાતવરો (સં.) જમણ ખર્ચ.

નાદાર (ફા.) દેવાળીઓ; કંગાળ.

નાદારી (ફા.) ગરીબાઇ, કરજ અદા ન કરી શકે એવી સ્થિતિ.

નાદારી કોર્ટ (ફા. ઇં.) દેવાળીઆના દેવાનો ફડચો કરનારી કોર્ટ.

નાધારાધાર (સં.) જેનો કોઇ આધાર નથી તેને આશ્રય આપનાર. (ન આધાર+આધાર.) રાજા કે મહા પુરૂષોને આ વિશે-

પણ લગાડવામાં આવે છે.

નાબૂદ (ફા.) રદ, શૂન્યકાર, નામ નિશાન કહાડી નાખવું.

ના ફરમાન (ફા.) ઉર્દ્ધત, બળવાખોર, હુકમને તાબે નહિ એવો.

નામદાર (ફા.) પ્રખ્યાત. જેમ—નામદાર ગવર્નર સાહેબની હજૂરમાં. નેક નામદાર=પવિત્ર નામવાળા, પવિત્ર અને પ્રખ્યાત.

નામા (ફા.) ચીઠી, કાગળ, ચોપડો. તે ઉપરથી નામું લખવું=હિસાબનો ચોપડો લખવો; હિસાબ લખવો.

નાયક (સં.) ત્રણ સીપાઇનો ઉપરી અમલદાર; દોરી લઇ જનાર, રસ્તો દેખાડનાર.

નાયબ (આ.) ડેપ્યુટી, પ્રતિનિધિ, અધિકારમાં બીજી પદવીનો. જેમ—નાયબ દીવાન.

ના હક (ફા. આ.) વગર હક, ગેરવાજબી રીતે.

નિકાહ (આ.) લગ્નગાંઠ; ઇસ્લામી ધર્મ પ્રમાણે થયેલી લગ્નક્રિયા.

નિઘા (ફા.) સંભાળ, નજર રાખવી તે, મીઠી નજર; કૃપાદૃષ્ટિ.

નિઘેદારી (ફા.) દેખરેખ. નિઘાહબાન (ફા.) ગાર્ડ, સંભાળ લેનાર.

નિઝામ (આ.) રાજ્યકર્તા, બંદોબસ્ત રાખનાર. જેમ—નિઝામ ઉલ મુલ્ક=દેશનો બંદોબસ્ત રાખનાર. દિલ્હીના બાદશાહે નામદાર નિઝામ સરકારને એ ઇલ્કાબ આપ્યો છે.

નિમક હરામ (ફા. આ.) બે વફા, અપકારક.

નિમક હલાલ (ફા. આ.) વફાદાર; ઉપકારનો બદલો વાળનાર.

નિર્દિષ્ટ (સં.) ફરમાવેલું, વર્ણવેલું.

નિસ્બત (આ.) સંબંધ, નો. જેમ—સેક્રેટરી નિસ્બત સરકાર=સરકારનો સેક્રેટરી.

નીમ (ફા.) અર્ધો. જેમ—નીમ રિયાળ, નીમ હકીમ, નીમ મુલ્લા.

નીમણુક—નીમનોક—નેમણુક=(અપભ્રંશ.) નીમવું અથવા અમુક જગોએ મુકરર કરવું તે; સ્થાપના.

નીમતાનું (ફા.) ઘણામાંથી થોડું લઇ તેની પરીક્ષા કરી જોવી તે; ઓડિટ. નીમતાનું લેનાર—કરનાર તે નીમતાનદાર.

નીમે (ફા.) અર્ધું. જેમ—નીમે રૂપિયા ૫૦૦ થી બમણા રૂ. ૧૦૦૦ પૂરા આપજો.

નીરખ (ફા. નિર્ખ.) બજારમાં ચાલતો ભાવ.

નુક્તે ચીની (ફા.) અમથી ભૂલો કહાડવી તે; ખોટી ટીકા કરી પજવવું.

નૂર (સં. નૌ+તર.) વહાણ કે આગગાડીમાં બેડાનું કે તેમાં માલ લાવવા લઇ જવાનું ભાડું; ઘણું કરીને વહાણનું ભાડું.

નૂરી=ભાડે. જેમ—નૂરી વહાણ=ભાડે રાખેલું વહાણ.

નેક (ફા.) ઉત્તમ, સુંદર, પવિત્ર. જેમ—નેક કામ, નેક નામ, નેક મર્દ.

નેખમ=કામ ચલાઉ ઝૂપડું; ગામનો પાદર; સાંધો; નેવા

અને કરા વચ્ચેનો ભાગ.

નેણ=ચામડાનું દોરડું, રસી.

નેસ (દેશ્ય.) ઝૂપડું; પાણી મળી શકે એવું ઠેકાણું; ઢોર ચારૂ લોકો માટે થોડાંક ઝૂપડાંનું રહેઠાણ.

નોછાવર (હિંદી.) ગોળ; રાજાની મુલાકાત લેતી વખતે જે પૈસા તેના ઉપરથી કુરબાન કરવામાં આવે છે તે.

નોટ (ઇં.) ટીકા, નોંધ પોથી; ટિપ્પણ, ચીઠી; સરકાર તરફથી બહાર પડેલી સરકારી નાણાં ચીઠી.

નોટિસ (ઇં.) ખબર, ધ્યાન, સૂચના.

નોંધ (દેશ્ય.) લખી લેવું તે; હુંડી વગેરે જમા ખરચી રકમો લખવાનો વેપારીનો ચોપડો.

નોર્મલ (ઇં.) નિયમિત, સાધારણ; મહેતાજીના ધંધાને લગતું. જેમ—રાજકોટમાં ૪૦ વર્ષ પહેલાં એક નોર્મલ કલાસ ખોલવામાં આવ્યો હતો.

પક્ષકાર (સં.) વાદી કે પ્રતિવાદીમાંથી કોઇ એક પક્ષનો માણસ.

પગી (સં.) ચોરનો પગ શોધી તેને પકડાવી લાવનાર; રાતનો ચોકીદાર.

પછેડા (હિંદી.) કુંવર પછેડો; પાટવી કુંવરના જન્મ બાબતનો કર.

પટેલ (સં.) ગામનો મુખ્ય માણસ; કોઇ પણ કણબી ખેડુતને માનમાં પટેલ કહી બોલાવવામાં આવે છે.

પટેલની વળત=પટેલને માટે જે છૂટ મૂકવામાં આવે છે

તે; પટેલના વેરાની માફી.

પટો (સં.) સનદ.

પઠાણ=વહાણનું ખોખું.

પડથારો (સં.) ઉપજનો બધો ભાગ વહેંચી લીધા બાદ ખેડુતને માટે જે બાકી રહે તે; મેંઢારો; રાજભાગ આપવામાં થોડીક છુટ ખેડુતને મળે છે તે.

પડી આખડી (સં.) પડતર તથા જોડ.

પડીઆણ=કોઇ પણ અસાધારણ વેરો, ખાસ કર.

પડું (સં. પટ્ટ=ચોક.) વાડી, વાડીનો ભાગ.

પત્રક (સં.) ટીપનો કાગળીઓ; પેટાવાર વિગત દર્શાવનાર આંકેલો કાગળીઓ.

પબ્લિક (ઇં.) જાહેર, લોકોનું, સાર્વજનિક. જેમ-પબ્લિક વર્ક્સ=જાહેર બાંધ કામ.

પબ્લિક પ્રોસીક્યૂટર (ઇં.) ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કામ કરનાર સરકાર તરફનો વકીલ.

પબ્લિક વર્ક્સ ડીપાર્ટમેન્ટ (ઇં.) ઇજનેરી ખાતું, જાહેર બાંધકામ ખાતું. (ઇં. પબ્લિક=જાહેર +વર્ક્સ=બાંધકામ+ડીપાર્ટમેન્ટ=ખાતું.)

પરચુરણ (સં. પ્રચૂર્ણ.) છુટક; રૂપિયો વટાવી તેના પૈસા, આની, બે આની ઇત્યાદિ તેનાથી નાના સિક્કા લઇએ તે.

પરત (ફા. સિપુર્દન=સોંપવું.) પાછું મોકલવું. જેમ-તુમાર પરત કરશો=તુમાર પાછો સોંપવા મોકલશો.

પરપેંઠ (સં.) હુંડી તથા પેંઠ ગેરવલે પડવાથી ત્રીજી વાર

શાહુકાર જે હુંડી લખી આપે છે તે.

પરમ પૂજ્ય (સં.) અત્યંત પૂજવા લાયક.

પરવર (ફા.) પાળનાર. જેમ-ગરીબ પરવર=ગરીબને પાળનાર.

પરાગંદા (ફા.) જતો રહેલો, રખડતો; કોઇ ખેડ છોડીને જતો રહ્યો હોય તેની જમીનને પરાગંદા કહે છે. પરગંદાનો મૂળ અર્થ વીખરાયલું.

પરાંત-પુરાંત (સં.) સિલક.

પરિશિષ્ટ (સં.) કોષ્ટક, પત્રક, વિગતવાર ટીપ; પૂરવણી, વધારો.

પરી. (સં.) પારેખ; પરીખનું ટુંકું રૂપ છે.

પરીખ (સં.) પરીક્ષક, પરીક્ષા કરનાર, પારખનાર; વાણીઆમાં એક ઓડક છે. જેમ-પરીખ પાનાચંદ નેણશી. વાણીઆમાં બીજી ઓડકો શેઠ, ગાંધી, દોશી, શાહ, મહેતા ઇત્યાદિ હોય છે.

પરોજણ-પજોજણ (સં. પર+ઉજ્જ્વલન.) કારજ, મૂઆ પછીનો નાતવરો; લપ, વેઠ.

પર્વરિશ (ફા.) ઊછેરવું તે, રક્ષણ.

પર્સનલ (ઇં.) ખાસ, અમુક માણસને લગતું. જેમ-પર્સનલ પે, પર્સનલ આસિસ્ટંટ.

પલ્લું-પડલું (સં. પલ્લવ.) કન્યાને માટે આપેલો અવેજ, સ્ત્રી ધન.

પવા (સં. પૃથુક=પહુંઆ.) ડાંગરના પાકને માટે પોંખ

તરીકેનો એક કર છે.

પશિયું =શેરડી જેવા ભારે પીત મોલને માટે તૈયાર કરેલી જમીન.

પસર-પહર (ફા. પહર=રાતની ચોકી.) પસર ચારવા જવું=ઢોરને રાત્રે ચારવા લઇ જવું તે.

પસાયતો (સં. પોષિત=જેને કોઇના તરફથી પોષણ મળે છે તે.) નોકરીના બદલામાં જેને જમીન આપવામાં આવેલી હોય તે; ગામનો ચોકીદાર.

પહેરેગીર (ફા.) ચોકીદાર.

પંચ (સં.) પાંચ માણુસની મંડળી જેને કોઇ બાબતનો ફડચો કરવા એકઠી કરી હોય તે. એ મંડળીમાં પાંચથી ઓછા વત્તા માણુસ હોય તો પણ પંચ કહેવાય.

પંચાયત (સં.) લવાદ, પંચની બેઠક.

પંચોતરી (સં.) ખેતી ઉપરનો સેંકડે ૫ ટકાનો વધારાનો કર.

પંજાદુવે (સં.) પાંચ ભાગમાંથી બે ભાગે. જેમકે-૧૦૦ મણુની કુલ ઉપજ હોય તો તેનો પંજાદુવે ભાગ ૪૦ મણુ થાય.

પાકીટ (ઇં. પોકેટ.) પરબીડીઉં, કોથળી, થેલી; ગજવું.

પાઘડી (સં.) ઇનામ; માથે જે બાંધવામાં આવે છે તે.

પાછતર (સં.) શિયાળુ પાક. ચોમાસાનો પાક તે આગતર.

પાટલું (સં. પિંડ.) ગોળનો પીંડો.

પાટી-પટી (સં. પટ્ટ=પટો, હુકમ, ચોક.) ગામમાંનો ગરા-

શીઆનો ભાગ. પાટીદાર=ગરાશીઓ.

પાણખાણ (સં.) ભોંયમાંથી પત્થર ખોદી કહાડવાની જગા.

પાણી વેરો (સં. પાણિ=હાથ.) ખેડુત સિવાયના બીજા વસવાયા લોકો ઉપરનો કર.

પાદર (દેશ્ય=પદ્દરમ્.) ગામની પાસેની પડતર જમીન; ગામની નજીકની જગા.

પાદશાહ–બાદશાહ (ફા.) મોટો રાજા.

પાયકીસ્ત ટીંબો (ફા. હિંદી. પા=પગ+કિસ્ત=ખેતર.) જ્યાં પગ પસારો થઈ શકે તેવી જમીન તે પાદરની જમીન; પાદર; ગામની પડોશની ખેડયા વગરની જમીન.

પાયખાનું (ફા.) જંગલ–ઝાડે જવાનું ઠેકાણું.

પાયગા (ફા.) ઘોડે સ્વાર લશ્કર; એવા લશ્કરના ઘોડા બાંધવાની જગા.

પાયતખ્ત (ફા.) રાજધાનીનું શહેર.

પારસાત (સં. પાર્શ્વાત્) પાસેથી. જેમ–દસ્તાવેજમાં લખાય છે કે "લેહેણા પારસાત ઉધારણિક નામ "=લેહેણદાર પાસેથી ઉધારે લેનારનું નામ.

પારાગ્રાફ (ઇં.) પરિચ્છેદ, કલમ.

પાર્લામેન્ટ (ઇં.) નામદાર શેહેનશાહની લંડનમાંની કાયદા ઘડનારી તથા રાજ્યનું ખર્ચ મંજૂર કરનારી સભા.

પાલા પારેખ=પારેખનું મહેનતાણું, પરખામણી.

પાવતી (હિંદી.) પહોંચ. (સં. પ્રાપ્તિ ઉપરથી.)

પાવરો=ઘોડાને ચંદી આપવાની ચામડાની થેલી.

પાસબાન–પાસવાન (ફા.) અંગરક્ષક, ચોકીદાર, રાજાની સાથે રહી તેના રક્ષણનું કામ કરનાર; રાજાની સાથે હમેશાં રહેનાર માણસ.

પાસ (ઈં.) પસંદ, વિજયશાળી.

પાસ્ટ સર્વિસ સ્ટેટમેન્ટ (ઈં. પાસ્ટ=આગળની+સર્વિસ=નોકરી+સ્ટેટમેન્ટ=વિગત.) જે નોકરી આગળ કરી છે તેની વિગતનું પત્રક.

પાળ (સં. પાલ્=પાળવું.) લૂટારા, ચોર લોકો પજવે નહિ તે માટે તેમને આપેલી રૂસ્વત; ચોરી ન થવા દેવા માટે આપેલો લવાજમ; ધમકી આપી નાણાં કઢવવાં તે.

પીઠ (દેશ્ય.) બજાર. જેમ–પીઠ ભાવે માલ ખરીદ કરો.

પીઠ માપું (દેશ્ય+સં.) વેપારીઓનો માલ માપી કે જોખી આપવાનો ઇજારો.

પીત મોલ (સં.) પાણી પાઇને તૈયાર કરેલો પાક.

પીનલ કોડ (ઈં. પીનલ=ફોજદારી; દંડ કે સજાને લગતું+કોડ=કાયદો.) ફોજદારી કાયદો.

પીંજણ (સં.) ગામનું રૂ પીંજવા ઉપરનો કર.

પુખતે (ફા.) સાથે, લાગતે.

પુરાવો (હિંદી.) સાબિતી, ખાત્રી.

પુલ (ફા.) બ્રિજ; પાણી ઉપર બાંધેલો ચાલવાનો રસ્તો.

પુળા છૂટ (સં.) ઓઘા છૂટ; વળત દનીઉં; અમુક મુદ્દત સુધી ભોગવટો કર્યાથી ધીરેલા રૂપિયા વળી રહે તે; સ્થાવર મિલ્કત ઉપર લેહેણદાર રૂપિયા ધીરે અને તેને બદલે અમુક

વર્ષ સુધી તે લેહેણદાર તેની ઊપજ ખાય એટલે નાણું વ્યાજ સહિત ભરપાઇ થઇ ગયાં એમ ગણાય છે તે.

પુંછી વેરો (સં.) ઢોર પરનો વેરો; ઢોરના પૂછડા દીઠ વેરો માટે પૂંછી વેરો.

પૂજ્યપાદ (સં. પૂજ્ય+પાદ.) જેના પગ પૂજવા લાયક છે તે. કાગળ લખવામાં મુરબ્બી કે ગુરૂને પૂજ્યપાદ લખાય છે.

પૂજ્યારાધ્યે (સં. પૂજ્ય+આરાધ્યે.) પૂજવા લાયક.

પૂનમ–પુનેમ (સં. પૂર્ણ+માસી=પૂર્ણમાસી.) ચાંદ્રમાસની ૧૫ મી તિથિ; પૂર્ણેન્દુ; પૂરો મહિનો. ગુજરાતમાં જો કે પૂરો મહિનો અમાવાસ્યાને રોજ ગણવામાં આવે છે તો પણ બીજે ઠેકાણે અને પ્રાચીન કાળમાં પૂનેમ ઉપર મહિનો પૂરો થયો ગણવામાં આવતો.

પૂંઠી=ઊનની ગાંસડી.

પૂંબડી (ફા. પમ્બહ=કપાસ.) રૂનાં ફોદાં.

પેટખાઇ (સં.) ગુજરાનનું સાધન; ગુજરાન ચાલે એટલું.

પે બિલ (ઇં.) પગાર પત્રક.

પેશકશી (ફા.) ખંડણી (ફા. પેશકશ=નજરાણો, ભેટ. પેશ=આગળ+કશ=ધરવું.)

પેશકાર (ફા.) મેનેજર, મુનીમ.

પેશવા (ફા.) આગેવાન. જેમ–તમે અમારા પેશવા છો= તમે અમારા આગેવાન છો. વળી મરેઠાના પ્રધાન પેશ્વા.

પેશ્તર–પીશ્તર (ફા.) પહેલાંનું, વધારે આગળનું. જેમ– તમે તમારી પેશ્તર હકીકત મને કહી સંભળાવો.

પેંઠ (સં.) હુંડી ગેરવલે જાય તો બીજી વાર જે હુંડી લખી આપવામાં આવે છે તે.

પૈકી=માંથી, એ બાબતનું, એ ખાતામાંથી. જેમ-તમારા લેહેણા રૂપિયા પૈકી હાલ હું ૨૦૦ રૂપિયા ભરી શકીશ.

પૈડા વેરો (દેશ્ય.) દરેક કૂવાના કોસના પૈડા દીઠ જે કર લેવામાં આવે છે તે.

પોઇંટ (ઇં.) દલીલ, મુદ્દો; બિંદુ.

પોએરો (દેશ્ય.) મજૂરી.

પોગળી (દેશ્ય.) જમીન ખેડવાનો હક, ચાસ.

પોતું (ફા.) કોથળી, ગામની જમાબંધી મોકલવા તૈયાર કરેલી નાણાંની થેલી.

પોલિટિકલ (ઇં.) રાજ્યકીય.

પોલીસ (ઇં.) મુલ્કી બંદોબસ્ત રાખનાર સીપાઇ.

પોસ્ટ (ઇં.) ટપાલ.

પોસ્ટલ ડિપાર્ટમેન્ટ (ઇં.) ટપાલ ખાતું.

પોસ્ટમેન (ઇં.) ટપાલ વહેંચનાર પટાવાળો.

પોંકીઉં.=કંઇ પણ વેરો આપ્યા વગર લડાયક જાતો જે જમીન ભોગવે છે તે.

પ્યાદા (ફા.) સીપાઇ, પગે ચાલનાર સીપાઇ; ઘોડેસ્વાર નહિ એવો સીપાઇ.

પ્રણામ (સં.) નમસ્કાર, પગે લાગવું તે.

પ્રતિવાદી (સં.) જેના ઉપર દાવો થયો હોય તે; વાદીની સામેના પક્ષનો.

પ્રમુખ (સં.) પ્રેસિડેન્ટ, સભાનો અધ્યક્ષ.

પ્રાઇવેટ (ઇં.) ખાનગી. જેમ—પ્રાઇવેટ કોરેસ્પોન્ડન્સ=ખાનગી પત્ર વ્યવહાર; પ્રાઇવેટ સેક્રેટરી=વજીર, ખાનગી પ્રધાન.

પ્રાજું-પરાજું=એક સાંતીનો ૩ જો ભાગ; ૭ એકરની જમીન તે કાચું અને ૨૦ એકરની જમીન તે પાકું પ્રાજું.

પ્રિન્સિપલ (ઇં.) મુખ્ય; પાઠશાળાનો વડો અધિકારી.

પ્રિયતમ (સં.) સહુથી વહાલા; સ્ત્રી પોતાના પતિને પત્ર લખતાં આ વિશેષણ લગાડે છે અને પતિ પોતાની સ્ત્રીને પ્રિયતમા લખે છે.

પ્રિવિલીજ (ઇં.) માફી, ખાસ હક, છૂટ. પ્રિવિલીજ લીવ=હકની રજા. આ રજા ૧૧ મહિને ૧ માસની મળી શકે છે.

પ્રીવી કાઉન્સિલ (ઇં.) બ્રિટિશ શેહેનશાહ આગળની રાજ્ય વહીવટ કરનારી સભા, તેમાં આશરે ૨૦૦ મોટા હોદ્દેદારો હોય છે.

પ્રીસી (ઇં.) સંક્ષિપ્ત લખાણ; લંબાણ ભરેલા લખાણને ટુંકામાં લાવી મૂકવું, તેને પ્રીસી કાઢી કહે છે.

પ્રેક્ટિસિંગ (ઇં.) મહાવરો કરાવનારી. જેમ—પ્રેક્ટિસિંગ સ્કૂલ=ભણાવવાનો મહાવરો કરાવનારી નિશાળ.

પ્રેપરેટરી (ઇં.) તૈયારીનું, શરૂઆતનું. જેમ—પ્રેપરેટરી કલાસ.

પ્રિસિડેન્ટ (ઇં.) પ્રમુખ, સભાનો મુખ્ય માણસ.

પ્રસિડેન્સી (ઇં.) ઇલાકો. જેમ—બોમ્બે પ્રેસિડેન્સી, મદ્રાસ પ્રેસિડેન્સી.

પ્રોબેટ (ઇં.) વસિયતનામાના ખરાપણા બાબતનો પુરાવો–ખાત્રી પત્ર; વારસ હોવાનો હક.

પ્રોબેશનરી (ઇં.) અજમાયશ ઉપર રાખેલો. પ્રોબેશન=અજમાયશ.

પ્રોમિસરી નોટ (ઇં.) સરકારે કરજે કાઢેલાં નાણાંનો લેખ. એ નોટ ઉપર હિંદુસ્તાનની સરકાર સેંકડે ૩॥ ટકા વ્યાજ આપે છે. આવી નોટ બજારમાં ચાલતા ભાવે તરત વેચી શકાય છે, પણ સરકાર તો તેનાં નાણાં મરજીમાં આવે ત્યારે આપે. એ નોટ નાનામાં નાની રૂ. ૧૦૦ ની અને મોટામાં મોટી રૂ. ૧ લાખ સુધીની હોય છે.

પ્રોરચ=ખેડવાન જમીન. કોઇ પોલચ, પ્રોચક કે પોળાચ કહે છે.

પ્રોવિન્સ (ઇં.) પ્રાંત. જેમ–સેન્ટ્રલ પ્રોવિન્સીઝ=મધ્ય પ્રાંતો.

પ્રોસીજર (ઇં.) કામ કરવાની રીત–પદ્ધતિ

પ્રોસીડિંગ (ઇં.) ચાલેલું કામકાજ, કારરવાઇ. જેમ–મુકદ્દમાનું પ્રોસીડિંગ, સભાનું પ્રોસીડિંગ.

પ્રોસેસ (ઇં.) ચાલેલો દાવો, મુકદ્દમો. જેમ–પ્રોસેસ ફી.

પ્લીડર (ઇં.) વકીલ.

પ્લેગ (ઇં.) મરકી. જેમ–ન્યૂમોનિક પ્લેગ=ગાંઠીઆ તાવની મરકી.

ફજલ (આ. ફઝલ.) કૃપા, મહેરબાની.

ફટાયા (સં. સ્ફુટિત.) મુખ્ય રાજ્યમાંથી પોતાના વારસા તરીકે ભાગ પડાવી ઉતરી આવેલા નાના રાજા કે ગરાશીઆ,

ફડનવીસ (ફા.) મુત્સદ્દી, મુલ્કી ખાતાનો કલાર્ક (ફા. નવીસ-ન્દા=લખનાર.)

ફન્ડ (ઇં.) ઊઘરાણું, ભંડોળ.

ફરમાન (ફા.) આજ્ઞા, હુકમ.

ફરાશ (આ. ફર્રાશ.) પાથરણાં પાથરનાર, બટલર, ઘર-કામ કરનાર હમાલ.

ફરિયાદી (ફા.) અરજ કરનાર, દાદ માગનાર.

ફર્ઝંદ (ફા.) બાળક; દીકરો દીકરી, સંતાન.

ફર્લો (ઇં.) કોઇ અમલદાર કે સોલ્જરને કેટલીએક મુદ્દત સુધી મળેલી રજા. એ રજામાં અર્ધો પગાર મળે છે. તે ૧૦ વર્ષે ૧ વર્ષ અને ૧૮ વર્ષે ૨ વર્ષ સુધીની મળી શકે છે.

ફસલ (આ. ફસ્લ.) ઋતુ, વિભાગ. જેમ-ફસલનો પાક, શિયાળુ ફસલ.

ફસાદ (આ.) દુષ્કર્મ, કજીઓ.

ફાઇલ (ઇં.) થોકબંધ ગોઠવેલા કાગળો, દફતર.

ફાની (આ.) ક્ષણભંગુર. જેમ-ફાની દુનિયા.

ફારગ (ફા. ફારિગ.) છૂટો, નવરો.

ફારગતી (આ.) ન દાવા ચીઠી, છૂટકારો.

ફાળો=ભરાણું, ભરણાની ટીપ, ફંડ.

ફાઇંડિંગ (ઇ.) ફેંસલો, ઠરાવ.

ફાંટ=ખોળો ભરાય એટલું.

ફાંસીઆં=શેરડીના સાંઠાનો વચલો ભાગ જે સારો ગણાય છે તે.

ફિદવી (આ.) ફિદા થએલો, ચાકર, સેવક. (આ. ફિદા= ભોગ આપવો તે ઉપરથી.)

ફિનાન્શિયલ ડિપાર્ટમેન્ટ (ઇં.) મેહેસૂલી ખાતું, રેવિન્યુ ખાતું.

ફિનાન્સ (ઇ.) રાજ્યની મેહેસૂલ.

ફી (ઇં.) દસ્તુરી, હકસાઇ, કૌશલ્યને માટે આપેલી છુટક રકમ.

ફુલ બેંચ (ઇં. ફુલ=પૂરેપૂરા+બેંચ=ન્યાયાધીશ.) હાઇ કોર્ટ-માંની એપેલેટ કોર્ટના બધા જડજો સાથે બેસીને ન્યાય આપે તે બેઠકને ફુલ બેંચ કહે છે.

ફૂલ્સકેપ (ઇં.) એક ઉંચી જાતના લખવાના કાગળ; મૂળે એવા કાગળ બનાવનારી કંપનીએ પોતાના બનાવેલા કાગળ ઉપર ટ્રેડ માર્ક તરીકે બેવકૂફ મશ્કરાની ટોપીનું ચિત્ર પાડયું હતું, તે ઉપરથી એવી જાતના કાગળને હવે ફુલ્સકેપ કાગળ કહે છે. (ઇં. ફુલ્સ=મૂર્ખાની+કેપ=ટોપી.)

ફેઝ (આ.) પુષ્કળપણું, ઉદારતા, ફાયદો. જેમ–ફેઝ રસાન= બીજાને બદલો–ઇનામ–ફાયદો પહોંચાડનાર; આબાદી આપનાર.

ફેઝ બક્ષ (આ. ફા.) પોતાની ઉદારતાનો બીજાને લાભ આપનાર.

ફેરિસ્ત (આ. ફિહરિસ; ફા. ફિહરિસ્ત.) ટીપ, પત્રક, વિગત, કોષ્ટક.

ફેરો = ગરાશીઆને તેના ઉપજ ઉપરાંત આપવાને પેટે તેનો રાજા તેની પાસેથી જે કર લે છે તે.

ફેલો (ઇં.) સંઘાથી, ભાગીઓ. જેમ-ફેલો સિટિઝન, સ્કૂલ ફેલો. કોઇ પણ મંડળનો માન્ય કરેલો પુરૂષ; જેમ=ફેલો ઓફ ધી યુનિવર્સિટી, ફેલો ઓફ ધી જીઓલોજીકલ સોસાયટી. કોઇ વાર એજ શબ્દ ધિક્કારમાં પણ વપરાય છે. જેમ-રેચેડ ફેલો=પામર-પાજી મનુષ્ય.

ફેશન (ઇં.) રીત, પ્રકાર, તરેહ.

ફેંસલો (આ.) ઠરાવ, ચૂકાદો, છુટકો, હુકમનામું.

ફોજદાર (આ ફા.) ફોજનો ઉપરી ; હિંદુસ્તાનમાં ચીફ કોન્સ્ટેબલ, સબ ઇન્સ્પેક્ટર ઓફ પોલિસ.

ફોજદારી (આ. ફા.) ચોરી, લુટ, મારા મારી ઇત્યાદિ ગુન્હા સંબંધી. તેથી ઉલટું એટલે લેણદેણ સંબંધી તે દીવાની.

ફોરેસ્ટ (ઇં.) જંગલ.

બક્ષી (ફા.) લશ્કરનો પગાર ચુકવનાર અમલદાર, પે માસ્તર.

બખત (ફા.) સમૃદ્ધિ, આબાદી. જેમ—બદબખત, નેક બખત, કમબખત.

બજાવણી (હિંદી.) કરી બતાવવું તે; ફેંસલા અનુસાર દેણદાર પાસેથી કોર્ટ જે વસુલ કરાવી આપે તે. હુકમનામાની રૂએ નાણાં કે મિલ્કત વસુલ કરાવી આપવાનું કામ.

બજેટ (ઇં.) રાજ્ય અગર ઘરના ઉપજ ખર્ચના અડસટ્ટાનો હિસાબ.

બટલર (ઇં.) રસોઇયો, અમીરોના કુટુંબમાં રસોડાનો ઉપરી.

બદદાનત (ફા.) ખરાબ ઇરાદો, બુરી નજર, દુષ્ટ બુદ્ધિ.

બન-ઇબ્ન-બિન (આ.) દીકરો. જેમ-સાલે બિન અબ્દુલ્લા=સાલે તે અબ્દુલ્લાનો દીકરો. ઇબ્નનું બહુવચન બની; જેમ, બની ઇસરાઇલ=ઇસરાઇલના વંશજ; બની આદમ=આદમના વંશજ. બિન્તે=દીકરી.

બ મુજબે હુકમ (આ.) આજ્ઞાનુસાર, હુકમ પ્રમાણે.

બયાન (આ.) વર્ણન, ખુલાસો.

બરખાસ્ત (ફા.) વીખરાઇ ગયેલું; ઉઠી નીકળવું, વિસર્જન થવું. જેમ—સભા બરખાસ્ત થઇ=સભા વિસર્જન થઇ.

બરતર્ફ (ફા. આ.) નોકરીથી કહાડી મૂકેલો.

બરબાદ (ફા.) ફોકટ, નિષ્ફળ.

બર હુકમ (ફા. આ.) ફરમાવ્યા મુજબ, હુકમ પ્રમાણે.

બરી=જારનાં ફોતરાં. બાજરાનાં જેમ ડુંસાં, તેમ જારની બરી, ઘઉંનો ગવાર, ને ચણાનાં ખારીઆં.

બલકે (ફા.) વળી, ઘણું કરીને.

બહરી (આ.) દરિયાને લગતું.

બહાદુર (ફા.) શૂરો, બીકણ નહિ તે. મોટા અમલદારોને તેના નામની પાછળ બહાદુર શબ્દ લગાડવામાં આવે છે. જેમ કલેક્ટર સાહેબ બહાદુરની સેવામાં.

બહારવટીઓ (સં.) ગામ છોડી ન્હાશીને ગમે તેમ ખુન ચોરી કરનાર.

બહાલ (આ. ફ.) યોગ્ય સ્થિતિ, કાયમ, રદ નહિ તે.

બહુઝૂર (આ. ફા.) ની હાજરીમાં, ની સમક્ષ. જેમ-બહુઝૂરે

મામલતદાર સાહેબ.

બહાંદરી—બાંહ્યધરી (સં. બાહુ=હાથ+ધર=પકડવું તે.) હામી, જામીનગીરી.

બંદગી (ફા.) નમસ્કાર, ગુલામી. જેમ—આદાબ બંદગી કબૂલ કરશો.

બંદર (ફા.) દરિયા કે નદી કાંઠાનું શેહેર જ્યાં વહાણો માલ લાવતાં લઇ જતાં હોય.

બંદોબસ્ત (ફા.) ગોઠવણ, વ્યવસ્થા.

બાગાયત જમીન (ફા.) જેમાં કૂવા વગેરેના પાણીથી પાક થાય છે તેવી જમીન; બગીચા—વાડીવાળી જમીન: પીત થઇ શકે તેવી જમીન.

બાતલ—બાતિલ (આ.) રદ્દ, નકામું, ખોટું.

બાદ (આ.) પછી: જેમ—સલામ બાદ લખવા હાંસિલ કે—

બાદશાહી જમા (ફા. આ.) પાદશાહી ખંડણી, સરકારી ખંડણી.

બાની બાણદારી=ગાયકવાડ સરકારનો કાઠિયાવાડમાં લેવાતો એક પ્રકારનો વેરો.

બાનુ (ફા.) સ્ત્રી, ગૃહિણી, ઠકરાણી. જેમ બાનુઓ અને સદ્‌ગૃહસ્થો.

બાનું (ફા. બહાના.) સુંથી, સાકું કર્યા બદલ અગાઉથી જે થોડી રકમ આપવી પડે છે તે.

બાબ (આ.) પ્રકરણ, બાબત, વિષય.

બાબત (આ.) ને લીધે, વિષે; વિષય.

બાબી ઉધડ=જૂનાગઢના બાબી નવાબ સાહેબને નામે કર તરીકે લેવાતી ઉચક રકમ.

બારખલી=ઇનામી, ખેરાતી, ચાકરીઆત, પસાયતી જમીન, જે સ્ટેટની ખાલસા જમીનથી અલગ હોય તેવી.

બારેત (ફા.) વરસાદના પાણીથી પાક ઉતપન્ન થાય તેવી જમીન.

બારેતરૂં (સં.) બહારનું, બીજા ગામનું. જેમ-બારેતરૂં ભામ=બીજા ગામડાંને લગતાં મૂએલાં ઢોરનાં ચામડાં પરનો કર.

બાલાઇ (ફા.) પરચુરણ. જેમ—બાલાઈ પેદાશ=જે હકુમત ભોગવનાર લઇ શકે તેવી પરચુરણ ઉપજ. (બાલાઇ=ઉપરાંત.)

બાવર્ચી-બબર્ચી (ફા.) રસોયો, બટલર.

બિલ ઓફ એક્સ્ચેંજ (ઇં.) હૂંડી.

બિલ ઓફ લેડિંગ (ઇં.) વહાણમાં ચઢાવેલા માલની ટીપ-યાદી, ભરતીઉં.

બી (સં.) ખેડુતે જે બી વાવ્યું હોય તે.

બી. એ. (ઇં.) બેચેલર ઓફ આર્ટ્સ.

બી. એસ. સી. (ઇં.) બેચેલર ઓફ સાયન્સિઝ=રસાયન ઇત્યાદિ ભૌતિક વિદ્યાનો અભ્યાસ પુરો કરીને ડીગ્રી મેળવનાર.

બીજક (હિંદી.) ભરતીઉં, બિલ; લેબલ, તખ્તી, ટિકિટ.

બીડ (હિંદી.) ઘાસ ઉગે તેવી જમીન. તેને કાઠિયાવાડમાં વીડ કે વીડી કહે છે.

બી. બી. એન્ડ સી. આઇ. આર. (ઇં.) બોમ્બે, બરોડા

અને સેન્ટ્રલ ઇન્ડિયા રેલ્વે. (સેન્ટ્રલ ઇન્ડિયા=મધ્ય હિંદ.)

બીભત્સ (સં.) ભૂંડું, નાગું; અણગમો લાવે એવું, ધિક્કારવા યોગ્ય.

બુરૂ=અધુરો કુવો; કુવો હોય પણ પુરાઇ ગયો હોય તેવો ખાડો.

બુટાં=જમીન પરનો ખેડુતના ભાગનો વેચવા તથા ગીરો મૂકવાનો હક; ખેડુતનો જમીન ખેડવા બાબતનો હક, ચાસ, પોગળી.

બેગમ (તુર્કી. બેગની સ્ત્રી તે બેગમ. બેગ=સરદાર, અમીર) ઉમરાવજાદી, લેડી; જેમ, રાજાની રાણી કહેવાય, તેમ બાદશાહ કે નવાબની બેગમ કહેવાય.

બેગાર (ફા.) વેઠ.

બેટેલિઓન (ઇં.) આશરે ૩૦૦ થી ૧૦૦૦ માણસનું પાયદળ લશ્કર.

બેઠી ખાતાવહી (સં. ફા.) ઠામ ખાતાવહી; રકમો જ્યારે રોજમેળમાંથી લઇને દરેક શખ્સના નામનું જુદું ખાતું ન ખતવતાં બારોબાર જ્યારે ખાતાવહીમાં લખવામાં આવે, ત્યારે તે બેઠી ખાતાવહી કહેવાય.

બેન્ડ (ઇં.) ટોળી. જેમ—વાજાવાળાનું બેન્ડ, લૂટારાનું બેન્ડ.

બેલદાર (ફા.) કુહાડાવાળો, ખોદ કામ કરનાર મજૂર, પખાલીની જાત.

બોલર (ઇં.) સમન્સ બજાવનાર, નાજર.

બેંક (ઇં.) શાહુકારી પેઢી. શરાફની પેઢી. શેર કાઢી કંપનીથી મોટી પેઢી જ્યારે ચલાવવામાં આવે ત્યારે તેને આપણે સાધારણ રીતે બેંક કહીએ છીએ.

બોન્ડ (ઇં.) કરાર; સરકારે નાણાં ઉછીનાં લીધાં હોય તે બાબતનો કરાર; દસ્તાવેજ. જેમ—મ્યુનિસિપલ બોન્ડ, પોર્ટ ટ્રસ્ટ બોન્ડ.

બોર્ડ (ઇં.) સભા, મંડળી; પાટિયું; ખાવા પીવાનું. જેમ રેલ્વે બોર્ડ=રેલ્વેની સભા; બ્લેક બોર્ડ=કાળું પાટિયું; વિથ બોર્ડ એન્ડ લોજિંગ=ખાવાપીવા અને રહેવા સાથે.

બોલી શીકે (સં.) વચન સહિત, કરાર સહિત.

બ્યૂબોનિક ફીવર (ઇં.) ગાંઠીઓ તાવ.

બ્રાંચ (ઇં.) શાખા; એક નિશાળના પેટામાં બીજી નિશાળ હોય તો તે બીજી નિશાળ બ્રાંચ સ્કૂલ કહેવાય. એવી જ રીતે બ્રાંચ ઓફિસ.

બ્રિગેડ (ઇં.) કેટલીક પલટણનો રસાલો, તેમાં ઘોડેસ્વાર, પાયદળ, તોપખાનું વગેરે લશ્કરનો સમાસ થાય છે. તેના ઉપરી અમલદારને બ્રિગેડિયર જનરલ કહે છે. એવી જ રીતે ફાયર બ્રિગેડ=આગ બુઝાવનારનું મંડળ.

બ્રિટિશ ઇન્ડિયા (ઇં.) નામદાર અંગ્રેજ સરકારના તાબાનો હિંદુસ્તાનનો મુલક.

ભાડ=કૂવાનું થાળું જેના ઉપર મંડાણ હોય છે તે.

ભાકરાણુ=દેશ દાણ સિવાય તોળાટ, માપા વગેરેની ફી.

ભત્તું (સં. પાથેય ઉપરથી). ખાવાનું; સરકાર પોતાના નોકરોને ખોરાક તરીકે જે અલાવન્સ આપે છે તે.

ભર (સં.) લાકડાં કે ઘાસનું કે વાદેલા ઘઉં વગેરે અનાજનું ભરેલું ગાડું.

ભરતીઉ (સં.) મોકલેલા મલ તથા તેના ખર્ચની વિગતનો કાગળ.

ભરપાઇ—ભરપાયા (સં.) ભરાવું તે; હુંડીનાં નાણાં મળી ચૂકે એટલે તે હુંડી ભરપાઈ થઇ કહેવાય; પોતાનું દેવું ચૂકતે આપી દેવું તે.

ભાગ બટાઇ (સં. હિંદી.) ઉપજનો ભાગ; વજે લેવાની એક રીત; જે ઉપજ થઇ હોય તે જ જાતનો માલ વજે તરીકે લેવાની રીત.

ભાગીઆ=એવા ખેડુતો કે જેને પોતાની મહેનત બદલ ઉપજમાંથી અમુક ભાગ મળતો હોય તે ભાગીઓ કહેવાય.

ભાતી (સં.) કોઇ પણ રાજાના મૃત્યુ વખતે એક ખાસ કર નાખી ઉઘરાવવામાં આવે છે તે કર.

ભામ= મૂએલાં ઢોરનાં ચામડાં ઉપરનો કર.

ભામદાર= ભામનો ઇજારો રાખનાર.

ભાયાત (સં ભ્રાતર: ઉપરથી) રાજાના ભાઇઓ અથવા તેની રાજ્યગાદીથી અગર મેડીથી ઉતરી આવેલા.

ભારે કાંઠે=પૂર્વ કિનારાનાં બંદરોએ

ભીલુ .(સં. ભિન્ન=ભાગ કરવા.) જમીનો પાંડ—ખાંધ

ભુરિયા (હિંદી.) શેરડીના વાડમાં કામ કરનાર મજૂર.

ભોણી (સં. ભૂમિ.) જગા, ભૂમિ, સ્થળ.

ભેલ ભજવાડ (સં. ભિદ્‌=ભેદવું+ભંજ=ભાગવું.) રખડતાં ઢોરથી ઉભા પાકને જે નુકશાન થયલું હોય તે.

ભોગ (સં.) ભોગવવા જે મળેલું તે; જમીનના માલિક તરીકે જે વજે ભાગ મળે તે.

ભોપા (દેશ્ય.) ઉંટ રાખનારા—ચરાવનારા; એક જાત છે જે ઊંટો પાળે છે.

ભોમ (સં.) ભૂમી, જમીન. જેમ–ભોમ પ્રાજા આદ.

ભોમિયો (સં.) વળાવો, ભોંય કે વાટ બતાવનાર; એક ગામથી બીજે ગામ મુસાફરી કરતાં ચોરનો ભય હોય તો સાથે જે શીપાઇ કે માણસ રાખવામાં આવે છે તે; ગરાશીયો.

ભોં ભાડું (સં ભૂમન્ ભાટમ્.) લગ્નવરાની શી, મેળામાં હાટડાં કર્યાનું જે ભાડું લેવામાં આવે છે તે; જમીનનું ભાડું.

મઆઝમ (આ.) વખણાયલો, મોટો.

મકકમ (આ. મુહ્‌કમ.) મજબૂત. જેમ મકકમ ઠરાવ, મકકમ રહેવું; ઇ૦.

મકતબ (આ.) નિશાળ, ફારસી કે ઉર્દુ શાળા.

મકદૂર (આ.) શકિત. જેમ, કોઇનો મકદૂર નથી કે તમને આંગળી ચીંધી શકે.

મકસદ (આ.) હેતુ.

મકર (આ.) છળભેદ, ઠગાઇ, દગો ફટકો.

મકાત (આ.) દાણ, જકાત; દેશમાંની આયાત નિકાશ ઉપરની જકાત.

મકાન (આ.) રહેવાનું ઘર.

મગર (ફા. મગર=સિવાય, જોકે.) જોકે, પણ, વગર. જેમ હું પરીક્ષામાં બેસત મગર મારી તબીયત સારી ન હોતી.

મગોડું (સં. મુદ્ગ ઉપરથી.) મગ મસળ્યા પછી પાછળનો તેનાં ડાળાં પાંદડાંનો ભૂકો.

મજકૂર (આ.) ઉપર કહેલું તે. જેમ—મજકૂર આસામી હાલ મુંબઇ ગયો છે.

મજમું (આ. મજમુઅ.) પંચ્યાળો, સહીઆરો.

મજમૂન (આ. મઝમૂન.) લેખ, પત્રમાં લખેલી હકીકત.

મજલ (આ, મંઝિલ.) એક દિવસની મુસાફરી; મુસાફરી કર્યા બાદ ઉતારો કરવાની જગા.

મજલિસ (આ.) મંડળી, મીટિંગ, સભા. મજલિસ ઇ આમ=તેવી, દરબાર, કચેરી. જેમ—મુંબઇના નામદાર ગવરનર સાહેબે તા૦ ૧ લી જાનેવારીને રોજ મુંબઇમાં મજલિસે આમ ભરી હતી.

મજાલ (આ.) શક્તિ. જેમ તેની મજાલ નથી કે તે તમને અટકાવે.

મજીઆરૂં (સં. મધ્ય ઉપરથી.) સહીઆરૂં.

મતલબ (આ.) ઇચ્છા, હેતુ, સાર.

મતા=મિલ્કત, મૂડી. જેમ—તેની માલમતા જપ્ત કરવામા આવી છે.

મતાધણી (સં. મત+ધની.) લેખ લખી આપનાર, લેખમાં સહી કરનાર.

મતું (સં. મતં=સ્વીકારેલું, માન્ય કરેલું.) દસ્તાવેજ લખી આપનારની સહીને મતું કહે છે. જેમ, અત્ર મતું, તત્ર સાખ.

મદદ (આ.) સહાય.

મદદનીશ (આ. ફા.) મદદ કરનાર, સહાયક.

મદદમાશ (આ.) નભાવવાની ખાતર આપેલું લવાજમ, પેન્શન.

મદરેસા (આ. મદ્રિસા.) નિશાળ, પાઠશાળા, મુસલમાની વિદ્યાની નિશાળ.

મદારૂલ મુલ્ક (આ.) દેશનો ટેકો–સ્તંભ–આધાર.

મદારૂલ મુહામ (આ. મદાર=આધાર+મુહામ=અગત્યનું કામકાજ.) રાજ્યનાં મહા અગત્યનાં કામકાજ કરનાર; એક ઇલ્કાબ છે. જેમકે–જુનાગઢના વઝીર સાહેબને મદારૂલ મુહામ લખવામાં આવે છે.

મનસબ્દાર (આ. ફા.) ઓફીસર, અમલદાર.

મના (આ.) નકાર, અટકાવ. જેમ–મનાઇ હુકમ.

મપારો (સં. મા= માપવું + આપુ=મેળવવું+આરો=વાળો= માપવા વાળો.) અનાજ ભરનાર—માપનાર.

મરતબો (આ. મર્તબાહ.) દરજ્જો, પદવી.

મરહૂમ (આ.) જે ખુદાની રહેમતે પહોંચ્યો છે તે, મરી ગયલો, સ્વર્ગવાસી, જેના ઉપર ખુદાની મહેરબાની થઇ છે તે. કોઇ કોઇ વાર અજ્ઞાનતાથી માજીને બદલે મરહૂમ શબ્દ

વાપરવાની ઘણી મોટી ભૂલ થાય છે. જેમ મરહૂમ રા. સા. મહીપતરામ; માજી વાઇસરાય લોર્ડ કર્ઝન.

મરાતિબ (આ.) હોદ્દો, દરજ્જો. બાદશાહીવખતમાં માહી મરાતિબનો ઇલ્કાબ રાજાઓને આપવામાં આવતો અને તે રાજાઓ પોતાની સ્વારીમાં બાદશાહે ઇનાયત કરેલી સોનાની માહી–માછલી નિશાન ઉપર કહાડતા.

મલિક (આ.) રાજા. મલિકા=રાણી.

મલિકે મોઅઝઝમ (આ.) મોટો રાજા, પાદશાહ. હિંદના શેહેનશાહને મલિક મોઆઝમ લખે છે.

મલિકા મોઅઝઝમા (આ.) મહારાણી શ્રી. જેમ–મલિકા મોઆઝમા કૈસરે હિંદ વિક્ટોરિયા.

મશહૂર (આ.) જાહેર, પ્રખ્યાત.

મસલ–મિસાલ (આ.) દાખલો, ઉપમા, મુકાબલો, સરખામણી.

મસલત (આ. મસ્લેહત.) સલાહ, વિચાર, કાઉન્સિલ.

મસવાડી વેરો (આ. મઝરા=ખેડાણ જમીન.) ખાન ચરાઇ ફી, સરકારી જમીન પર ઢોર ચરે તેની ફી. ભરવાડ, રબારી વગેરે ઢોરચારૂ લોકો પાસેથી આ વેરો લેવામાં આવે છે.

મહારાજ (સં.) મોટો રાજા; રાજાને મહારાજ લખાય છે. જેમ–ભાવનગરના નામદાર મહારાજ સાહેબ; બ્રાહ્મણને પણ સાધારણ રીતે મહારાજ કહી બોલાવવામાં આવે છે પણ જે બ્રાહ્મણ સરકારી નોકરીના હોદ્દા ઉપર હોય, તેને મહારાજ કહી બોલાવવા આવે, તો તે પોતાને મોટું અપમાન થયેલું માને છે.

મહાલ (આ. મહાલ=ડિસ્ટ્રિક્ટ, જીલ્લો.) રાજ્યનો કોઈ ભાગ, જીલ્લો. જેમ—પંચ મહાલ એજન્સી.

મહાલકારી (આ. ફા.) મહાલ એટલે પ્રગણાનો મુખ્ય રેવિન્યુ અધિકારી.

મહાવરો (આ.) પ્રેક્ટિસ, ઉપયોગ, ટેવ.

મહાવ્યથા (સં.) ભારે ઇજા.

મહાશય (સં. મહા=મોટું+આશય=સ્થાન.) મોટું સ્થાન, આશ્વાસન લેવાનું હિતકર સ્થાન, મોટાને પત્ર લખવામાં આ વિશેષણ લગાડવામાં આવે છે, અથવા પત્ર શરૂ કરતી વખતે, જેમ કેટલાક સાહેબ લખે છે, તેમ કેટલાક મહાશય લખે છે.

મહેર (આ.) સ્ત્રીધન; મુસલમાન લોકોમાં પરણ્યા પછી કરાર તોડે તો તે વખતે વરને શિક્ષા તરીકે જે રકમ દેવી પડે છે તે મહેર.

મહેરબાન (ફા.) દયાળુ, કૃપાળુ.

મંજૂર (આ.) સ્વીકારેલું, પસંદ થયેલું.

મંડાણ (સં.) શરૂઆત; કૂવા ઉપરનો કોસ ચલાવવાનું થાળું તથા લાકડ કામ તે.

માખણી (દેશ્ય.) સરકારી જમીન ઉપર ઢોર ચરાવવાનો વેરો.

માખલ—માંખલ= (સં. મૃક્ષ=એકઠું કરવું+ખલ=ખળું.) ખળાવાડ.

માજી (આ.) આગળ થયેલો. જેમ—માજી કામદાર સાહેબ. (કામદાર સાહેબ હયાત હોય તો માજી, નહિતો મરહૂમ

શબ્દ લગાડવો.)

માજીસ્ટ્રેટ (ઇં.) ફોજદારી કામનો ઇન્સાફ આપનાર ન્યાયાધીશ.

માથાની જમીન (સં.+ફા.) નોકરી બજાવતાં મરણુ નીપજ્યું હોય તેને માટે તેના વારસને અપાયલી જમીન.

માપલા= ખળાવાડ ભરતી અગર તોળતી વખતે દેવ મંદિરનું ધર્માદા અલાવન્સ.

માપલાં=કારીગર, વસવાયાં વગેરેને બાર માસે જે ઉચક દાણા અપાય છે તે.

માપું (સં. મા=માપવું.) દાણા ઉપરનો એક જાતનો કર.

માફક (આ. મુવાફિક.) બરાબર થવું, બંધ બેસતું આવવું; જેવું.

મામલતદાર (આ. ફા.) વહીવટદાર, તાલુકાનો મુખ્ય રેવિન્યુ અધિકારી.

મામૂર (આ.) સ્થાપિત. જેમ–મામૂરી ચાલ પ્રમાણે ઇનામ આપજો.

મામૂલ (આ.) રીવાજ, ચાલ,

મારફત (આ. મઅરિફત.) વતી, વડે, થી; જ્ઞાન.

માલમતા (આ. માલોમિતા–મુતા.) સરસામાન અને પુંજી.

માલેક (આ. માલિક.) ધણી, કબજો ધરાવનાર. જેમ–માલિક મુલ્કે કચ્છ.

માસલા (આ.) નમુનો.

માહ (ફા.) ચંદ્ર, મહિનો. જેમ–માહે જાન્યુઆરી સન ૧૯૧૧.

માહુતાબ (ફા.) ચંદ્ર. દસ્કાઓમાં આ શબ્દ જોવામાં આવે છે.

માહવાર (ફા.) દર મહિને.

માહિતગાર (આ. માહિર.) જાણીતો, વાકેફગાર.

માહી (ફા.) માછલું.

મા. = માંડે, મહેનો, વાણીઆમાં એ ઓડક છે.

માંડવી (સં. મંડપ.) શહેરમાં જ્યાં જકાત—દાણ ચૂકવવામાં આવે છે તે; એ દાણનો જે ઇજારદાર તે માંડવીઓ.

મિજાજ (આ.) પ્રકૃતિ, તબીઅત.

મિતિ (સં.) તારીખ, તિથિ.

મિનિસ્ટીરિયલ ઑફિસર (ઇં.) જે અમલદારનું કામ સજા કરવાનું કે ન્યાય આપવાનું કે બજાવણી કરવાનું ન હોય તે. જેમ—રેજીસ્ટ્રાર, એકાઉન્ટન્ટ અથવા કોઇ પણ ક્લાર્ક કે શિરસ્તેદાર એ મિનિસ્ટીરિયલ ઑફિસર છે, પણ ફોજદાર, નિશાળનો મહેતાજી કે તેહેસીલદાર એ મિનિસ્ટીરિયલ ઑફિસર નથી.

મિલિટરી (ઇં.) લશ્કરી. મિલિટરી સ્ટેશન=લશ્કરી થાણું. જેમ—રાજકોટમાં મિલિટરી અને સિવિલ સ્ટેશન છે, પણ વઢવાણમાં માત્ર સિવિલ સ્ટેશન છે.

મિલકત (આ. મિલ્ક.) માલ, સરસામાન, જાગીર, પુંજી.

મિસ (ઇં.) કુંવારી સ્ત્રી, કુંવારી બાઇને આ વિશેષણ લગાડવામાં આવે છે, જેમ—મિસ સ્પેન્સર.

મિસિસ (ઇં.) મિસ્ટ્રેસ, પરણેલી સ્ત્રી, શેઠાણી, બાઇ સાહેબ. પરણેલી સ્ત્રીને આ વિશેષણ લગાડવામાં આવે છે. જેમ—મિસિસ ફ્રેન્શા.

મિસ્ટર (ઇં.) ભાઇ શ્રી, શેઠજી. જેમ–મિસ્ટર ઇબ્રાહીમ, મિ. ઓડોનેલ. ગમે તે ગૃહસ્થના નામની પહેલાં માનની ખાતર અંગ્રેજીમાં મિસ્ટર મૂકવામાં આવે છે, તેનું બહુ વચન મેશર્સ. જેમ–મેશર્સ કેમ્પ એન્ડ કો. તેથી વધારે માન આપવું હોય તો એસ્કવાયર શબ્દ નામની પાછળ લખવામાં આવે છે. જેમ સી. મેઇન એસ્કવાયર, એમ. એ.

મિસ્ટ્રેસ (ઇં.) શેઠાણી, ધણીઆણી. કોઇ પણ ખાતાની ઉપરી બાઇને મિસ્ટ્રેસ કહે છે, તેની નરજાતિ માસ્ટર; સ્ત્રી શિક્ષક = સ્કૂલ મિસ્ટ્રેસ.

મીટિંગ (ઇં.) એકઠા મળવું તે, સભા.

મીર (ફા.) અમીર, લોર્ડ.

મીરઝા (ફા. મીર્ઝા.) અમીરજાદો, એક ઇલ્કાબ છે. જેમ—મીર્ઝા મહારાઓ શ્રી સર ખેંગારજી સ. બ.

મીરાસી (આ.) વંશપરંપરાની.

મુખ્તબર (આ.) માનનીય, કાયદાસર, ભરોસાદાર, એતબાર રાખવા લાયક. જેમ—તમને એ મુખ્તબર માણસો કહે તો સાચું માનજો.

મુકદમો (આ.) દાવો, કેસ.

મુકર્રર (આ.) સ્થાપિત, નીમાયલો.

મુકાણુ (સં. મોક્ષણં.) છૂટ આપવી, થોડુંક પડતું મૂકવું. જેમ-સેહેણા રૂપિયામાં મુકાણુ શું કરો છો, તે કહો તો પતાવી દઉં.

મુકાદમ—મુકરદમ (આ. મુકદ્દમ=પહેલું,આગેવાન.) ઉપરી, મુખ્ય માણસ, મજૂર વર્ગનો સુપરિ-ટેન્ડેન્ટ.

મુકાબિલ (આ.) મેળવી જવું, બરાબર છે એમ જોઇ જવું. જેમ—આ દસ્તાવેજ મુકાબિલ કરનાર મો. આણંદરાય હતા.

મુકામ (આ.) જગા, સ્ટેશન. જેમ—લજ્જાંકર મૂલશંકર, મુકામ મુંબઇ.

મુખત્યાર (આ. મુખ્તાર.) કોઇ વતી કામ કરનાર કુલ અધિકારવાળો શખ્સ.

મુખ્તેસર (આ.) ટુંકાણમાં.

મુગટ મણિ (સં.) માથાનો મુગટ, શિરતાજ, સ્ત્રી પોતાના પતિને પત્ર લખતાં આ વિશેષણ વાપરે છે.

મુચરકો (તુર્કી–મુચલ્કા.) લેખિત બાંહેધરી, જામીનગીરી.

મુજબ (આ.=મુજીબ) મળતું, પ્રમાણે. જેમ–સહુએ હુકમ મુજબ વર્તવું જોઇએ.

મુજરે—મજરે (આ.) હિસાબમાં, બાદ કરીને હિસાબમાં વાળવું તે.

મુતવલ્લી (આ.) ધર્મદાનના ફંડની વ્યવસ્થા કરી તે ઉપર દેખરેખ રાખનાર–સાચવનાર. જેમ-મુંબઇની જુમા મસીદના મુતવલ્લી હાજી સિદ્દીક હતા.

મુતસદ્દી (આ.) કારકૂન, મહેતો, મેહેસૂલી વહીવટદાર. ગુજરાતીમાં મુસદી બોલે છે.

મુતાલીક (તુર્કી.) રક્ષક, ગાર્ડીઅન.

મુદ્દામ (આ.) ચોખ્ખી રીતે, ખાસ કરીને.

મુદ્દત (આ.) વખતનો અરસો.

મુનશી (આ.) સેક્રેટરી, અમલદાર આગળનો કારકૂન, શિક્ષક.

મુનસિફ (આ.) ન્યાયાધીશ.

મુનાસિબ (આ.) યોગ્ય, વાજબી, ઘટતું.

મુનીમ (આ.) પ્રતિનિધિ, એજન્ટ, વેપારીનો સેક્રેટરી, ગુમાસ્તો.

મુફલિસ (આ.) ગરીબ.

મુબારક (આ.) સુખી, કલ્યાણકારક. જેમ–સાલ મુબારક.

મુબારકબાદી (આ.) ધન્યવાદ, અભિનંદન, કોન્ગ્રેચ્યુલેશન્સ.

મુરબ્બી (આ.) રક્ષક, પેટ્રન.

મુલ (આ. મૌલા=ગુલામ; ઇશ્વર.) મજૂરી. મુલી=મજૂર.

મુલક (આ. મુલ્ક.) દેશ, રાજ્ય.

મુલકગીરી (આ. ફા.) દેશો જીતવા તે.

મુલક શિરસ્તો (આ. ફા.) દેશ ચાલ.

મુલાકાત (આ.) મળવું; સાથે બેશી વાતચિત કરવી.

મુલાયજો (આ. મુલાહિઝા.) મર્યાદા, વિચાર.

મુલ્કી (આ.) મુલક સંબંધી, જમાબંધીને લગતું, સિવિલ.

મુશ્ફિક (આ.) મિત્ર, મહેરબાની રાખવાવાળો. જેમ—મહેરબાન મુશ્ફિક બડા સાહેબમીઆં પીર સાહેબમીઆં.

મુસારો (આ. મુશાહિરા.) પગાર.

મુસાહિબ (આ.) સોબતી, એડ ડી કાં, રાજાની સાથે રહેનારો માણસ. જેમ—મીર અલીમહમદ ભાવનગરના કુમાર સાહેબના મુસાહેબ છે.

મુસીબત (આ. મુસીબત.) હતભાગ્ય, આપદા.

મુહસિન (આ.) લાભ કર્ત્તા, ભલું કર્ત્તા. "મુહસિનુલ મુલ્ક" એવો એક ઇલ્કાબ છે.

મુહૂર્ત (સં.) સારૂં શુકન, ટુંક વખત.

મૂઠી ચપટી (**सं. मुष्टि चपट.**) આ એક પ્રકારનો કર છે અને તે નોકર, ચાકર, વસાવાયાં, બાવા વગેરેને અપાય છે અગર તેના નામથી ખળાવાડમાંથી લેવાય છે.

મૂળ ગરાશીઆ (સં.) જમીનના મૂળ ધણી. Original proprietors of a village or a portion thereof.

મૂંછ વેરો (સં. શ્મશ્રુ=મૂછ.) મૂછાળા જુવાન પરનો વેરો, જુવાન ઉમરે પહોંચેલા પુરૂષ પર નાંખેલો વેરો.

મેઇન્ટેનન્સ (ઇં.) ભરણપોષણ.

મેખ (ફા.) ખૂંટો, ખીલો.

મેગેઝિન (ઇં.) ચોપાનીઉં; દારૂખાનું, કોઠાર.

મેજ (ફા.) ટેબલ.

મેજર (ઇં.) મોટો. જેમ—મેજર એફિસર=મોટો ખ્યાસ. લેફ્ટેનન્ટ કર્નલથી ઉતરતો અને કેપ્ટનથી ચડતો લશ્કરી દરજ્જો.

જેમ—મેજર હેન્કોક.

મેટલ (ઇં.) સડક ઉપર કાંકરી, પથરા વગેરે પૂરીને કઠણ કરવાનું કામ; સડક ઉપર પાથરવાની કાંકરી.

મેડિકલ ઑફિસર (ઇં.) દવાશાળા ખાતાનો અમલદાર.

મેનેજર (ઇં.) વ્યવસ્થાપક, કામદાર. જેમ—કંપનીનો મેનેજર, સ્ટેટ કે તાલુકાનો મેનેજર.

મેમો (મેમોરેન્ડમ) (ઇં.) યાદી; ઉપરી અમલદાર ઘણું કરીને પોતાના હાથ નીચેનાને મેમો લખે છે.

મેમ્બર (ઇં.) સભાસદ.

મેલણું (દેશ્ય.) રાજ્યવંશમાંના કોઇના મૃત્યુને લીધે તેના કારજ સારૂ લોકો પાસેથી જે વેરો લેવામાં આવે છે તે; મોછાણી, ભાતી.

મેલો (દેશ્ય.) મરણ બાબતનો કાગળ.

મેહેતર (ફા. મિહતરી=મોટાઇ, શ્રેષ્ઠતા.) આગેવાન સરદાર, પંચ, પટેલ, ઢેડ લોકોનો પટેલ; કોઇ પણ ઢેડને માનની ખાતર મેહેતર કહીને બોલાવે છે. મહેતરાઇ=ઢેડની પટલાઇ.

મેહેમાની (ફા. મિહમાની.) પરોણા ચાકરી.

મેહેલો (આ. મહલ્લા.) શેરી, શહેરનો કોઈ ભાગ—લ-તો.

મેહેસૂલ (આ.) જકાત, જમીનની ગણોતની ઊપજ.

મેળ (સં. મિલ્=મેળવવું ઉપરથી.) હિસાબ, નામું.

મેંઢારો=રાજ ભાગ તથા ખેડુ ભાગ મળી મજમું ઢગલો, જેમાંથી વસવાયાં, ધર્માદા વગેરે જે માપલાં કાઢી આપવામાં

આવે છે તે.

મૈયિત—મઇયત (આ.) મરી ગયેલો, મુડદું, લાશ.

મોકૂફ (આ.) ઢીલમાં પાડેલું, ચાલતો ધારો બંધ પાડેલો, મુલતવી રાખેલું.

મોછાણી=જુઓ મેલણું, ભાતી.

મોજણી (આ.) માપણી, સર્વેઇંગ.

મોજૂદ (આ.) હાજર, તૈયાર.

મોજે (ફા. મોઝા.) ગામ. જેમ—મોજે કાંકચ; મોજે સર્ખેજ.

મોટપ (સં. મહત્.) જમીનના ભાગ વહેંચવામાં મોટા કુંવરને જે વધારે જમીન કે ભાગ મળે તે.

મોટલી (મરાઠી–મોટ=ગાંસડી.) ખળાવાડમાંથી દરબારી કોઠારમાં દાણા લઇ જવાના ખરચ બાબતનો કર.

મોટલીઓ (મરાઠી–મોટ=ગાંસડી.) દાણા ઉપાડનાર મજૂર. મોટલો=૪ મણ, તે ઉપરથી મોટલીઓ.

મોડેલ (ઇં.)નમુનો. જેમ—મોડેલ સ્કૂલ, મોડેલ બિલ્ડિંગ.

મોદી (દેશ્ય.) સીધું સામાન વેચનાર વેપારી.

મોનિટર (ઇં.) વડો નિશાળિયો ; થોડો વખત ભણનાર અને થોડો વખત ભણાવનાર એવો નિશાળિયો.

મોફ્યુસિલ (આ. મુફસ્સિલ= જૂદું ગણાતું, વિગતવાર.) બહારના, પરગામના, આ શબ્દ અંગ્રેજીમાં વપરાય છે.

મોબદલ (આ.) એકને નામેથી બીજા નામે ચઢાવવું તે.

મોભમ (આ.) શંકાશીળ, છાનું, ગુપ્ત.

મોરી=એક પ્રકારની બંદર ઉપરની લાગત છે.

મોલ (સં. મૂલ્=ઉભા રહેવું.) ઉભો પાક.

મોસમ (આ.) ઋતુ, વખત.

મોસલ (આ. મુહસ્સિલ.) જપ્તીદાર, નાજર; જ્યારે કોઇ દેણદાર હુકમ નામા પ્રમાણે પોતાનું દેવું અદા ન કરે ત્યારે કોર્ટ તે ઉપર મોસલી સીપાઇ મોકલે છે અને તે સીપાઇનું ઠરાવેલું ખર્ચ પેલા દેણદાર ઉપર ચઢયા કરે છે ; હાલ આ રિવાજ નથી, પણ કેટલેક ઠેકાણે કોર્ટ મોસલી બાબતનો હુકમ લખે છે, એટલે દેણદાર ઉપર ઠરાવેલું મોસલી ખર્ચ ચઢયા કરે છે. જવાબ રજુ કરવા કે બીજા કોઇ પણ કારણસર મોસલ થઇ શકે છે. મોસલ એ એક પ્રકારનો દંડ છે.

મોસૂફ (આ.) વખણાયલો, આગળ વર્ણવેલો. જેમ આ હકીકત સાહેબ મોસૂફને રોશન થાય.

મોહોર (ફા. મુહ્ર.) સીલ, છાપ, સોનાનો સિક્કો.

મૌલવી (આ.) વિદ્વાન પુરૂષ.

મ્યુનિસિપેલિટી (ઇ.) શહેર સુધારા ખાતું. એ ખાતાનો ઉપરી અમલદાર તે મ્યુનિસિપલ કમિસ્નર, મ્યુનિસિપલ સેક્રેટરી.

યતીમ (આ.) માબાપ વગરનું બાળક, ઓર્ફન.

યથાયોગ્ય (સં.) ઘટિત, પત્રમાં સલામ લખવાની એક રીત છે.

યાદી (ફા. યાદ.) મેમો; સરકારી બરોબરીઆ ઓફીસરો એક બીજાને જે સરકારી કાગળ લખે તેને યાદી કહે છે. (ફા. યાદ=સ્મરણ, તે ઉપરથી યાદી.)

યુનિવર્સિટી (ઇ.) પાઠશાળા, મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલય.

યુરેઝિયન (ઇ.) જેનો બાપ યુરોપનો અને મા એશિયાની અથવા બાપ એશિયાનો અને મા યુરોપની હોય તે. (યુરોપિયન અને એશિયન મળીને યુરેઝિયન.)

રઇસે હાલતે જમ્હુર (આ.) પ્રજા સત્તાક રાજ્યનો પ્રમુખ-પ્રેસિડેન્ટ.

રખેસર (સં.) ભંગીઓ, ઝાડુ કહાડનાર, રખો. (આ શબ્દ કાઠિયાવાડમાં વપરાય છે.)

રખોપીઓ (સં.) ઉભેલા માલનો ચોકીદાર. એવા ચોકીદારના કામને તથા મજૂરી મળે તેને રખોપું કહે છે.

રજામંદી (આ. ફા.) મંજૂરી, ખુશી, સંતોષ.

રજુ (આ. રૂજુ=સંબંધ બતાવવો, પાછું ફેરવવું.) હાજરી, સબંધ કરવો તે, પાછું ફેરવવું તે.

રજુઆત (આ.) રજુ કરવું તે, ચુકાદો કરવાને મોકલવું તે, તપાસ, મુકાબલો.

રણવટીઉં (સં. રણ=લડાઇ+વૃત્તિ=ગુજરાનનું સાધન.) લડાઇમાં મરી ગયેલાના કુટુંબને આપેલી જમીન-ગરાસ.

રદ (આ.) નકામું, પાછું ખેંચી લેવું તે.

રવિ (આ. રબિઅ=વસંત ઋતુ.) શીયાળાનો પાક, જે પાક વસંત ઋતુમાં તૈયાર થાય છે તે. જેમ-ખરીફ પાક અને રવિનો પાક.

રસમ (આ.) રીવાજ, ચાલ, ધારો.

રસાલદાર (આ. ફા. રિસાલેદાર.) ૬૨૫ ઘોડેસ્વાર લશ્ક-

રનો ઉપરી અમલદાર, તે દેશી હોય છે; તેને રિસાલદાર મેજર પણ કહે છે.

રસાલો (આ. રિસાલા.) ૬૨૫ ઘોડે સ્વારનું લશ્કર. (રિસાલા=ગ્રંથ, એવો અર્થ પણ થાય છે.)

રસીઆ ગોળ (સં. રસ+ગુડ.) મસાલો નાંખી તૈયાર કરાવેલો ગોળ.

રસીદ (ઇ. રિસીટ.) પહોંચ, પાવતી.

રાખોડી (સં.) સોનીની રાખ સાફ કરી તેમાંથી સોનું રૂપું કહાડવાનો ઇજારો.

રાખ્યા-રાખ્યાવાળા (સં.) હુંડી રાખનાર, લખાવનાર.

રાગ (સં. રાજ્=ભૂષિત કરવું, શણગારવું. ફા. રાસ્ત=બરોબર, ખરૂં.) સુધારવું, જમીનમાં ખાતર પુંજો નાંખી નીંદીને તેને સુધારવી તે.

રાજકદૈવક (સં.) આસમાની સુલતાની, રાજા અથવા ઇશ્વર તરફથી કંઇ આફત આવે તે.

રાજભાગ (સં.) જમીનની ઉપજમાંથી ગરાસીઆનો ભાગ.

રાજમાન રાજેશ્રી (સં.)રાજાએ જેને માન આપ્યું છે અને રાજ્યમાં જે શોભી રહ્યો છે એવો; દેશી રાજ્યોમાં મોટા અમલદારને આ વિશેષણ લગાડવામાં આવે છે અને ટુંકામાં રા. રા. લખાય છે. જેમ રા. રા. મહાશંકર જીઆઇ.

રીપોર્ટ (ઇ.) હકીકત જાહેર કરવી તે.

રીસ્પોન્ડન્ટ (ઇ.) અપીલમાં જવાબ દેનાર, અપીલમાં પ્રતિવાદી.

રૂઆબ-રોફ (આ. રુઅ્બ=બીક.) બીક, ભભકો.

રૂખસત (આ. રુખ્સત.) રજા, પાછા જવાની રજા. જેમ-સાહેબ મને હવે રૂખસત આપો.

રૂકો (આ. રુક્આ=ચીઠી, નાનો કાગળ.) સનદ, સરકારે કરી આપેલો હુકમ-લેખ.

રૂશ્વત (આ. રિશ્વત.) લાંચ.

રૂએ (ફા. રૂ=હેતુ, ચેહેરો.) મારફત, વતી, આધારથી.

રૂબરૂ (ફા.) મોઢામોઢ, સામસામે.

રૂલિંગ (ઇં.) જડ્જ કે કોર્ટનો મોઢે કરેલો ઠરાવ. સરકારે મન્જૂર કરેલા કાયદાની બહારની બાબતો કોર્ટે પોતની મુન્સફી પરથી ઠરાવેલી હોય તે.

રોશનાઇ (ફા.) શાહી, પ્રકાશ.

રેકમેન્ડ (ઇં.) ભલામણ.

રેજગી માંડવી (ફા. રેઝા=રજકણ, કટકા.) મેવો, લીલોતરી, શાક વગેરે ઉપરની પરચુરણ જકાત.

રેજીમેન્ટ (ઇં.) પલટન; ૮૦૦ થી ૧૦૦૦ માણસના લશ્કરનો જમાવ.

રેજીસ્ટર (ઇં.) યાદી, નોંધ, નામવારી ટીપ.

રેજીસ્ટ્રાર (ઇં.) નોંધ રાખનાર, રેજીસ્ટર રાખનાર. જેમ યુનિવર્સિટી રેજીસ્ટ્રાર, હાઇકોર્ટનો રેજીસ્ટ્રાર.

રેજે (ફા. રીઝા=કકડો.) પરચુરણ, છૂટક. જેમ અમે રેજે વેચાણ કરતા નથી, પણ સામટો માલ વેચીએ છીએ.

રેફરન્સ (ઇં.) લવાદી, પતવણી; અપીલ, સૂચના.

સંબંધ દર્શાવવો તે.

રેલ્વે ગુડ્ઝ (ઇં.) આગગાડી ઉપર બંગાળી ૦ા. મણથી વધારે માલ ચડાવીએ તો તે રેલવે ગુડ્ઝથી જાય છે. રેલ્વે પાર્સલ જે મેલમાંજ ઉપડે છે તે વહેલું પહોંચે છે, પણ રેલ્વે ગુડ્ઝને પહોંચતાં ઘણો વખત લાગે છે. રેલ્વે પાર્સલ કરતાં રેલ્વે ગુડ્ઝનું નૂર ઘણું ઓછું હોય છે.

રેવિન્યુ (ઇં.) મેહેસુલ.

રેવિન્યુ દંડ (ઇં.+સં.) આગાવાડમાંથી કોઇ ખેડુત જોગ ભાગથી અથવા જે ચોરી કરે તે ઉપરનો દંડ.

રેસ જ્યુડિકેટા (લાટિન.) જે દાવો કે કેસ ફેંસલ થઇ ગયો છે તે.

રેસીડેન્ટ (ઇં.) નિવાસી. પરરાજ્યમાં ગવરનર જનરલ તરફથી મોકલેલો એજંટ. જેમ વડોદરાના રેસિડેન્ટ કર્નલ મોન્ટ ગોમરી.

રૈયત (અ.) પ્રજા, ખેડુત વર્ગ.

રોનક (અ.) ભભકો, સૌંદર્ય, ઝાકઝમાળ.

રોશન (ફા.) જાહેર, પ્રકાશિત.

રોયલ (ઇં.) બાદશાહી.

લખત (સં.) લેખ, લખેલો કરાર.

લખણી=ભાટને આપેલું દાન.

લણણી (સં.) કાપણી.

લવાજમ (અ. લવાઝિમ.) ફી, જરૂરની વસ્તુ–સામાન.

લવાદ (અ.) પંચ.

લાઇબલ (ઇં.) આબરૂને નુકશાન પહોંચે એવું લખાણ: કોઇ પણ જાહેરનામું, સર્ટિફિકેટ કે એવું કાંઇ છુંકું લખાણ.

લાગ (સં.) હક, વેરો.

લાગવી=હક; કારીગર, ગામ ગોર, ઇત્યાદિનો લાગ.

લાઢીઓ વેરો (સં.) કપાસ લોઢવાના ચરખા ઉપરનો વેરો.

લાદી-લાધી= એક ઘોડો ઉપાડી શકે એટલું ઘાસ કે બીજું વજન.

લાયબ્રરી (ઇં.) પુસ્તકશાળા.

લાવણી પત્રક (સં.) ખેડમાં આવેલાં ખેતરોનું પત્રક.

લાસ્ટ પે સર્ટિફિકેટ (ઇં. લાસ્ટ=છેલ્લો+પે=પગાર+સર્ટિફિકેટ=ખાત્રીપત્ર.) સરકારી નોકરને અમુક જગોએ છેલ્લો પગાર ક્યાં સુધી આપવામાં આવ્યો તેનું સર્ટિફિકેટ. (જ્યાં પહેલી નોકરી હોય ત્યાંનો ઉપરી લાસ્ટ પે સર્ટિફિકેટ આપે એટલે નવી નોકરીનો પગાર લેઇ શકાય.)

લિએન (ઇં.) હક, મિલ્કતને લગતાં નાણાં જ્યાં સુધી વસૂલ ન થાય ત્યાં સુધી તે અટકાવી રાખવાનો હક. (મેં મારી જગા ઉપર લિએન રખાવ્યો છે=મેં મારી જગા ઉપર હક રખાવ્યો છે.)

લિકિવડેટર (ઇં.) ફડચો કરનાર; કોઇ પણ કંપની કે આસામી દેવાળું કાઢે તો તેના દેવા તથા લેહેણા બાબતના દાવાનો બચાવ કરી કંપનીનું કામ માંડી વાળવા નીમાયલો માણસ.

લિફાફો (આ.) પરબીડિયું, કાગળનું કવર.

લિબરલ (ઇં.) ઉદાર; પાર્લામેન્ટમાં જે સભાસદો નવું નવું કરે છે અને જૂનાને વળગી રહેવાનો મત ધરાવતા નથી તે, એથી ઉલટા તે કોન્ઝર્વેટિવ.

લિસ્ટ (ઇં.) ટીપ, યાદી.

લી. (સં.) લખીતંગનું ટુંકું રૂપ, લખી આપનાર.

લીવ. (ઇં.) રજા.

લીસ (ઇં.) સ્થાવર મિલ્કત ભાડે રાખવાનો પટો, ભાડા ચીઠી, ગણોતનામું.

લેખ (સં.) દસ્તાવેજ; કબુલાત આપ્યાનું કંઇ પણ લખાણ.

લેફ્ટેનન્ટ (ઇં.) લશ્કરમાં કોઇથી ઉતરતા દરજ્જાનો અમલદાર; પ્રતિનિધિ; જેમ—લેફ્ટેનન્ટ ગવર્નર, લેફ્ટેનન્ટ કર્નલ. પોતાના ઉપરીની ગેરહાજરીમાં તેનો ચાર્જ લઇ શકે એવો કમિશન્ડ અમલદાર; કર્નલની ગેરહાજરીમાં લેફ્ટેનન્ટ કર્નલ અને જનરલની ગેરહાજરીમાં તેનો લેફ્ટેનન્ટ જનરલ ચાર્જ લેઇ શકે.

લેસન્સ (ઇ. લાઇસેન્સ.) સરકારમાં કર ભરીને કોઇ ધંધો ચલાવવાની રજા ચીઠી, ધંધા ઉપરનો કર.

લોઅર (ઇં.) હલકું, ઉતરતું. જેમ--લોઅર ગ્રેડની પરીક્ષા.

લોકલ (ઇં.) સ્થાનિક; હિંદુસ્તાનની બાદશાહી ઉપજને લગતું નહિ તે. જેમ—લોકલ બોર્ડ, લોકલ ફંડ.

લો કાસ્ટ (ઇં.) નીચ વર્ણ, હલકી જાત.

લોગ બુક (ઇં.) જે ચોપડામાં રોજ કામ નોંધી

રાખવામાં આવે છે તે. કેટલેક ઠેકાણે સ્કૂલોમાં લોગબુક નોંધવાનો રીવાજ છે. તેમાં રોજનો ચાલેલો અભ્યાસ નોંધી રાખવામાં આવે છે; રોજનીશી; મુસાફરીમાં જે જે બનાવ બને તે નોંધવા માટે આગબોટવાળાને લોગબુક રાખવી પડે છે.

વક (આ. વક્.) ટકાઉપણું, ભાર, ચીકાશ. જેમ—આ લુગડામાં કશો વક નથી.

વકી (આ.) સંભવ, આશા. જેમ—તેઓ મેચ જીતીને આવશે, એવી વકી રહે છે.

વકીલ (આ.) પ્રતિનિધિ, કાયદા જાણનારો સનદી માણસ; ની વતી કામ કરનાર—ચલાવનાર.

વખાર (દેશ્ય) માલ ભરી મૂકવાની જગા.

વણીઆત=પરગામનો માણસ આપણા ગામમાં માલ વેચવા કે ખરીદવા આવ્યો હોય તે.

વજીફદાર (આ. ફા.) જાગીરદાર, ગરાશીઓ.

વજીફો (આ.) ભરણપોષણને માટે મળેલી જમીન; નાની જાગીર; કંઇ પણ ગુજરાનનું સાધન.

વજીર (આ.) પ્રધાન.

વજે (આ.)ખેતીની ઉપજનો રાજભાગ; જે માલની ઉપજ થઇ હોય તે જ માલ જેમાં લેવો તે વજે ભાગ.

વજે વળતીઉ (આ. સં.) ઉપજ દેવામાં ભરાય તે. જેમ-કોઇ ગરાશીઆએ પોતાની જાગીર વજે વળતીઆના કરારથી રૂા. ૧૦૦૦૦ માટે આપણને સોંપી, તો રૂા. ૧૦૦૦૦) ઉપર આપણું ઠરાવેલું વ્યાજ ચઢતું જાય અને બાર માસે

જાગીરની જે ઉપજ આવે તે પેલા ગરાશીઆના ખાતામાં આપણે જમા લેતા જઈએ, એવી રીતે જ્યારે બધી રકમ વળી રહે ત્યારે પેલો ગરાશીઓ પોતાનો ગરાશ કબજામાં લે.

વટાંતર = ગીરો લીધેલી મિલ્કત, તેમાં નાણાંવાળો વ્યાજને બદલે જમીનની ઉપજ ખાય છે. દેણદાર જ્યારે મુદલ રકમ ભરે ત્યારે તેનો કબજો તેને પાછો સોંપવામાં આવે છે.

વડીલોપાર્જીત (સં. વડીલ=બાપદાદા+ઉપ=પાસેથી+અર્જીત=કમાવેલી.) બાપદાદાની મેળવેલી. જેમ- વડીલોપાર્જીત મિલ્કત. સ્વોપાર્જીત= પોતાની મેળવેલી. સ્વોપાર્જીત મિલ્કતના હિસ્સા માણસ પોતાનાં છોકરાં માટે પોતાની ઇચ્છાનુસાર પાડી શકે છે, પણ વડીલોપાર્જીતમાંથી તો બધા દીકરા સરખે હિસ્સે ભાગ વહેંચી લે છે.

વણવેલા (વણ=કપાસનો છોડ,+ઝાડ+વેલા.) છોડ અને વેલા વગેરે નાનાં ઝાડ.

વણા=ઢોર ચરાવવાની રીત.

વતન (આ.) જાગીર, સ્વદેશ. વતનદાર (આ. ફા.) જાગીરદાર.

વતની (આ.) રહેવાશી.

વદી-વદ (સં.) ચાંદ્ર માસનું અંધારીઉં એટલે બીજું પખવાડીઉં.

વથાણ (સં. વ: + સ્થાન.) ગામના પાદરમાં ઢોરનાં ધણ બેસાડવાની જગા.

વડાગરૂં મીઠું (વડાગરૂં=મોટો મીઠાનો ગાંગડો) જાડા-

દાર. ભાંગવાળું બીડું જે બોરાત્રેડામાં હાલ સરકાર બનાવે છે તે.

વફા (આ.) પ્રમાણિકપણું. વફાદાર (આ. ફા.) પ્રમાણિક.

વરતણીઓ (સં. વૃત્તિ=આજીવિકા.) જુઓ પસાયતો.

વરદી (તુર્કી=વર્દી.) આપેલું, ઓર્ડર, હુકમ. જેમ—કાલે દરબાર ભરવાની મને વરદી મલી છે. મને ૫૦ રીમ કાગળ મગાવવાની વરદી મલી છે.

વરસોદીઓ (સં. વર્ષ ઉપરથી.) ચરાઇના કર તરીકે દર સાલ જે એક ઉંટ આપવો પડે તે.

વરાડ=ભાગ, હિસ્સો. જેમ—આપણને વરાડે પડતું ખરચ આપવું પડશે.

વરિષ્ઠ (સં.) શ્રેષ્ઠ. જેમ—વરિષ્ઠ કોર્ટ=ઉપલા અધિકારની કોર્ટ.

વર્ષે (સં.) વરસમાં. જેમ— સાં. ૧૯૬૭ના વર્ષે= સાં. ૧૯૬૭ ના વર્ષમાં.

વર્નાક્યુલર (ઇં.) સ્વદેશી ભાષા. જેમ—હિંદમાં ગુજરાતી, મરાઠી, બંગાળી, એ વર્નાક્યુલર ભાષાઓ છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી=ગુજરાતની સ્વદેશી ભાષા જે ગુજરાતી તેની ઉન્નતિ અર્થે સ્થપાયેલી સભા.

વલદ (આ.) દીકરો, સંતાન. જેમ—અહમદ વલદ અબ્દુલા=અહમદ તે અબદુલાનો દીકરો.

વસિયતનામું (આ) વારસામાં આપવા બાબતનો લેખ; વિલ; મૃત્યુપત્ર.

વસીલા (આ.) સાધન, આધાર. જેમ–આપ સાહેબનો અમને મોટો વસીલો છે.

વસૂલ કરવું (આ. સં.) જમા લેવું. (આ. વુસૂલ=આવી પહોંચવું તે.)

વસૂલાત (આ) જમાબંધી, મેહેસૂલ.

વહીવટદાર (સં.+ફા.) મામલતદાર, મેહેસૂલી અધિકારી, ગામ કે મુલકનો વહીવટ–કામકાજ ચલાવનાર તે વહીવટદાર.

વહીવંચા. (સં.) ચોપડો વાંચનાર; કુટુંબોની વંશાવળી તથા બનાવ લખી રાખનાર ભાટ. (વહી=ચોપડી+વંચા=વાંચનાર)

વળતર (વલ્=ગોળાકારમાં ફરવું.) ઠરાવેલા ભાવમાંથી રિવાજ મુજબ જે રકમ કાપી આપવામાં આવે છે તે; લૂટ થવાથી જેટલી કિંમતનું નુકશાન થાય તે જોખમદાર ગરાશીઓ કે રાજા ભરી આપે છે તે.

વગતે (સં.) બાદ થતે, ઓછે.

વાઇટવોશ (ઇં) ધોળવું, ભીંતે કળીચૂનો કે ખડી માટી લગાડી તે ધોળી કરવામાં આવે છે તે.

વાઇસ (ઇં.) આ શબ્દ ઉપસર્ગ તરીકે અંગ્રેજીમાં વપરાય છે; ત્યારે તેનો અર્થ મુખ્યથી ઉતરતા દરજ્જાનો એવો થાયછે; ઉપ. જેમ, વાઇસ પ્રેસિડેન્ટ, વાઇસ પ્રિન્સિપલ, વાઇસ કૉન્સલ. છૂટા શબ્દ તરીકે તેનો અર્થ, ને બદલે, કલંક, દુર્ગુણ, ભૂલ એવો થાય છે.

વાકેફ (આ. વાકિફ.) માહિતગાર, જાણીતો, હોશિયાર.

વાગ (હિંદી.) લગામ, કબજો. દસ્તાવેજમાં જેની વાગ

લખી હોય તેનો કબજો રહે છે.

વાજબી (આ. વાજીબ.) જરૂરનું, ન્યાય પુરઃસર.

વાડ (સ. વાડ=ઘેરવું તે.) શેરડીનો મોલ; પાકને નુકશાન ન થવા દેવા વાડીની આજુબાજુ કાંટા કે થોર રોપવામાં આવે છે તે.

વાડી (સં.) જે જમીનમાં નવાણના પાણીથી પાક ઉત્પન્ન થતો હોય તે. (માત્ર વરસાદના પાણીથી પાક જ્યાં થાય તે ખેતર કહેવાય.)

વાડીપડું (સં.) જે જમીન પર પાણી પાઇને મોલ તૈયાર કરવામાં આવ્યો હોય તે જમીન.

વાદી (સં. વદ્=બોલવું.) અરજદાર. (તેની અરજની સામે બચાવ કરનાર તે પ્રતિવાદી.)

વાધે (સં વૃધ્=વધવું.) વૃધે, ચઢે.

વાનગી (આ.) નમુનો.

વાપર કાંઠે (ફા. વા=પાછળ.) પશ્ચિમ કિનારાનાં બંદરોએ.

વામણી (સં.) નાંખી દેવું તે; વહાણ ઉપરથી દુઃખની વખતે માલ દરિયામાં નાંખી દેવો તે.

વારસ (આ.) મૂઆ પછી જે મિલ્કતનો ધણી થાય તે; કોઇના મરણ પછી તેની મીલ્કતનો હકદાર.

વારસનામું (આ. ફા.) વારસ ઠરાવવા બાબતનો લેખ.

વારંટ (ઇં.) કોઇને પકડવાનો અથવા માલ જપ્ત કરવાનો યોગ્ય અધીકારી તરફથી લખિત હુકમ; પ્રમાણપત્ર, રજાચીઠી.

વાલાશાન (આ. વાલા=ઉચ્ચ, પ્રખ્યાત; ફા. શાન=દરજ્જો,

પદવી.) મોટા દરજ્જાનો. જેમ—વાલાશાન મહેરબાન એજંટ ટુ ધી ગવરનર સાહેબ બહાદુર, કાઠિયાવાડ,

વાલિદ (આ.) બાપ. વાલિદા=મા.

વાલી (આ.) રક્ષક, સગીર ઉમરના બાળકની વતી બધું કામ કરનાર; ગવર્નર.

વાલીઓ=વહાણુની ઠરાવેલી કીમત.

વાલી વારસ (આ.) સંભાળ લેનાર તથા મરણુ પછી દાલતનો ભોગવટો કરનાર.

વાસ (સં. વસ્=રહેવું.) ગામનું પરૂં, ગામનો નોખો વસવાટ.

વાંટા=કર વગરની ગરાશીઆની જમીન.

વાંટીઆ=વાંટાની જમીન જેને છે એવા.

વિકાર (આ.) ભભકો. જેમ- વિકારૂલ મુલ્ક=દેશનો શણુગાર.

વિદિત (સં.) જાણુમાં આવ્યું, જાહેર, રોશન.

વિદ્યમાન (સં.) હયાત, જીવતો, સમક્ષ, હાજર. જેમ—સરકાર વિદ્યમાન= સરકારની હાજરીમાં, સરકારને. લક્ષ્મીશંકર વિદ્યમાન અમરજી, એવી સહી જ્યાં હોય ત્યાં સમજવું કે સહી કરતી વખતે લક્ષ્મીશંકરનો બાપ અમરજી હયાત હતો.

વિધવા (સં. વિ=વગર+ધવ=ધણી+આ.) રાંડીરાંડ; જે સ્ત્રીનો ધણી મરી ગયો છે તે ; જેનો ધણી જીવતો હોય તે સધવા કહેવાય.

વિરાજમાન (સં.) પ્રકાશતો, રાજદરબારમાં આબરૂદાર પદવી ધરાવતો. કાગળ લખવામાં મોટાને આ વિશેષણ લગાડે છે.

વિલ (ઇં.) વસિયત નામું; મરણ પછી પોતાની મીલ્કતની વ્યવસ્થા કરવા બાબતનો મરનાર ધણીએ લખેલો દસ્તાવેજ.

વિલાયત (આ. વિલાયેત=રાજ્ય, મુલક.) સ્વદેશ, અંગ્રેજોને માટે ઇંગ્લાંડ તેમની વિલાયત, જર્મનોને માટે જર્મની તેમની વિલાયત અને આરબોને માટે અરબસ્તાન તેમની વિલાયત. આપણે સાધારણ રીતે ઇંગ્લાંડને વિલાયત કહીએ છીએ. (વિલાયતી આરબ=અરબસ્તાનનો આરબ, મકરાણનો નહિ.)

વિલેજ (ઇં.) ગામડું, જેમ-વિલેજ પોલિસ.

વિશ્વાસઘાત (સં.) અપ્રમાણિકપણું, નિમક હરામી.

વી. = "વિદ્યમાન" નું ટુંકું રૂપ, હયાત, જીવતો. (સં. વિદ્=હોવું.)

વીઘો-વીઘું (સં.) એકરનો ત્રીજો ભાગ.

વીઘોટી (સં.) વીઘા દીઠ વજે તથા વેરા તરીકે જે રોકડ રકમ ઠરાવેલી હોય છે તે. જમીનના રસાળપણા પ્રમાણે વીઘોટી દર વીઘે રૂા. ૦॥ થી ૩ સુધી હોય છે.

વીડ-વીડી (હિંદી બીડ ઉપરથી) બીડ, ઘાસ ઉગેલી વિશાળ જમીન.

વીમો (સં.) નુકશાનથી બચાવી લેવાનો કરાર; જોખમ માથે લેવું તે. જેમ-વીમા કંપની; અમે ટપાલમાં નોટો મોકલી તેનો વીમો ઉતરાવ્યો છે. વીમાનો દર સેંકડે ૨ આનાથી ૧ રૂ. સુધી હોય છે.

વીંડા (સં. વેષ્ટ્=ઘેરવું.) ખળાવાડની આજુબાજુની વાડ.

વેકેશન (ઇં.) ખાલી કરવું તે ; અમુક અંતરે ખાતું બંધ રાખવાની રજા. જેમ મે વેકેશન.

વેક્સિનેટર (ઇં.) શીતળા કાઢનાર.

વેઠ (સં. વિષ્ટિ.) બેગાર, સરકારી કામ અર્થે વસવાયા લોક પાસેથી પરાણે કામ કરાવવામાં આવે છે તે. અગાઉ તો વેઠ બદલ કંઇ બદલો આપવામાં આવતો નહિ, પણ સરકારી રાજ્યમાં ઠરાવેલા નીરખ પ્રમાણે વેઠની મજૂરી આપવામાં આવે છે.

વેરાયતી (દેશ્ય.) જેના ઉપર વેરો લેવામાં આવે છે તે.

વેરો (દેશ્ય.) કર જે સાંતી અથવા વીઘા ઉપર લેવાય છે તે; તેથી તેને સાંતી વેરો કે વીઘોટી વેરો કહે છે. આ વેરો વીઘે રૂા. ૦ાા થી રૂા. ૩ સુધી હોય છે.

વ્યથા (સં.) દુઃખ, ઇજા.

વ્યાજુ ચીઠી (સં.) વ્યાજ આપવાના ઠરાવની ચીઠી.

શત (સં.) સો. જેમ–વ્યાજ શત એકે માસ એકે રામ આઠ લેખે ચઢે છે.

શફ્કકત (આ.) દયા, મહેરબાની, કૃપા.

શમશેર (ફા.) તલવાર. જેમ, શમશેર બહાદૂર=તલવાર બાજ. નામદાર ગાયકવાડ સરકારને એ ઇલ્કાબ છે.

શરત (આ. શર્ત.) કરાર, હોડ બકવી તે. જેમ=ઘોડાની શરત, ચાલો આપણે શરત નાંખીએ.

શરાફ (આ. શર્રાફ.) નાણાવટી, બેન્કર.

શરીફ (આ.) ઉમરાવજાદો, પ્રખ્યાત. (અંગ્રેજીમાં શેરિફ.) મોટાં શેહેરોમાં સરકાર દર વર્ષે પ્રજામાંથી કોઇ મોટા પુરૂષને તે શહેરનો શેરિફ નીમે છે. તે જેનો કોઇ વારસ ન હોય તેવા સગીરની મિલ્કત સાચવે છે અને એવાં બીજાં પ્રજાકીય કામ કરે છે. હિંદમાં ઇલાકાના મુખ્ય શહેરમાં શેરિફ નીમવામાં આવે છે. ઇંગ્લાંડ અને યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રગણાનો જે મુખ્ય ન્યાયાધીશ તેજ શેરિફ.

શરે (આ. શરા.) કાયદો, ધોરી રસ્તો, કાયદા ઉપરની ટીકા, ખુલાસો. જેમ—મુસલમાની શરેનો કાયદો.

શસ્ત્ર (સં.) હથિયાર

શા. (ફા. શાહ,) સાહુકાર, આબરૂવાળો, વાણીઆમાં ઓડક છે. જેમ–શા. પાનાચંદ ઝવેરચંદ.

શાખ–સાખ (સં.) સાક્ષી; આબરૂ, વટ.

શાખ (ફા. શાખ=ફણગો, ડાળી.) ઓડક, અવટંક.

શાદી (ફા.) લગ્ન, મોજમજા

શાન (આ. શાએન=વસ્તુ, ચીજ.) જુઓ થાળ.

શાન (ફા.) સ્થિતિ, પદવી. જેમ—સાહેબે આલીશાન=મોટી પદવી કે ભભકાવાળો.

શાસન (સં. શાસ્=શિક્ષા કરવી.) શિક્ષા, સજા.

શાહ (ફા.) રાજા,

શાહજાદા (ફા.) કુમાર સાહેબ, નવાબ કે પાદશાહનો દીકરો, સૈયદનો દીકરો.

શિકસ્ત (ફા.) હાર, પાયમાલી, ભાંગી તૂટી ગયેલું, કાગળના સળ.

શિકકા (આ.) કાગળ, પાદશાહી હુકમ.

શિક્ષણીય (સં.) જાણી જોઇને કરેલું. જેમ–શિક્ષણીય મનુષ્ય વધ=જાણી જોઇને કરેલું ખૂન.

શિરછત્ર (સં.) માથાનું ઢાંકણ. આ વિશેષણ વડીલ કે પિતાશ્રીને કાગળ લખવામાં વપરાય છે. જેમ–શિરછત્ર તીર્થસ્વરૂપ માવિત્રજી ગોવર્ધનદાસ અનુપરામ.

શિરસ્તા (ફા.) રીવાજ, પદ્ધતિ.

શિરસ્તેદાર (ફા. સર રિસ્તા=સંબંધ.) કામકાજ ચલાવવાની રીત બતાવનાર કોઇ પણ ઓફીસરને હેડકલાર્ક–મુખ્ય મુતસદ્દી.

શીઆ (આ.) મુસલમાનોમાં સુન્ની અને શીઆ એવા બે ધર્મના વિભાગ છે. ગુજરાતમાં વોરા, મોગલ, અને ખોજા એ શીઆ મજહબના છે.

શીવાય બાબત=કોઇ પણ અસાધારણ વેરો.

શેઢો (સં. ષિધ્=અટકાવવું.) ખેતરની હદ, કોઇ પણ સીમાડો.

શુભેચ્છક (સં. શુભ+ઇચ્છક.) ભલું ઇચ્છનાર. કાગળ લખવામાં મોટાને માટે આ વિશેષણ વાપરે છે.

શુભોપમા (સં. શુભ+ઉપમા.) સારી ઉપમા–ઇલકાબ–પદવી. કાગળ લખવામાં મોટાને માટે આ વિશેષણ વપરાય છે. જેમ—સર્વે શુભોપમા યોગ્ય ભાઇ ઠાકરશી કલ્યાણજી.

શુમાર (ફા.) ગણત્રી, સંખ્યા. જેમ બેશુમાર=અસંખ્ય. શુમારે=ગણત્રીમાં, આશરે.

શેખ (આ.) મોટો, મુખ્ય, આગેવાન. મુસલમાનોમાં ૪ મુખ્ય જાતો છે; સૈયદ, શેખ, મોગલ અને પઠાણ. કોઇ પણ આબરૂદાર ગૃહસ્થને પણ શેખ કહીને બોલાવવામાં આવે છે.

શેડયુલ (ઈં.) પરિશિષ્ટ, નોંધ પત્રક.

શેર હોલ્ડર (ઇં. શેર = ભાગ+હોલ્ડર = રાખનાર.) કોઇ વેપારી કંપનીનો ભાગદાર, કોઇ પણ કંપનીનો શેર ધરાવનાર.

શેહેનશાહ (ફા.) રાજાઓનો રાજા; પાદશાહ.

શોખ (આ. શઓક) ઇચ્છા; આતુરતા.

શ્રી (સં.) શોભાયમાન, લક્ષ્મી.

શ્રીકાર (સં.) સરસ, ઉત્તમ પ્રકાર.

શ્રી ગણેશાય નમઃ (સં.) શ્રી ગણપતિને નમસ્કાર.

શ્રીમત્ (સં.) સુખ સંપત્તિવાળો, પ્રખ્યાત. પત્ર લખવામાં મોટાને આ વિશેષણ લગાડાય. શ્રીમત્‌ને બદલે શ્રીમંત લખે છે. જેમ, શ્રીમંત સરકાર સેના ખાસ ખેલ શમશેર બહાદુર=મહા ભવ્ય સરકાર ખાસ લશ્કરના ટેકા રૂપ ને તલવાર બાજ.

શ્રીમતી (સં.) શ્રીમત્‌ની નારી જાતિ શ્રીમતી. આ વિશેષણ સ્ત્રીઓને લખાય છે; ધનવાન, સારી બુદ્ધિવાળી સ્ત્રી.

સગીર (આ.) નાનો, સગીર ઉમરનો = નાની વયનો, માઇનર. જેમ– સચીનના કુમાર સાહેબ સગીર હોવાથી સરકારે મેનેજમેન્ટ કર્યું હતું.

સજા (ફા.)શિક્ષા, દુઃખ, ઇજા. કેદ. જેમ–પુંજા કાળીને બે માસની સજા થઇ છે, ગુન્હેગાર બંદાને ખુદા સજા કર્યા વગર નહિ રહે.

સતમી=માલનું ભરતીઉં, ઇન્વોઇસ, બંદરમાંથી વહાણ હંકારવાની રજા ચીઠી; વહાણમાં ચઢાવેલા માલની સાથે મોકલેલી યાદી.

સદર (આ. સદ્ર.) આગલો ભાગ, છાતી, મુખ્ય. જેમ–સદર અદાલત, સદર બજાર, સદર અમીન.

સદરહુ (આ. સદર=છાતી+હુ=ત્રી. પુ. એક વચન દર્શક પ્રત્યય.) જે ઉપર કહી ગયા છીએ તે, મજકૂર, એજ. જેમ–સદરહુ ઉમેદવાર, સદરહુ પુસ્તક.

સદાવ્રત (સં.) સાધુ સંતને આપવાનું દાન, ખળાવાડ-માંથી સાધુ સંતને માટે જે ભાગ અપાય છે તે.

સનદ (આ.) હક, રૂક્કો, બક્ષિસ; હક અથવા અધિકાર આપનારો લેખ, પટો, ખાત્રી પૂરાવો. જેમ–વકીલની સનદ, પેંઠ અને પરપેંઠમાં લખવામાં આવે છે કે સનદ બે (કે ત્રણ) મળીને અમો તમને વાર એક મજરે આપીશું.

સને (આ. સના.) વર્ષ, સાલ. જેમ–માહે ફેબ્રુઆરી સને ૧૯૧૧.

સફર (આ.) મુસાફરી, દરિયાની મુસાફરી.

સફીલમાં (આ. સફીલ=ખાઇ, શહેરને ફરતી દીવાલ.) બાજુમાં, પડોસમાં.

સફેતા=કોયલા. અમાંગલીક શબ્દોને ઉલટી રીતે બોલવા–

માં આવે છે. જેમ– ઘરમાં કોઇ કાંઇ માગવા આવે અને તે ન હોય તો તેને કહેવામાં આવે કે આજ તો વધતું છે. આંધળા હોય તેને સૂરદાસ કહેવામાં આવે છે, તેમ કોયલા કાળા છે તો તેને સફેતા કહેવાગાં આવે છે.

સબ (ઇં.) ઉતરતી પદવી બતાવનાર અંગ્રેજીમાં એક ઉપસર્ગ છે, તેનો અર્થ ઉપ=નાનું થાય છે. જેમ—સબ પોસ્ટ માસ્તર, સબ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, સબ રેજીસ્ટ્રાર.

સબડિવિઝન (ઇં.) પેટા વિભાગ.

સબસર્વિસ (ઇં.) તાબાની નોકરી, હલકા પ્રકારની કારકુનની નોકરી.

સબોર્ડિનેટ જજ (ઇં.) સબોર્ડિનેટ=તાબાનો+જજ=ન્યાયાધીશ.) એ ચાર તાલુકાની કોર્ટનો દીવાની ન્યાયાધીશ.

સબ્સીડિયરી (ઇં.) મદદગાર, સહાયકારક. જેમ–સબ્સીડિયરી ટ્રુપ્સ; એક પ્રજાનું લશ્કર બીજી પ્રજાને મદદ માટે આપેલું તે. નામદાર અંગ્રેજ સરકારને મદદ આપવા માટે દેશી રાજ્યમાં રાખવામાં આવતું લશ્કર.

સભોગી પેદાશ (સં. ફા.) જમીનની કુલ ઉપજ.

સમસ્ત (સં.) બધાં, સર્વે.

સર (ઇં.) સાહેબ, મોટા માણસની સાથે બોલવા લખવામાં સર શબ્દ વપરાય છે. નાઇટ અને બેરોનેટના નામની પહેલાં "સર" શબ્દ વાપરવો જ જોઇએ.

સર (ફા.) માથું, ટોચ. જેમ–સરકાર, સરદાર, સરનામું, સરરિશ્તા.

સરકાર (ફા.) રાજાની કચેરી, રાજાને અને મોટા પુરૂષને આ શબ્દ લગાડવામાં આવે છે. જેમ–અંગ્રેજ સરકાર, ગાયકવાડ સરકાર, સરકારે એલચી, સરકારે દૌલત.

સરદાર (ફા.) ઉપરી, આગેવાન.

સર નશીન (ફા. સર=માથું+નશીન=બેસનાર.) પ્રમુખ, વડો, મુખ્ય.

સરપંચ (ફા. સં.) પંચનો પ્રમુખ; લવાદોમાં મતભેદ પડે ત્યારે કોઇ નવો માણસ સરપંચ તરીકે નીમવામાં આવે છે તે.

સરફરાઝ (ફા.) ઉંચી પદવીવાળો.

સરભરા (ફા.) પરોણા ચાકરી, આદર સત્કાર.

સરવાયું (ફા. સં.) તારણ, વર્ષ આખરે હિસાબનું એકંદર. દેશી વેપારીઓ ખાતાવહી ઉપરથી તેને જ છેલ્લે પાને તે નોંધે છે અને સરકારી સ્કૂલ ખાતાના ગુજરાતી ચોપડામાં તે રોજમેળને પહેલે અને છેલ્લે પાને હોય છે. તે ઉપરથી સરવાયાં બે પ્રકારનાં. ૧. અવ્વલ સરવાયું ૨. આખર સરવાયું.

સરહદ (ફા. આ.) સીમા.

સરાડી છૂટનાં ખૂટાં=જે જમીન પર માલેકી તથા છુટી એ બંનેનો હક દરબારશ્રી કે સરકારનો હોય તે.

સરીઆમ (આ. સર=માથું+આમ=સામાન્ય લોક.) ધોરી, મોટા, જાહેર, દેખીતો,

સર્ક્યુલર (ઇં.) બધા ઉપર મોકલેલી સામાન્ય પાદી કે આજ્ઞા.

સર્જન (ઇં.) વૈદકની શસ્ત્ર વિદ્યા જાણનાર. જીલ્લાની મુખ્ય દવાશાળાના ઉપરી સર્જન હોય છે અને તેના હાથ નીચે

જે દેશી એલ. એમ. એન્ડ એસ. નીમાય છે, તે આસિસ્ટંટ સર્જન કહેવાય છે.

સર્ટિફિકેટ (ઇં.) ખાત્રીપત્ર.

સર્વ ગુણાલંકૃત (સં. સર્વ+ગુણ+અલંકૃત=શણગારેલો.) બધા ગુણોથી દીપતો, પત્ર લખવામાં આ વિશેષણ વપરાય છે.

સર્વિસ (ઇં.) નોકરી, ચાકરી.

સર્વિસબુક (ઇં.) જે ચોપડીમાં સરકારી નોકરની નોકરી સંબંધી સર્વે હકીકત, જેવી કે ઉમર, જાત, પગાર, હુદ્દો, તારીખ, કપાતે પગારે રજાઓ ઇત્યાદિ નોંધી લેવામાં આવે છે તે ચોપડી.

સર્વે (ઇ.) જમીનની માપણી, મોજણી, તપાસવું તે.

સર્વોપમા યોગ્ય (સં.) સઘળી ઉપમા–માનને લાયક. કાગળ લખવામાં આ શબ્દ વાપરે છે

સલાખી (સં.) લાખ સહિત, ઘરેણામાં લાખ ભરી હોય તે સહિત તોલ કરવામાં આવે તો તે સલાખું તોલ કહેવાય.

સલામ (આ.) શાંતિ, સહી સલામતી; મુસલમાન, પારસી વગેરેમાં જય જય–પ્રણામ લખવા કે કહેવાની એક રીત છે. સરકારી અમલદારોમાં એક બીજાને સલામ લખે છે.

સલામી (આ.) જે જમીન ઉપર વીઘોટી કે કર નથી, તે ઉપર જમીનદાર પાસેથી ભેટ તરીકે લેવાતી નાની સરખી વાર્ષિક રકમ. સલામી આપવી એ તાબેદારી સ્વીકાર્યાનો એક પ્રકાર છે. પોતાની જમીનના રક્ષણ બાબત જમીનદારને જે નાની સરખી વાર્ષિક રકમ સરકારમાં ભરવી પડે છે તે; તોપનું માન;

સીપાઇઓ બંદુક નમાવી જે હથિયારનું માન આપે તે.

સલાહ (આ.) સારી શિખામણ, પ્રમાણિકપણું, સમાધાન, શાંતિ. (આ. સલહ.)

સલો=ઝુંઝો; ખેતરનો પાક ઉપાડયા પછી બાકી રહેલા ગરીબોને ઉપાડવાનો ખેરો.

સલ્તનત (આ.) બાદશાહી, રાજ્ય.

સવાઇ બાબત-સવાઇ સુખડી=ગરાશીઆનો ભાગ આપતાં પહેલાં સ્ટેટ તરફથી જે $\frac{1}{4}$ ભાગ વાળી આપવામાં આવે છે તે.

સવાર (ફા.) ઘોડા ઉપર ચઢનાર-સીપાઇ.

સવારી (ફા.) રાજા અને તેની સાથેનાં માણસો; જાનવર પર બેસવું તે.

સવાલ (ફા. સૂઆલ.) પ્રશ્ન.

સહી (આ.) શુદ્ધ, ખરેખર, નકકી, કબુલાત. જેમ-મહમદ અબ્દુલાની સહી દા. પોતે.

સંવત્ (સં.) વિક્રમનો શક.

સંસ્થાન (સં.) તાલુકો, નાનું સરખું દેશી રાજ્ય, નવો વસાવેલો મુલક.

સાકર (સં.) બક્ષિસ, જમીન ગણોતે લેતી વખતે જે મોજમાં આપવું પડે તે.

સાદી ગમી (આ.) લગ્ન કે મરણ પ્રસંગ, સુખદુઃખ.

સાન ખત (આ.) લેણદેણ વખતે અવેજમાં આપેલી મિલ્કત

બાબતનો લેખ.

સાનગીરો (આ. ફા.) કબજો આપીને જમીન કે ઘર ગીરો મુકવાં તે. આમાં મૂળ રકમ તથા વ્યાજ આપીને પોતાની જમીન દેણદાર ગમે ત્યારે પાછી છોડાવવા મુખત્યાર હોય છે.

સાનમાં (આ.) અવેજમાં, સાટામાં, થાળમાં.

સાપરાધ (સં) જાણી જોઇને કરેલું; ગુન્હા ભરેલું.

સાબિત (આ.) સ્થાપિત, ચોક્સ ઠરાવેલું.

સામેલ (આ. શામિલ.) જોડાયલું, સાથે ગણેલું. જેમ— ઉમેદવારની અરજી આ સાથે સામેલ રાખી છે.

સાયર (આ. સાહર=બધું.) સામાન કે માલ ઉપરની જકાત. જેમ મણિભાઇને ૧૫૦ રૂપિયા પગાર અને સાયર ખરચ મળે છે. સાયર=ઘરનું બધું ખર્ચ એટલે સુધી મણિભાઇને મળે છે કે ઘરમાં વાપરવાનો તેનો જે માલ પરગામથી આવે તે ઉપર જકાત પણ મારી છે.

સારણ (સં.) નેહેર, નીક.

સારવા=ખેડવાની મજૂરી ; કપાસના છોડ વગેરેનાં પાંદડાં ખેતરમાં પડીને આપોઆપ વાવણીને માટે તૈયાર થઇ ગયેલી જમીન; ઉત્તમ જમીન; જેમાં હળ હાંકવું ન પડે તેવાં ખેતરો.

સાર્જન્ટ (ઇં.) કોર્પોરલની ઉપરનો નોન કમિશન્ડ લશ્કરી અમલદાર; ઉંચી પાયરીનો પોલિસ અમલદાર: પલટણમાં મોટામાં મોટો નોન કમિશન્ડ ઓફિસર તે સાર્જન્ટ મેજર.

સાર્વજનિક (સં.) બધા લોકોને લગતું, જાહેર.

સાલ (આ.) વરસ. જેમ-૧૯૧૦ ની સાલમાં લોર્ડ મિન્ટો વિલાયત ગયા.

સાલાર (આ.) મુખ્ય, આગેવાન. જેમ-સિપાહ સાલાર, સાલાર જંગ.

સાલીઆણું (ફા. સાલિયાના.) વાર્ષિક પગાર.

સાહિબ-સાહેબ (આ.) ધણી, શેઠ, માલેક. સાધારણ રીતે અંગ્રેજ લોકોને આપણે સાહેબ કહીએ છીએ.

સાહેદ (આ. શાહિદ.) સાક્ષી.

સાષ્ટાંગ (સં. સ+અષ્ટ+અંગ.) આઠે અંગ સહિત. જેમ-સાષ્ટાંગ દંડવંત પ્રણામ=આઠે અંગ લાકડીની પેઠે લાંબા કરીને-ભોંયે પડીને નમસ્કાર. આઠ અંગ તે બે હાથ, બે પગ, બે આંખો, માથું અને છાતી; અથવા પગ, પેટ, હાથ, છાતી, માથું, વાણી, મન અને આંખ.

સાંતી (સં.) ૪૦ એકર જેટલી જમીન.

સાંતી વેરો (સં.) ૪૦ એકર એટલે સાંતી દીઠ જે વેરો તે.

સાંથ (સં.) ખેતીની જમીન પરનો વેરો, ખેડવા આપવું.

સિક્કો (આ.) છાપ, મોહોર.

સિક્યુરિટી (ઇં.) જામીનગીરી.

સિગ્નલ (ઇં.) નિશાની, ઇશારત, ચિહ્ન. જેમ—વાવટાની સિગ્નલથી અરસપરસ સમજી શકાય છે, સ્ટેશને આગગાડી આવતી વખતે હાથો પાડી સિગ્નલ આપે છે.

સિગ્નલર (ઇં.) ચેતવણી કે નિશાની કરનાર, તાર માસ્તર. જેમ-આ રેલ્વેમાં સિગ્નલર છે.

સિફારસ (ફા. સિપારિશ.) ભલામણ.

સિલક (આ.) જે બાકી વધેલું તે, પુરાંત, જણસ.

સિલેખાનું (આ. ફા.) હથિયાર દારૂ ગોળો રાખવાની જગા.

સિલેદાર (આ. ફા.) હથિયાર બંધ માણસ, લડવૈયો.

સિવિલ (ઇં.) મુલ્કી.

સિવિલ પ્રોસીજર કોડ (ઇં.) દીવાની કામ ચલાવવાનો કાયદો.

સિવિલ સ્ટેશન (ઇં.) મુલ્કી થાણું. જેમ—વઢવાણ સિવિલ સ્ટેશન. તેથી ઉલટું તે મિલિટરી સ્ટેશન=લશ્કરી થાણું.

સી. આઇ. ઇ. (ઇં.) કમ્પેનિયન ઓફ ધી ઓર્ડર ઓફ ધી ઇન્ડિયન એમ્પાયર; હિંદનો સોબતી એવો એક ઇલ્કાબ છે.

સી. ઇ. (ઇં.) સિવિલ એન્જીનીઅર; મુલ્કી શિલ્પ-શાસ્ત્રી.

સી. એસ. (ઇં.) સિવિલ સર્વિસ; મુલ્કી નોકરી.

સી. એસ. આઇ. (ઇં.) કમ્પેનિયન ઓફ ધી ઓર્ડર ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડિયા; હિંદના સિતારાનો સોબતી એવો એક ઇલ્કાબ છે.

સીનિઅર (ઇં.) પહેલો, ઉમર અને હોદ્દામાં આગળ વધેલો. જેમ—મહમદભાઇ મારો સીનિયર છે.

સીપાઇ (ફા. સિપાહી.) સોલ્જર, લડવૈયો.

સીમ (સં.) ગામની હદ—સીમા; સીમા.

સીમ આપું (સં.) ગામડાની પેદાશ ઉપરનું દાણ.

સીલ (ઇં.) છાપ, મોહોર,

સીવાબંધ (સં.) જેની શીવેલી હોય એવી ને એવી; ટાંકા—ટેભા તુટેલા નહિ એવી.

સીંગોડી ("શીંગડુ" ઉપરથી) ઢોરના વેચાણ પરનો કર.

સુખડી (સં. સુખડી-સાકર તરીકે જે આપવામાં આવે તે સુખડી.) હકસાઇ, દસ્તુરી: વાડી કે ખેતરનું ભાડું; ગુમાસ્તા વગેરે નોકરને મળેલું ઇનામ. કુંવરની સુખડી=રાજાના પાટવી કુંવરને નામે લેવાતો કર. કેટલેક ઠેકાણે દરબારી કોઠારીને સુખડી આપવામાં આવે છે.

સુત (સં.) દીકરો.

સુદી-સુદ (સં. શુક્લ દિન.) ચાંદ્ર માસનું પહેલું પખવાડીઉં; અજવાળીઉં.

સુનાવણી (સં.) કોર્ટની મુકરદમાની બાબતો સાંભળવી તે.

સુન્ની (આ.) હઝરત મહમદ (સ. અ.) સાહેબના (સુન્નતના) કાયદા પ્રમાણે ચાલનાર; હઝરત મહમદ તથા તેમના ચાર ખલીફાને માનનાર. મુસલમાનોમાં સુન્ની અને શીઆ એવા બે પંથ છે. ગુજરાતમાં ખોજા અને વોરા સિવાય બીજા બધા મુસલમાનો ઘણું કરીને સુન્ની છે. ઇરાનના લોકો શીઆ છે.

સુપરિન્ટેન્ડેન્ટ (ઇં.) દેખરેખ રાખનાર. જેમ—સુપરિન્ટેન્ટેન્ટ ઓફ જેલ, સુપરિન્ટેન્ડેન્ટ ઓફ સ્કૂલ્સ—પોલિસ—પોસ્ટ ઓફિસિઝ.

સુપીરિયર (ઇં.) ઉપલા વર્ગનો, શ્રેષ્ઠ.

સુબૂત (આ.) પૂરાવાની ખાત્રી.

સુરધન (સં. શૂરધન.) શૂરો; જે રણશૂરનો પાળિયો

ઉભો કર્યો હોય અને જે પૂજાતો હોય તે.

સુલતાન (આ.) મોટો બાદશાહ, મહારાજા.

સૂડીઉં = સૂડ નામું લખવાનો ચોપડો; વેપારીઓ જે ચોપડામાં પ્રથમ ઉતાવળથી ઉધારની જમા ખર્ચી રકમો નોંધે છે તે; આ ઉપરથી પછી રોજમેળ તૈયાર થાય છે.

સૂબો (આ.) પ્રાંત; ઇલાકાનો ગવર્નર. તે ઉપરથી પાયદળ લશ્કરનો ઉપરી તે સૂબેદાર; ઘોડેસ્વાર લશ્કરનો ઉપરી તે રિસાલદાર.

સેક્રેટરી (ઇં.) મંત્રી, પ્રધાન. જેમ–મ્યુનિસિપલ સેક્રેટરી, મુંબઇ સરકારનો સેક્રેટરી.

સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા (ઇં.) ઇંગ્લાંડના શેહેનશાહ પાસે રહેતો હિંદખાતાનો પ્રધાન, તેનો પગાર વર્ષે રૂા. ૭૫૦૦૦ છે. તેની કાઉન્સિલમાં ૧૫ સભાસદો હોય છે, તે હિંદમાં મોટી પાયરીના અમલદારો જેઓ રીટાયર થયલા હોયછે તેમાંથી ચૂંટી કહાડવામાં આવે છે. તે દરેક મેમ્બરને દર વર્ષે રૂા. ૧૮૦૦૦ નો પગાર હોય છે. હિંદ માટેનું સઘળું લખાણ આ સેક્રેટરી મારફત ચાલે છે.

સેક્રેટેરીએટ (ઇં.) મંત્રી મંડળની ઓફિસ. જેમ–ગવર્નર સાહેબના સેક્રેટરીઓની ઓફિસ તે સેક્રેટેરીએટ.

સેટલમેન્ટ (ઇં.) મુકરર કરવું તે; સરકારે ૩૦ વર્ષને માટે જે જમીનનો વેરો (વીઘોટી) મુકરર કર્યો છે તે; નવી જમીન વસાવવી તથા તે બાબતના હકો ચોકસ કરી આપવા તે; ફેંસલો, વસાવવું તે. આ ખાતાના ઉપરી અધિકારીને સેટલમેન્ટ

ઑફિસર કહે છે.

સેનિટરી (ઇં.) તંદુરસ્તી સંબંધી; મુલકની આરોગ્યતા ઉપર દેખરેખ રાખવા સંબંધી. જેમ–સેનિટરી કમિશ્નર.

સેન્ટ્રલ (ઇં.) મધ્યની, મુખ્ય.

સેન્ટ્રલ ડીપો (ઇં. ફ્રેન્ચ.) મુખ્ય સ્થળની–મુખ્ય વખાર; તેના તાબાની વખારો સબ્સીડિયરી કે બ્રેંચ ડીપો કહેવાય.

સેન્સસ (ઇં.) વસ્તીની ગણત્રી, વસ્તીપત્રક જે દશ વર્ષે કરવામાં આવે છે તે. છેલ્લી સેન્સસ તા. ૧૦મી માર્ચ ૧૯૧૧ને રોજ હિંદમાં થઇ છે.

સેવિંગ (ઇં.) બચાવવું, ફાજેલ પાડવું, સિલકે રાખવું. જેમ-પોસ્ટલ સેવિંગ બેંક; આ સેવિંગ બેંકમાં વર્ષે રૂ. ૧૫૦૦ સુધી મૂકી શકાય છે, અને તેમાંથી રૂ. ૫૦૦ સુધીની રકમ જોઇએ તે વખતે ઉપાડી શકાય છે. મુંબઇ બેંક, ઇન્ડિયા બેંક, ક્રેડિટ બેંક, સ્પીરી બેંક, ઇત્યાદિમાં પણ સેવિંગ બેંકનું ખાતું ખોલવાની ગોઠવણ હોય છે અને તેનું વ્યાજ તથા થાપણ મૂકવાના ધારા જુદા જુદા હોય છે.

સેશન્સ કોર્ટ (ઇં.) મોટા ફોજદારી ગુન્હાનો ચૂકાદો આપનારી કોર્ટ.

સેસ (ઇં.) વેરો, સ્થાનિક વેરો.

સોગન્દ (ફા.) પ્રતિજ્ઞા.

સોગન નામું (ફા.) એફિડેવિટ, કોર્ટની રૂબરૂ કસમ ઉપર કાંઇ પણ કહેવું કે લખી આપવું તે.

સોદાગર (ફા.) વેપારી, ઘોડાનો વેપારી. સોદો=વેપાર,

માલ ખરીદવો વેચવો તે.

સોલિસિટર (ઇં.) બારિસ્ટરને મુકદ્દમા આણી આપનાર તથા તે તૈયાર કરી દસ્તાવેજ વગેરે લખનાર એક જાતના વકીલ, પણ તેનો દરજ્જો આપણા દેશમાં વકીલ કરતાં ચઢતો, અને બારીસ્ટર કરતાં ઉતરતો ગણાય છે.

સો વર્ષ પૂરાં થવાં (સં.) મરી જવું, દેવલોક પામવું.

સૌભાગ્ય (સં.) સારૂં નસીબ, સુખચેન. જેનો ધણી જીવતો હોય તે સ્રીને અખંડ સૈભાગ્યવતી લખાય છે.

સ્કોલર (ઇં.) પગાર લઇને ભણનાર; સ્કોલરશિપ જેને મળે છે એવો વિદ્યાર્થી; વિદ્વાન. તે મોટો સ્કોલર છે=તે મોટો વિદ્વાન છે.

સ્કોલરશિપ (ઇં.) વિદ્યાર્થી–સ્કોલરના નીર્વાહ અર્થે જે માસિક રકમ આપવામાં આવે તે; શિષ્યવૃત્તિ.

સ્ટાચ્યુટ (ઇં.) કાયદો, ધારો, ઠરાવ.

સ્ટાફ (ઇં.) ખાતાનો કામદાર વર્ગ, લશ્કરી ટુકડી.

સ્ટામ્પ (ઇં) સિક્કો, મોહોર, ટિકિટ, છાપ.

સ્ટેટ (ઇ.) રાજ્ય. જેમ પોરબંદર સ્ટેટ, વાંસદા સ્ટેટ.

સ્ટેશન (ઇં.) ઉભા રહેવાનું સ્થાન, થાણું. જેમ, રેલ્વે સ્ટેશન, સિવિલ સ્ટેશન.

સ્થાવર મિલ્કત (સં. આ.) જે મિલ્કત ખસેડી શકાય નહિ એવી. જેમ––ઘર, વાડી, ખેતર, ઝાડ, વગેરે.

સ્નેહાભિલાષી (સં.) પ્રેમની આશા રાખનાર; પત્ર લખવામાં લખનાર ધણી પોતાને આ વિશેષણ લગાડે છે.

વળી સ્નેહાંકિત, સ્નેહાધીન એવાં વિશેષણ પણ હોય છે.

સ્પેશિયલ (ઇં.) ખાસ. જેમ–સ્પેશિયલ ટ્રેન, સ્પેશિયલ આસિસ્ટંટ.

સ્મોલકોઝકોર્ટ (ઇં. સ્મોલ=નાનો+કોઝ=દાવો+કોર્ટ=અદાલત.) નાના દીવાની દાવા ચૂકવનારી કોર્ટ. સાધારણ લોકો તેને ઇસમાલ કોરટ કહે છે. એવી કોર્ટો કેટલેક ઠેકાણે રૂા. ૨૦૦ સુધી અને કેટલેક ઠેકાણે રૂ. ૫૦૦ સુધીના દાવા ચૂકવી શકેછે, આવા દાવા ટુંકમાં પતાવવા માટે જુબાનીઓ વગેરેની નોંધ લેવામાં આવતી નથી.

સ્વસ્તિ (સં.) કલ્યાણ થાઓ.

સ્વોપાર્જીત (સં. સ્વ+ઉપ+અર્જીત.) પોતાની મેળે મેળવેલી; તેથી ઉલટું તે વડીલોપાર્જીત.

સ્ક્વૉડ્રોન–સ્કોડન (ઇં.) ૧૦૦ થી ૨૦૦ માણસની ઘોડેસ્વાર લશ્કરની ટુકડી; દરિયાઇ નાનું લશ્કર જેને કંઇ ખાસ કામ સોંપ્યું હોય તે.

હક (આ.) સ્વામિત્વ, પોતાનું હોવાપણું. હકદાર (આ. ફા.) ખરો માલેક.

હકપત્રક (આ. સં.) હકની નોંધ, ખાસ કરીને ગામની સીમમાંની જમીન પરના હકની નોંધ.

હકસાઇ–હકશી (આ.) માલ વેચી આપવા કે લેઇ આપવા બદલ જે રકમ મળે તે; આડત.

હકીકત (આ.) વર્ણન, ખુલાસો, ખરી વાત. જેમ, ગયાલ દોરની હકીકતનું પત્રક.

હકૂમત (આ.) અધિકાર, સત્તા.

હજમ કરી જવું (આ. હઝમ=પચાવવું તે.) ગેરકાયદે પચાવી પાડવું; કોઇની દોલત કે માલ ગેરવાજબી રીતે લેઇ લેવાં.

હદ મજ્જૂદ (આ. હદ=મર્યાદા, સીમાડો+મહદૂદ=હદ થયેલી તે ઉપરથી મજ્જૂદ.) હદ, સીમાડો.

હદ હુદૂદ (આ. હદ=હદ, તેનું બહુવચન હુદૂદ.) સીમા, ચારે કોરના છેડા. જેમ, ઉપર મુજબ હદહુદૂદવાળી જમીન અમે અઘાટ વેચાણ આપી છે.

હફ્તો (ફા.) અઠવાડિયું, તે ઉપરથી કાંધું કે અમુક મુદતે ભરવાની રકમ.

હબૂબ—હુબૂબ (આ.) દાણા, અનાજ; ફળફળાદિ; બાબત.

હમામખાનું (આ. ફા.) ન્હાવાનું ઠેકાણું.

હમ્માલ (આ.) મજૂર, ભાર ઉપાડનાર.

હરરાજી (આ.) લીલામ.

હરામ (આ.) ગેરકાયદે.

હરામખોર (આ. ફા.) ગેર કાયદે ખાનાર; ચોર, ગુન્હેગાર, લૂટારો.

હરોલ (ફા.) પહેલાં, અગાઉ; લશ્કરનો મોખરાનો ભાગ. (ફા. હરાવલ=વેનગાર્ડ, એડવાન્સ ગાર્ડ.)

હલાલ (આ.) કાયદેસરનું; હરામથી ઉલટું તે હલાલ. જેમ-નિમકહલાલ નોકર.

હવાલદાર (આ. ફા.) પાયદળ લશ્કરમાં ૬-૮ કે ૧૨ સીપાઈઓનો અમલદાર; ગામડાનો ચોકીદાર; તળાટીના હાથ નીચેનો પટાવાળો; સાધારણ રીતે કોઇ પણ સીપાઇને હવાલદાર અને જમાદાર કહીને બોલાવવામાં આવે છે. ખળાવાડ કે ગામ ઉપર દેખરેખ માટે રાખેલો સીપાઇ.

હવાલદારી (આ. ફા.) હવાલદારનું કામ તે હવાલદારી; કેટલેક ઠેકાણે હવાલદારને કળશી દીઠ આશરે વીશ પાઉંડ લેખે ગામની ઉપજમાંથી જે આપવામાં આવે છે તે.

હવાલે (આ.) કબજે, હસ્તે.

હવાલો (આ.) કબજો, સોંપવું તે; આંટ; હુંડી, પોતાની વતી બીજાને કંઇ સોંપવાની ચીઠી.

હવેલી (આ.) રહેવાનું મોટું મકાન.

હશમત (આ.) દબદબો, ભભકો. જેમ—અસ્મત પનાહ= રાજ્યનો ભભકો ટકાવી રાખવાને સમર્થ.

હસ્તક (સં.) મારફત.

હસ્તાક્ષરે (સં.) પોતાના હાથ દસ્કતથી—અક્ષરથી.

હસ્તે (સં.) હાથે, મારફતે.

હંગામ (ફા.) વખત.

હંગામી (ફા.) વખતનું, અમુક પ્રસંગનું. જેમ—હંગામી નોકર=કાયમનો નહિ એવો નોકર; હંગામી રજા=દર વર્ષે આવતી રજા નહિ, પણ અમુક ખાસ કારણથી પડેલી રજા.

હાઇ કોર્ટ (ઇં.) ઇલાકાની મુખ્ય કોર્ટ. આ કોર્ટને દીવાની તેમજ ફોજદારી કામની કુલ હકુમત હોય છે અને ઇલાકાની

એની કોર્ટો ઉપર સત્તા ભોગવે છે.

હાજોરી=મોસલી.

હાટોડી (સં. હટ્ટ=બજાર, પીઠ, હાટ, ગુજરી.) **હાટ એટલે** દુકાન ઉપરનો વેરો.

હાથ ગરણું (સં.) લગ્ન પ્રસંગે વધાવા તરીકે **આપેલી રકમ.**

હાથગસ (સં.) માપવા અને તોળવાની ફી.

હાયર (ઇં.) ઉંચેનું, ઉપલા દરજ્જાનું.

હાલ (આ.) આબાદી, સ્થિતિ. જેમ—હવે તેના ભૂંડા હાલ છે.

હાલતે ચાલે=ચાલતી મોસમે.

હાસિલ (આ.) ઉપજ, નફો, કર.

હાસિલ કરવું (આ. સં.) મેળવવું.

હિઝ એકસેલન્સી (ઇં.) આલી જનાબ; મોટા દરજ્જાવાળો; નામદાર ગવર્નર સાહેબને હિઝ એકસેલન્સી લખવામાં આવે છે.

હિઝ મેજેસ્ટી (ઇં.) મોટા દબદબાવાળો મહારાજાધિરાજ; હિંદના શેહેનશાહ કે કોઇ પણ સ્વતંત્ર બાદશાહને હિઝ મેજેસ્ટી લખવામાં આવે છે.

હિમાયત (આ.) મદદ, રક્ષણ.

હિસ્સો (આ.) ભાગ.

હુકમ (આ.) આજ્ઞા, સજા, સત્તા, કાયદો.

હુકમ નામું (આ. ફા.) ઠરાવ પ્રમાણે રૂપિયા કે માલ **આપી દેવાની** ન્યાયાધીશની આજ્ઞા; મુકદ્દમા ઉપરનો ઠરાવ.

હુઝુર (આ. હુઝૂર.) સમક્ષ. હજૂરમાં=સેવામાં. જેમ—મહેરબાન કલેક્ટર સાહેબની હજૂરમાં.

હુજજત (આ.) દલીલ, આનાકાની કરીને હઠ પકડવી તે.

હુદ્દો (આ. ઉહ્દા.) ઓફિસ, સોંપેલું સરકારી કામ; તે ઉપરથી હોદ્દેદાર=ઓફિસર.

હુર્મત (આ.) માન, આબરૂ.

હુક (દેશ્ય) કુલ, ઉચક આંકડો.

હેડ ક્વોર્ટર (ઇં.) મુખ્ય સ્ટેશન–સ્થાન.

હેડકીઉં=મરતી વખતે દાનમાં આપેલું ખેતર—ગરાસ.

હેમ (સં.) સોનું.

હોમ ડીપાર્ટમેન્ટ (ઇં.) વિલાયતના કામકાજનું ખાતું. હોમ=સ્વદેશ, વિલાયત,+ડીપાર્ટમેંટ=ખાતું. હોમ=અંગ્રેજ લોકોનો સ્વદેશ તે ઇંગ્લાંડ. જેમ—હોમ સેક્રેટરી.

હોલી ડે (ઇં.) તેહેવારનો દિવસ.

હોશ (ફા.) સમજ, બુદ્ધિ, આત્મા. જેમ—ભયથી તેના હોશ ઉડી ગયા. હોશ ઉપરથી હોશીઆર=ડાહ્યો, સમજુ, સાવધ.

સમાપ્ત.

ધી "પરમાર" પ્રીન્ટીંગ પ્રેસ—રાજકોટ પુરા.